CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૭૪
તા.૨૯-૦૭-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૦ સૂર્યાસ્ત : ૦૭:૨૨

તાપમાન
ડીસા ૩૦.૧
અમદાવાદ ૨૯.૯
ગાંધીનગર ૩૦.૨
વડોદરા ૨૭.૬
સુરત ૨૮.૨
નલિયા ૩૦.૬

ચાંદી : ૩૮૮૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયસભા : અમિત શાહ, સ્મૃતિ, બળવંતસિહની ઉમેદવારી

## કોંગ્રેસના કુલ ૭ ધારાસભ્યોના રાજીનામા : અહેમદ પટેલની હારની શકયતા : ભાજપમાં ઉત્સાહ-વિજયનો માહોલ : કોંગ્રેસની ડેમેજ કંટ્રોલ માટે કવાયત

અમદાવાદ

રાજયસભાની ગુજરાતની બે બેઠકો માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને કેન્દ્રીય કાપડપ્રધાન સ્મૃતિ ઈરાનીએ આજે પોતાનું ઉમેદવારી ફોર્મ વિધિવત્ રીતે ભર્યું હતું. તો કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા બળવંતસિહ રાજપૂતે પણ રાજયસભાની ચૂંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે બળવંતસિંહને એહમદ પટેલની સામે ઉભા રાખ્યા છે. એકબાજુ, અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની જીત નિશ્ચિત છે તો બીજીબાજુ, કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલ પર હારનો ખતરો તોળાઈ રહ્યો છે. આ સંજોગોમાં એક તરફ ભાજપમાં ઉત્સાહ અને વિજયનો માહોલ છવાઈ રહ્યો છે તો, કોંગ્રેસમાં ઘેરી હતાશા પથરાઈ ગઈ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને કેન્દ્રીય કાપડપ્રધાન સ્મૃતિ ઈરાની આજે કેસરિયો ખેસ પહેરીને રાજયસભાની બેઠક માટે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમની સાથે રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સહિતના નેતાઓ અને ભાજપના સમર્થકો-ટેકેદારો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અમિત શાહ જો રાજયસભાની બેઠક જીતી સાંસદ બની ગયા તો, સૌપ્રથમવાર તેઓ સંસદસભ્ય તરીકે લોકસભામાં સ્થાન મેળવશે. રાજયસભાની બેઠકમાં ભાજપના આ બંને ઉમેદવારોની જીત નિશ્ચિત છે પરંતુ ગુજરાત કોંગ્રેસમાં જબરદસ્ત ભંગાણ બાદ કોંગ્રેસ માટે રાજયસભાની બેઠકની ચૂંટણી હવે ચિંતાનો વિષય બની છે.

અનુસંધાન પાના નં.૬

## દક્ષિણ-ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ : ધરમપુરમાં ૧૨ ઈંચ

અમદાવાદ

દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેતા જનજીવન ઉપર અસર થઈ છે. રાજયના ૧૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જે પૈકી ધરમપુરમાં ૧૨ ઈંચ, વઘઈમાં ૧૧ ઈંચ, કલોલ-તાપીમાં ૧૦-૧૦ ઈંચ વરસાદ થયો છે જેના કારણે વધુ વરસાદવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ રહી છે. ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજુ સુધી ૮૦૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવી ચુક્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૯૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. મૃતકોના પરિવારને છ લાખ રૂપિયા ચુકવવાની જાહેરાત પહેલાથી જ થઈ ચુકી છે. સૌથી અસરગ્રસ્ત એવા બનાસકાંઠા, પાટણ જિલ્લામાં ૩૮૨૪૧ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. ૧૨૭૯૮ લોકોને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને બચાવી લેવામાં આવ્યા છે. ૫૫૩ ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે.

## ઉત્તર ગુજરાત કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો અજ્ઞાત સ્થળે

### ઉત્તર ગુજરાતમાંથી એક ધારાસભ્ય રાજીનામું આપી શકે

ડીસા

ગુજરાતમાં રાજય સભાની ચૂંટણી તથા આવનારી વિધાનસભાની ચૂંટણીને લઈ રાજ-કારણ ગરમાયું છે. કોંગ્રેસથી નારાજ છ ધારાસભ્યોએ રાજીનામા ધર્યા છે અને તેમાંથી કેટલાકે ભાજપમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ઉત્તર ગુજરાતના રાજકારણમાં પણ ગઈકાલથી ગરમી આવી ગઈ છે. ખાસ કરીને બનાસકાંઠા અને પાટણ જીલ્લાની પ્રજા આકાશી કહેરથી ત્રસ્ત છે અને તેઓને વિસ્તારના પ્રતિનિધિઓની ખાસ જરૂર છે ત્યારે જ ઉત્તર ગુજરાતના કેટલાક કોંગ્રેસી ધારાસભ્યો સહેલ ગાહે ઉપડી ગયા હોવાનું લોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે.

જીલ્લાની પ્રજા અત્યારે પુરથી થયેલ નુકશાનની કારમી પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહી છે ત્યારે ધારાસભ્યો સહેલગાહે ઉપડી જતા લોકોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

## દાંતીવાડાના પાંસવાળ રોડ પર ભરાયેલા વરસાદી પાણીએ આધેડનો ભોગ લીધો

### પાંથાવાડા પોલોસે રેફરલમાં પી.એમ.કરાવી વધુ કાર્યવાહી હાથ ધરી



પાંથાવાડા

દાંતીવાડા તાલુકામાં પડેલા ભારે વરસાદથી ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે.જેનાથી પાંથાવાડા પાંસવાળ રોડ પર ભરાયેલા વરસાદી પાણીએ એક આધેડનો ભોગ લેતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.પાંથાવાડા પોલીસે રેફરલમાં પી.એમ.કરવી મૃતદેહને વાલી વારસાને સોંપી કાર્યવાહી હાથ ધરી હતી.

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર જીલાલમાં ઠેર ઠેર વરસાદી કહેરથી જનજીવન પ્રભાવિત થઈ ગયું છે.ત્યારે ભારે વરસાદના કારણે દાંતીવાડા તાલુકાના મુખ્ય વેપારી મથક પાંથાવાડા પવિત્ર સ્થાન ગંગેશ્વર મહાદેવ જતા રસ્તામાં પાંસવાળ ગામ નજીક વરસાદી પાણી ઘૂંટણ સમાં ભરાયેલા હોઈ ના છૂટકે પાણીમાં થઈ અવર જવર કરવી પડે છે.શુક્રવારે સવારે પાંથાવાડા ગામના રતુજી તલકાજી રાજપુત ઉ.વ.૪૭ પાંથાવાડાથી સિપુ નદી કીનારે આવેલ ગંગેશ્વર મહાદેવના મંદિરે ચાલતા ગયા હતા.અને પરત ફરતા પાંથાવાડા પાંસવાળ રોડ પર ભરાયેલા વરસાદી પાણીમાં ડૂબી જતાં લોકોએ પાંથાવાડા રેફરલમાં લાવતા ફરજ પરના તબીબ ડૉ. પિયુષ મોદીએ મૃત જાહેર કરી કરતા ટાઉન જમાદાર હેડ.કો.ફલજીભાઈ ચૌધરીએ પી.એમ.કરવી મૃતદેહને વાલી વારસાને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### તંત્રએ વરસાદી પાણીનો નિકાલ કરવો જોઈએ

હિંદુઓનો પવિત્ર માસ શ્રાવણ ચાલી રહ્યોંછે.ત્યારે ભકતો પવિત્ર ગંગેશ્વર મહાદેવના દર્શન કરવા મોટી સંખ્યામાં જતા હોય છે.ત્યારે પાંથાવાડા થી પાંસવાળ જતા રોડ પર ભરાયેલું વરસાદી પાણી બીજા કોઈનો ભોગ લે તેપેલાં તંત્ર ચેતે તો સારૂ.

## કાંકરેજ તાલુકામાં બનાસના પટ વિસ્તારમાં બચાવ કામગીરીએ ગતિ પકડી : વધુ ચાર મૃતદેહો મળ્યા...

### ફુડ પેકેટ, ભોજન, કપડાં સહિતની સામગ્રીની વહેંચણીમાં સેવાભાવી સંસ્થાઓ લોકો દ્વારા માનવતાની મ્હેંક સરકારી કેશડોલની ચૂકવણીઃ નુકશાનીના સર્વે શરૂ : પૂરનાં પાણી ઓસરતાં રાહત કેમ્પોમાંથી લોકોએ ઘર તરફ : સરકારી સહાયનું આશ્વાસન પણ સ્વજનો- ઢોર ઢાંખર ગુમાવ્યાનો રંજ...



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના બનાસ નદી પટ વિસ્તારમાં બનાસ નદીના ઘોડાપુર અને નર્મદાની નહેરના પાણીએ ખારીયા, ટોટાણા, કાટકોર, રૂની, રાણકપુર, વાલપુરા, ભદ્રેવાડી, થરા, આંબલીવાસ-ચાંગા, નાના-મોટા જામપુર સહિતના કેટલાય ગામડાઓમાં ભારે તારાજી સર્જી છે. ત્યાં ગુરુવારના દાંતીવાડા સીપુ ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હોવાના અહેવાલમાં થાળે પડતા જનજીવનમાં દોડધામ મચી જવા પામી હતી. કાંકરેજ તાલુકાના ગામડાઓમાં માનવ જાનહાનિ ઉપરાંત પશુઓ, ઘરવખરી, કૃષિપાકના કોથળા, જમીન ધોવાણનું નુકસાન મોટા પાયે થયેલ છે. કાંકરેજ તાલુકાના ટોટાણા, વાલપુરા સહિતના હજુ કેટલાક ગામડા એવા છે કે જેમનો સંપર્ક આર્મી બોટ વગર થઈ શકે તેમ નથી. સીપુ- દાંતીવાડાના પાણી છોડવામાં આવતાં નદી પટ વિસ્તારના વહેણમાં પાણીનો વધારો થયો છે. એનડીઆરએફ, એસડીઆરએફ, આર્મી પોલીસના જવાનો સતત બચાવ કામગીરીમાં જેટલા જીવ બચે તેની મથામણ આધુનિક બોટ-હેલીકોપ્ટર દ્વારા કરી રહ્યા છે. આર્મી ડૉક્ટરો બચાવેલા માનવ- પશુઓની સતત સેવા આપી રાહત કેમ્પમાં આશ્રય આપી રહ્યા છે.

સેવાભાવી સંસ્થાઓ દ્વારા સવાર- સાંજ ભોજનની વ્યવસ્થા થરા જૈન દાદાવાડી, જલારામ મંદિર, ઝાઝાવડા વાળીનાથ મંદિર સહિત કેટલાક સ્થળોએ કરવામાં આવેલ છે. મેડીકલ ફ્રી સર્વિસ પણ આપવા લોકોની દોટ લાગી છે. કુદરતી આફતમાં માનવતાની મહેક ચોતરફથી પ્રગટી રહી છે. ત્યારે કુદરત પણ હવે થાકી ને? સરકારી બાબુઓ કેશડોલને રાહત કામગીરીમાં માનવતા બતાવે તેવું લોકો ઈચ્છે છે. બાકી તો ભૂકંપ ને દેવા નાબુદી જેવું ઘણું જોયું છે.

### આર્મી ચીફ દ્વારા રાહત બચાવ કામગીરીનું નિરીક્ષણ

ગઈકાલે આર્મી લેફ.જનરલ પી.એમ.હારીજે એનડીઆરએફ, એસ.ડી.આર.એફ, આર્મી દ્વારા ચાલતી બચાવ- રાહત કામગીરીની મુલાકાત લઈ જરૂરી સુચનાઓ સાથે જવાનોની કામગીરીથી સંતોષ વ્યકત કર્યો હતો. ૯૦ થી વધુ ટીમો રાહત બચાવ કામગીરીમાં વ્યસ્ત છે. ૩૦ જેટલી મેડીકલ ટીમો માનવ અને પશુઓ જે જીવીત મળ્યા છે. તેમની સઘન સારવાર કરી રહ્યા છે.

### વધુ ચાર લાશ મળતા મૃત્યાંક ૨૯

ગઈકાલે નદી પટ વિસ્તારમાંથી ચાર મૃતદેહો મળતાં કુલ મૃત્યુ આંક ૨૯ એ પહોંચ્યો છે. મૃતકો વિરાજી નવાજી ઠાકોર ઉ.વ.૬૦ (ખારીયા), હેમાજી હરચંદજી ઠાકોર ઉ.વ.૫૦ (વાલપુરા), સતાભાઈ મણાભાઈ રાવળ ઉ.વ.૫૫ (ભદ્રેવાડી) અને મણીબેન ધારૂજી ઠાકોર ઉ.વ.૭૦ (ખારીયા) ના મૃતદેહ થરા રેફરલ ખાતે લાવી પીએમ કરી લાશોને તેમના વાલી વારસાને સોંપવામાં આવી હતી.

### ગુરુવારની રાત લોકોએ ભયના માહોલમાં પસાર કરી સવારે વરસાદ બંધ રહેતા વાતાવરણ ખુલ્લુ થતાં હાશકારો અનુભવ્યોઃ ટોટાણા સહિત હજુ કેટલાંક ગામડામાં એનડીએફની બોટ દ્વારા જ સંપર્કઃ ખાધ્ય સામગ્રી પહોંચાડવાની પણ તકલીફ

## રાધનપુર તાલુકાના ગુલાબપુરા ગામેથી ત્રણને એરલીફ્ટ કરાયા

### હેલીકોપ્ટર દ્વારા બે જણાને થરા અને એકને ડીસા હૉસ્પિટલમાં લઈ જવાયા

### બી.એસ.એફ.ના જવાનો ચોથા દિવસે દેલાણા ગામમાં પહોંચ્યા





કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના ગુલાબપુરા ગામે સીમમાં આવેલ ત્રણ જણા પુર આવ્યું ત્યારથી જ ખેતરમાં ફસાયા હતા. જેમને શુક્રવારે હેલિકોપ્ટર દ્વારા બચાવી લેવાયા હતા. દેલાણા ગામના સરપંચ રામાભાઈ આહિરના માર્ગદર્શન હેઠળ હેલિકોપ્ટર ગુલાબપુરા ગામની સીમમાં આવેલા ખેતરે ગયું હતું અને અરજણભાઈ દેવાભાઈ ઠાકોર, કાંતિભાઈ રણછોડભાઈ ઠાકોર અને જલાભાઈ દેસરભાઈ ઠાકોરને હેલીકોપ્ટરમાં ખેંચી લઈને બે જણાને થરા ખાતે ઉતરાણ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોપિટલ રવાના કર્યા હતા. જ્યારે અરજણભાઈ ઠાકોરને ઝેરી જીવજંતુ કરડ્યુ હોઈ હેલિકોપ્ટરમાં જ ડીસા દવાખાને પહોંચાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેલાણા ગામે બેભાન હાલતમાં પડેલા હિરાભાઈ અમથભાઈ આયરને પણ હેલિકોપ્ટર દ્વારા ડીસા દવાખાને ખસેડવામાં આવ્યા હતા. દેલાણાના સરપંચ રામાભાઈ આહિર હેલિકોપ્ટરમાં સાથે ગયેલા. જેઓ બે જણાને થરા દવાખાને મોકલ્યા તેમની સાથે ગયા હતા. સરપંચા રામાભાઈ આહિરના જણાવ્યા મુજબ દેલાણા ગામે ચાર દિવસે બી.એસ.એફ.ની ટીમ મદદ માટે પહોંચી હતી. અને લોકોને ફુડપેકેટ પહોંચાડ્યા હતા. પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે કોઈ આવી શકે તેમ ન હતું.

## રાધનપુર- મહેસાણા હાઈવે ઉપર રોડ સાથે બે ટ્રકો પણ બેસી ગઈ

કમલ ચક્રવર્તી



રાધનપુર મહેસાણા સ્ટેટ હાઈવે ઉપર બનાસ નદીના પુર ધસમસતા પસાર થયા હતા. જેમાં રાધનપુરથી ચાર કિલોમીટર દૂર આવેલ ચામુંડા માતાજીના મંદિર પાસે હાઈવે ઉપર બે હેવી ટ્રકો ઉભી હતી. એ સમય દરમ્યાન ધસમસતા પુરને કારણ આખો હાઈવે તણાઈ ગયો હતો. અને ગાબડુ પડ્યુ હતું. તેની સાથે સાથે બંને હેવી ટ્રકો પણ રોડ સાથે જમીનમાં બેસી જવા પામી હતી. જો કે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

CMYK

**સૂર્યોદય - ૬.૧૦ સૂર્યાસ્ત - ૭.૨૨**

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૬ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : છઠ્ઠ શનિવાર નક્ષત્ર : હસ્ત સવારે ૫.૪૦ પછી ચિત્રા યોગઃ સિદ્ધ કરણઃ ગર આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) સાંજે ૬.૨૮ પછી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.
- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### વિવેકઃ સહસંહત્યા વિનયો વિધયા સહ પ્રભુત્વં પ્રશ્રયોયેતં ચિરુમેતન મહાત્મનામ્

'સંયમની સાથે વિવેક અર્થાત્ કોણ સારું કોણ ખરાબ, સાચા- ખોટાની પરખ, વિદ્યાની સાથે વિનય અને સત્તા સાથે નમ્રતા - એ મહાનતાનાં લક્ષણ છે' કેટલાક લોકો 'તપ' તો કરે છે પછી એ તપ સામાજિક સેવાના ક્ષેત્રમાં હોય કે ધર્મ આધ્યાત્મિક ક્ષેત્રમાં હોય, સત્તા-સેવા ક્ષેત્રનું પણ હોઈ શકે, આવાં તપનું લક્ષિત પરિણામ પણ કદાચ મળે, પણ વ્યક્તિને પોતે જે 'તપ' કર્યું હોય એનું અભિમાન આવી જાય એ બરાબર નથી. સંયમ સાથે બુદ્ધિ- વિવેક, સાચું- ખોટું જાણવાની, નિર્ણય કરવાની શક્તિ આવે તે જરૂરી છે. વિદ્યા પછી એ સર્વોત્તમ ડિગ્રી હોય કે કોઈ યાંત્રિક- ટેકનિકલ જ્ઞાન પણ તેને કારણ મદ- અભિમાન સાથે ઉછૂંખલતા- ઉદ્ધતાઈ કે આવડતનું ઘમંડ ન આવવું જોઈએ. વિદ્યાની સાથે નમ્રતા- વિનય પણ હોવો જરૂરી છે.

સત્તા- પદની ગરિમા તો જ સચવાય કે એની સાથે વ્યક્તિ વિનમ્ર હોય, દરેકને વાત- વાતમાં અપમાનિત કરી ઉતારી પાડે એમાં પદનું ગૌરવ રહેતું નથી. નમ્રતા- વિનય અને ક્ષમાથી જ પદનો વૈભવ વધે છે. આવા સદ્‌ગુણ હોય એમાં જ મહાનતા સમાયેલી હોય છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.**

**કર્ક : (ડ.હ.) ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.**

**સિંહ : (મ.ટ.) લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યોનું આયોજન થાય.**

**તુલા : (ર.ત.) અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.**

**વૃશ્ચિક :(ન.ય. ) મોઢે આવેલો કોળિયો છીનવાઇ જાય. પડવા-વાગવાથી સંભાળવું.**

**ધન : (ભ.ફ.ધ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.**

**મકર : (ખ.જ.) શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.**

**કુંભ : (ગ.શ.સ.) કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**

**મીન : (દ.ચ.જ.થ.) મહત્વના પ્રશ્નમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

લાલ દાઢીવાળા ઉંચા ને અંગાર જેવા જયોર્જ બર્નાડ શોની જન્મ જયંતી છે. આ જાણીતા લેખક અને વિવેચકનો જન્મ તા. ૨૬-૭-૧૮૫૬ ના રોજ થયો હતો. માંસ, મધ, કે બીડી સુધ્ધાંને ન અડનારી આ વિશિષ્ટ વિરલ વ્યકિતએ નાટ્યલેખન ક્ષેત્રે અઢળક કીર્તિ સંપાદન કરી હતી. એમનો ટીખળી રમૂજી સ્વભાવ પણ એમના નાટકો જેટલો જ જગમશહૂર હતો.

જીવનભર એવા ને એવા સ્થિર સ્થિત ને અફર રહેલા શો એક રાષ્ટ્રીય સંસ્થા સમા દીપતા હતા. એમણે સરકાર તરફથી લોર્ડની પદવી સ્વીકારવાની પણ ના પાડેલી. આવા આ મહાન સર્જકનું ૧૯૫૦ મા ૯૪ વર્ષની વયે અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર સ્ટ્રોંગ સપોર્ટ ૯૯૬૦ પોઈન્ટ...!!!

**તા ૨૮.૦૭.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૦૩૯) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૬૦ પોઈન્ટના પ્રથમ અને ૯૯૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૦૧ પોઈન્ટ થી ૧૦૧૭૦ પોઈન્ટ , ૧૦૨૨૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) મહિન્દ્રા – મહિન્દ્રા (૧૩૯૬) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૭૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૬૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૦૯ થી રૂ.૧૪૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) એશિયન પેઈન્ટ (૧૧૫૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૭૮ થી રૂ.૧૧૮૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) ગ્લેનમાર્ક ફાર્મા (૭૨૨) :- રૂ.૭૦૯ પ્રથમ તેમજ રૂ.૬૯૦ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૪૭ થી રૂ.૭૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ડીવીસ લેબ (૬૭૬) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૬૮૯ થી રૂ.૬૯૬ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) તાતા મોતોર્સ (૪૪૭) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૨૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૬૦ થી રૂ.૪૭૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૩૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૧૬ થી રૂ.૧૬૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૬૭૪ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) રિલાયન્સ ઇન્ડ. (૧૬૦૧) :- રૂ.૧૬૧૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૫૮૭ થી રૂ.૧૫૭૦નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) લ્યુપિન લિ. (૧૦૭૦) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૯૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૦૫૭ થી રૂ.૧૦૪૪ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ઈન્ફોસીસ (૯૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૭૩ થી રૂ.૯૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૩૪ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) HCL ટેક્નોલોજી (૮૯૨) :- રૂ.૯૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૭૪ થી રૂ.૮૬૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# પાલનપુરમાં ભૂદેવો દ્વારા નવી જનોઈ ધારણ કરાઈ

### પૂનમન ચંદ્રગ્રહણ હોવાથી પાંચમે હસ્ત નક્ષત્રમાં જનોઈ બદલી


સંજય જોષી

પાલનપુર

તપોધન બ્રાહ્મણ યુવા સંગઠન દ્વારા દર વર્ષે શ્રાવણ સુદ પુનમે સામુહિક જનોઈ બદલવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવતુ હોય છે. પરંતુ આ વર્ષે પુનમના દિવસે ચંદ્રગ્રહણ હોવાથી સંગઠન દ્વારા શ્રાવણ સુદ પાંચમને હસ્ત નક્ષત્રમાં તા. ૨૮/૭/૧૭ ને શુક્રવારે સવારે ૬.૪૫ કલાકે લક્ષ્મણ ટેકરી હોલ ખાતે જનોઈ બદલવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહી શાસ્ત્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા જનોઈ બદલવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં વરુણ દેવતાના રૌદ્ર સ્વરૂપને લીધે જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાઈ છે. તે માટે વરુણદેવનું મંત્રોચ્ચાર દ્વારા આહવાન કરી વિરામ લેવા માટે પૂજા- અર્ચના પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા સંગઠનના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતે શાસ્ત્રીજીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# ભીલડી રોટરી ગ્રામ્ય સેવાદળ દ્વારા રાણકપુર ગામે મેડીકલ સેવા કેમ્પ યોજાયો



જમીલ મેમણ

ભીલડી

ભીલડી રોટરી સેવા ગ્રામ્ય દળ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે ગતરોજ કાંકરેજ તાલુકાના રાણકપુર ગામે મેડીકલ સેવા કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૩૫ થી વધુ દર્દીઓને સારવાર આપી દવા આપવામાં આવી હતી. જેનો ભીલડીના તબીબ ડો.કે.બી.પરમાર, ડો.મહેશ જોષી સરકારી હોમિયોપેથિક ડો.ભરતભાઈ પટેલે ખડેપગે સેવા આપી હતી જેમાં રોટરીના પ્રમુખ જામનદાસ મહેશ્વરી, મંત્રી અશોકભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, કમલેશભાઈ પંચાલ, ભંવરલાલે દવાઓ તથા ફુડ પેકેટનું વિતરણ કરેલ તેમજ ખારીયા મુકામે એન.ડી.આર.એફ.ની ટીમને તબીબી સેવાઓ આપેલ.

આ સેવામાં સરપંચ મહેશભાઈ મોદીએ એમ્બ્યુલન્સની સેવા તથા ડ્રાયવર મુન્નાભાઈએ સેવા આપી હતી.

# સુરતના તમામ જૈન સંઘો બનાસકાંઠાના પુર અસરગ્રસ્ત પાંચ ગામોને દત્તક લેશે

### મહારાજ સાહેબની અપીલને પગલે ગણતરીના કલાકોમાં દોઢ કરોડની રકમ એકઠી થઈ ગઈ

સુરત

બનાસકાંઠાના પુર અસરગ્રસ્તો માટે શરૂ થયેલા દાનના પ્રવાહમાં સુરત શહેરના તમામ જૈન સંઘો દ્વારા રૂા.૧.૪૮ કરોડનું દાન આપવાની જાહેરાત થઈ છે. અલગ અલગ જૈન સંઘો દ્વારા આ રૂપિયા ઉઘરાવીને સરકારના રાહત ફંડમાં આપવાના બદલે બનાસકાંઠાના પાંચ ગામો દત્તક લઈને આ ગામોમાં જાતે જઈને અસરગ્રસ્તોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કરશે. સાથે જ મકાનોનું રીપેરીંગ કામ પણ કરી આપશે. હાલમાં લાલ બંગલા જૈન સંઘ દ્વારા રૂા.૩૬ લાખ, ઉમરા જૈન સંઘ દ્વારા ૧૪ લાખ, કૈલાસનગર જૈન સંઘ દ્વારા ૪ લાખ રૂપિયા આપવાની જાહેરાત થઈ છે. બનાસકાંઠામાં આવેલ પુરના કારણે હજ્જારોની સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થયા છે. પુરના કારણે કેટલાક ગામોમાં ખુબ જ ખાના ખરાબી થઈ છે. હજુ પણ કેટલાક ગામો સંપર્ક વિહોણા છે. આવા ગામના લોકોને મદદરૂપ થવા માટે સુરત ખાતેથી સેવાનો મહાયજ્ઞ શરૂ થયો છે. યુવા ધારાસભ્ય હાર્ષ સંઘવી દ્વારા જૈન આગેવાનોને અસરગ્રસ્ત થયેલા લોકોને મદદરૂપ થવા માટેની અપીલ કરી હતી. ત્યારબાદ શહેરમાં કાર્યરત જુદા જુદા ૬૮ જેટલા જૈન સંઘના મહારાજ સાહેબે પણ જૈન સમાજના લોકોને અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટેની અપીલ કરી હતી.

### અતિ વર્ષા સામે સુરતમાં સુવર્ણ વર્ષાનો ધોધ

# પુર અસરગ્રસ્તો માટે અઠવાલાઈન્સ જૈન સંઘમાંથી અડધો કિલો સોનાનું દાન


વસંત બારોટ

સુરત

"મેઘ તાંડવ અને પૂર પ્રકોપથી પીડીત લોકોની સેવા એ ઉપકાર નથી પણ ઋણ ઉતારવાનો અવસર છે"કહીને આચાર્ય શ્રી અશોકસાગર સૂરિજી અને આચાર્ય શ્રી હેમચંદ્રસાગરસૂરિજીએ અઠવાલાઈન્સ જૈન સંઘમાં પ્રવચન દરમિયાન પૂર અસરગ્રસ્તો માટે દાનની અપીલ કરતા શ્રાવિકા બહેનોએ સોનાના આભૂષણો ધરી દીધા હતા.કુલ ૫૦૦ ગ્રામ સોનાના દાગીના દાનમાં આવ્યા હતાં.

અઠવાલાઈન્સ જૈન સંઘ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળામાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પૂ.આ શ્રી અશોકસાગર સૂરિજી તથા પૂ.આ.શ્રી હેમચંદ્રસાગર સૂરિજીની નિશ્રામાં દરરોજ સાત્વિક તાત્વિક પ્રવચનો અને વિવિધ ધાર્મિક-મંગલકારી કાર્યક્રમો થાય છે.આજે પ્રવચન દરમિયાન બંને પૂજ્યશ્રીઓએ મેઘ તાંડવ અંગે ચિંતા વ્યક્ત કરી અસરગ્રસ્તો માટે મદદની હાકલ કરી હતી.આચાર્યશ્રીના બોલ પડતાની સાથે જ દાનનો ધોધ શરૂ થયો હતો.શ્રાવિકા બહેનોએ તો પોતાના સોનાના ઘરેણાં પર ઉપકાર માટે ખુબ રાજીપા સાથે ધરી દીધા હતા.

બહેનો તરફથી દાનમાં સોનાની ૧૮ વીંટી, ચાર ચેઈન, ૬ બંગડી, ૧૦ બુટ્ટી, ૪ પેન્ડલ ગુરૂચરણે ધરી દીધા હતા. કુલ ૩૩ સોનાની ચીજવસ્તુઓનું વજન ૫૦૦ ગ્રામ જેટલું થતું હતું. આચાર્યશ્રીઓએ દાનમાં આવેલા આ ઘરેણાંઓ ઉપર વાસક્ષેપ કર્યો હતો. ચાતુર્માસમાં ત્યાગ, તપ અને દાનના મહીમાને અહીં સાક્ષાત સ્વરૂપ જોવા મળ્યું હતું. ઘરેણાં ઉપરાંત અન્ય એકત્ર થયેલી રકમ કલેકટર મારફતે જરૂરતમંદો સુધી પહોંચાડાશે.

# મહાવીરનગર જૈન સંઘના યુવાનો પૂરગ્રસ્ત લોકોની સહાયમાં જોતરાયા

### ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, આ છે પ્રભુ મહાવીરની વાણી : રાજરક્ષિત વિજયજી મ.

નવસારી

પૂર્ણાનદીમાં પાણીની સપાટી વધતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ઝુપડપટ્ટીના લોકોની સહાયમાં શ્રી મહાવીર સોસાયટી જૈન સંઘના યુવાનો મસાલેદાર ખીચડી લઈને પહોંચી ગયા હતા.તમામ ભાઈઓ-બહેનો-બાળકોને ભરપેટ ભોજન કરાવ્યું હતું.

જૈનાચાર્ય હંસકીર્તી સૂરિજી, મૂનિશ્રી હંસબોધિવિજયજી, પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે પ્રભુ મહાવીરની કરૂણાના ધાવણ પીનારો જૈન દુ:ખીઓના દર્દને કેમ જોઈ શકે..? સાધના કાળમાં પોતાનું વસ્ત્ર ગરીબ બ્રાહ્મણને આપીને મહાવીર સ્વામીએ સંદેશો આપ્યો છે કે દાન આપવામાં ક્યારેય કચાશ રાખતા નહી.પ્રભુ મહાવીરનો સંદેશો જૈનોએ સારી રીતે જીવનમાં ઉતાર્યો છે.જયારે જયારે અતિવૃષ્ટી-અનાવૃષ્ટી થઈ, ધરતીકંપ કે સુનામીની આપત્તિ આવી ત્યારે જૈન શ્રેષ્ઠીઓએ ધનના ભંડાર ખુલ્લા મૂક્યા છે.બીજાના દુઃખો જોઈને આવતા કરૂણાના આંસુની કિંમત ગંગાજળ કરતાં કિમતી છે.પૈસા-પ્રોપર્ટી-પરિવાર માટે પરસેવો ખૂબ પાડ્યો તેની કિંમત ખારાપાણી જેવી છે.જ્યારે પરસેવા માટે પાડેલો પરસેવો અમૂલ્ય છે "ભૂખ્યાને ભોજન તરસ્યાને પાણી આ છે પ્રભુ મહાવીરની વાણી."

યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની છઠ્ઠી સ્વર્ગારોહતિથિ નિમિત્તે આજે ૨૯ જુલાઈ થી ૨ જી ઓગસ્ટ સુધી પંચદિવસીય કાર્યક્રમ થશે.તા.૨૯ જુલાઈએ સવારે ૮:૩૦ કલાકે નારણલાલ હોલમાં વિશિષ્ટ પ્રભુ મિલન થશે. ૩૦ જુલાઈએ સવારે ૯:૦૦ કલાકે ગુરૂપાદુકા પૂજન થશે.

# વડગામના કોદરામ પંથકમાં ભારે વરસાદથી ઘરો અને ખેતરોમાં પાણી ભરાયા

### કોદરામ હાઈવે પર પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અટવાયા



પ્રતિનિધિ પિલુચા

વડગામ તાલુકાના કોદરામ ગામે શ્રાવણ માસના પ્રથમ સોમવારે બપોરે ચાર વાગ્યાથી જોરદાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે કોદરામ ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું અને ગામમાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા રબારી, વાઘરીઓના ઘરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જ્યારે એક તરફ આખા ગામનું વરસાદનું પાણી કોદરામ બસ સ્ટેન્ડ પર ભરાઈ જતાં વડગામ - ખેરાલુ હાઈવે પર અવર જવર કરતા નાના વાહન ચાલકોને કોદરામ સુધી જ આવીને રોકાઈ જવું પડતું હતું અને સતત વરસાદથી વ્હોળાએ ચાલુ થઈ ગયા હતા. જેથી જનજીવન પણ અસ્ત- વ્યસ્ત બની ગયું હતું. જ્યારે વધારે પડતા વરસાદથી બાઈકો પાણીમાં ફસાયા હતા. જેથી બસ સ્ટેશન પર ભરતા પાણીનો નિકાલ માટે ગામના સરપંચ અને વડગામ તાલુકા ભાજપના પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ પોતે હાથમાં પાવડો લઈને ઘરમાં ભરાઈ ગયેલા પાણી અને હાઈવે પર ભરાઈ ગયેલ પાણીનો નિકાલ કરવામાં મદદરૂપ થયા હતા.

# થરાદની વજેગઢ પ્રાથમિક શાળામાં સરકારનાં "સ્વચ્છ ભારત મીશન" નાં ધજીયા ઉડી રહ્યા છે

પ્રતિનિધિ થરાદ

ભારત સરકારનાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ઘેર-ઘેર શૌચાલય બનાવી આપવામાં આવે છે. કારણ કે, લોકો ખુલ્લામાં શૌચક્રિયા માટે ના જાય અને ગંદકી તેમજ રોગચાળો ના થાય. પરંતુ આ પ્રાથમિક શાળામાં શૌચાલયની હાલત ઉપર આભ નીચે ધરતી જેવી છે. બાળકોને સંસ્કાર સિંચન કરાવવાનું કામ કરતા શિક્ષકો જ ખુલ્લામાં એક રૂમની પાછળ શૌચક્રિયા માટે જવું પડે છે. સરકાર મોટી મોટી જાહેરાતો કરે છે. કે " દરવા-જો બંધ, બીમારી બંધ" પરંતુ દરવાજો લાવવો ક્યાંથી ? આ પ્રાથમિક શાળામાં શૌચાલય દરવાજા વીનાનું છે. અને સૌથી મોટી કરુણતા એ છે કે શાળાની વિધાર્થીની અને વિધાર્થીઓ માટે એક જ શૌચાલય છે તે પણ દરવાજા વિનાનુ. જે શાળાનુ બાળક આઠ આઠ વર્ષ સુધી ખુલ્લામાં શૌચક્રિયા માટે ગયુ હોય તે બાળક ભાજપ સરકારનાં સ્વચ્છ ભારત મીશનનો અર્થ ક્યાથી સમજે? સરકાર દ્વારા શિક્ષણ વિભાગમાં લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તે ક્યાં પગ કરી જાય છે.

જાણવા મળતી માહિતી મુજબ ગુજરાત સરકારનાં ગુણોત્સવ કાર્યક્રમ હેઠળ શાળાનો ગ્રેડ નક્કી કરવાનો હોય છે. જેમા આ શાળાને 'એ'(છ) ગ્રેડ મળેલ છે. આ શાળાને કઈ રીતે 'એ' ગ્રેડ મળ્યો ? જે ઘણું બધું કહી જાય છે. એક બાજુ પ્રાઈવેટ સ્કૂલોની સંખ્યાઓ વધતી જાય છે. અને આ પ્રાઈવેટ સ્કૂલોમાં પીવા માટે ઈ. પ્લાન્ટનુ પાણી, ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ શૌચાલય જેવી અનેક પાયાની સુવિધાઓ હોય છે. જ્યારે આ સરકારી સ્કૂલમાં એક જ ખૂલ્લુ શૌચાલય છે. સરકારી સ્કૂલોમા આવી ઘોર બેદરકારી ને કારણે વિધાર્થીઓની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે. જેથી સરકાર ને લાખો રૂપિયા ના ખર્ચે પ્રવેશોત્સવના ગતકડા કરવા પડે છે

પ્રાથમિક શાળા માં ૬૦૦ થી વધુ વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં વિધાર્થી તેમજ વિધાર્થીનીઓ નો પણ સમાવેશ થાય છે. નિયમ મુજબ શાળા માં બહેનો માટે તેમજ ભાઈઓ માટે અલગ-અલગ પાકી મુતરડી (શૌચાલય) ની વ્યવસ્થા હોવી જોઈએ. પરંતુ તે નથી, જેથી શાળાની શિક્ષિકા બહેનો અને વિધાર્થીનીઓને ખુલ્લામાં જવું પડે છે.બહેનો શરમ ને કારણે શૌચક્રિયા રોકી રાખે છે. કુદરતી આવેગો ને રોકી રાખવાથી ગંભીર પ્રકારની બીમારીઓને આમંત્રણ મળે છે. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જાત તપાસ કરે તે જરૂરી.

# ડીસા લઘુમતી ભાજપ મોરચા દ્વારા પુરગ્રસ્તોને ફુડપેકેટનું વિતરણ


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસામાં ત્રણ દિવસમાં ૨૫ ઈંચ વરસાદ ખાબકતા ઠેર-ઠેર પાણીના તળાવો ભરાઈ જતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેથી ત્રણ ત્રણ દિવસથી અનાજથી વંચિત પુરગ્રસ્ત લોકોને ડીસા લઘુમતિ ભાજપ મોરચા દ્વારા ગતરોજ ગંજીપુરા વ્હોળા વિસ્તાર હરીઓમ વ્હોળા વિસ્તાર, બીડીકામદાર સોસાયટી સહિતના વિસ્તારોમાં ફુડ પેકેટ તથા દુધની થેલી આપવામાં આવી હતી. જે પ્રસંગે બ.કાં. જિલ્લા ભાજપ અનીશભાઈ તથા ડીસા લઘુમતિ ભાજપ, પ્રમુખ તોસિફભાઈ મેમણ તથા ઉપપ્રમુખ કાસમભાઈ કુરેશી તથા ઈમ્તીયાઝભાઈ મેમણ તથા ડીસા મેમણ યંગ કમિટી હાજર રહીને પેકેટનું વિતરણ કર્યુ હતું.

# ઢીમામાં પૂરના કારણે વ્યાપક ખાના ખરાબી સર્જાઈ


વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ ઢીમા

બનાસકાંઠામાં આવેલ ભારે પૂરથી વાવ તાલુકાના યાત્રાધામ ઢીમા ગામમાં ચાર ચાર ફુટ પાણી ભરાઈ ગયા હતા. જેથી રબારીવાસ, ઠાકોરવાસ, બ્રાહ્મણવાસ, રાજપુતવાસ, પંડ્યાવાસમાં ભારે તરાજી સર્જાઈ હતી. ઘરની ઘરવખરી તેમજ અનાજ પાણીના અંદર તણાઈ ગયા હતા. જેથી ઢીમા ગામની અંદર પુરના પ્રકોપથી બે ઘર બનેલા પરિવારોને તાતી સહાયની જરૂરીયાતો ઉભી થઈ છે. આ ઉપરાંત ગામના કેટલાય પશુઓ પાણીની અંદર તણાઈ ગયા છે. અને કેટલાક પશુઓ મોતને ભેટ્યા છે. જ્યારે વાવેતર કરેલ ખેતીનો પાક ધોવાઈ ગયા છે જેથી ખેડૂતોની પણ કફોડી હાલત થવા પામી છે રાજ્ય સરકાર દ્વારા ઢીમા ગામનો સર્વે કરવાની કામગીરી ચાલું કરવામાં આવે અને સાચા હક્ક દારને સરકારી સહાય મળે તેવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી ઢીમા ગ્રામજનોની માંગ ઉઠી છે.

# દીઓદર તાલુકામાં આરોગ્ય વિભાગ સર્વેલન્સ કામગીરી હાથ ધરાઈ

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા હેલ્થ ઓફીસ દ્વારા દીઓદર તાલુકાના ૬૬ ગામોમાં અતિવૃષ્ટિ બાદ રગચાળો ન ફેલાય તે માટે દીઓદર તાલુકાના ૬૬ ગામોને આવરી લઈ સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી છે.તાલુકાના ગામડાઓમાં ઘેર-ઘેર ફરી આરોગ્ય કર્મચારી મારફત કલોરીનેશન ખાડા ખાબોચીયા બળેલું ઓઈલ,એબેટ કરી કાઉલ્ટીના નિયંત્રણ માટે ઓ.આર.એસ.પેકેજ તેમજ આઈ.ઈ.સી.જેવી કે મચ્છરદાનીમાં સુવું સવારે સાંજે બારી બારણા બંધ રાખવા,લીમડાનો ધુમાડો કરવો તેમજ પત્રીકાઓ દ્વારા ઘરે ઘરે મલેરીયા,ડેન્ગ્યું,ચીકનગુનીયા વગેરેથી બચવા પ્રચાર કરવામાં આવે છે.

દીઓદર તાલુકાના આર.બી.એસ.કે.અને આયુષ એમ.ઓ.દ્વારા ગામડાઓમાં મેડીકલ કેમ્પો યોજવામાં આવે છે.આ કામગીરીનું સંચાલન તાલુકા આઈ.ઈ.સી.ઓફીસર શ્રી એ.વી.મહેતા તેમજ તાલુકા હેલ્થ સુપરવાઈઝરશ્રી એમ.ડી.પ્રજાપતિ દ્વારા સઘળી સુપરવિઝન કરવામાં આવે છે.

# સહાયની સરવાણી : ફુડ પેકેટનું વિતરણ


ભરત સુંદેશા

પ્રતિનિધિ ડીસા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને કાંકરેજ તાલુકામાં વરસાદી પૂરે મચાવેલી તબાહીના પગલે રાજયભરમાંથી સહાયની સરવાણી વહી રહી છે.માનવતાના આ સત્કાર્યમાં ડીસાના બિલ્ડર પી.એન.માળીએ પણ સૂર પુરાવ્યો છે. જેથી તેમના કોલ્ડ સ્ટોરેજ ખાતે કેમ્પ શરૂ કરી હજારોની સંખ્યામાં ફુડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.જે ફુટ પેકેટોનું અસરગ્રસ્તોને વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોમાં સેવાની સરવાણી


નરસિંહ દેસાઈ

બનાસકાંઠા જિલ્લામાં સર્જાયેલી તબાહીમાં વહીવટી તંત્રની સાથે સાથે સેવાકીય સંસ્થાઓ પણ કામે લાગી જતાં પૂરમાં ફસાયેલા લોકોને આશ્વાસન મળી રહ્યુ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સેવાની સરવાણી વહેતા લોકોમાં પણ રાહત મળી રહી છે.

### આજે કેન્દ્રીય કૃષિ મંત્રી રાધા મોહનસીંગ

# બનાસકાંઠા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે

પાલનપુર

આજે તા.૨૯ના જુલાઈના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રી રાધા મોહનસીંગ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે. કેન્દ્રીય મંત્રી સવારે-૧૨.૪૦ કલાકે પાલનપુર સર્કીટ હાઉસ ખાતે જિલ્લા કલેકટર દિલીપ રાણા અને જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજી જિલ્લામાં પૂરથી નુકશાન અંગે સમીક્ષા કરશે. ત્યારબાદ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. તેમની મુલાકાત સમયે કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, મહેસૂલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજયના કૃષિ અને ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરીયા તેમજ બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહેશે.

# ખીમાણામાં વરસાદના કારણે અનેક મકાન ધરાશાયી અને જમીનનું ધોવાણ


વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે આવેલ અતિભારે વરસાદના કારણે ખેતરો અને ગામોમાં પાણી ફરી વળ્યું હતું. જેમાં કેટલાય મકાન ધરાશાયી થયા છે.કેટલાય પશુઓ મોતને ભેટ્યા છે અને જમીન ધોવાઈ ગઈ છે.આ ઉપરાંત ઉભાપાકોને નુકશાન થયું છે.જેવા કે કપાસ, મગફળી, એરંડા, કઠોળ, લીલો ઘાસચારો વગેરેમાં વ્યાપક નુકશાન થયેલ છે.અતિભારે વરસાદના કારણે ખેડૂતોના માથે આભ તુટી પડ્યું છે.તેમને એક સાંધે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.તો વરસાદના વિરામ બાદ સરકાર સર્વે કરાવી જગતના તાત એવા ખેડૂતને સહાય કરે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

### પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પરિશ્રમ

# બનાસકાંઠા જિલ્લામાં વીજળી પૂર્વવત કરવા યુ.જી.વી.સી.એલ. ની કવાયત

**પૂર અસરગ્રસ્ત ૬૯૯ ગામોમાંથી ૪૫૩ ગામોમાં વીજપુરવઠો પૂર્વવત કરાયો : બનાસકાંઠામાં વીજ પુરવઠો પૂર્વવત કરવા યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ પૂરનાં પાણી કે થાકની પરવા વિના કામ કરે છે**

પાલનપુર

ભારે વરસાદથી પૂર અસરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા તંત્ર ધ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ભરાયેલા હોવા છતાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ યુ.જી.વી.સી. એલ.ના કર્મચારીઓ અને તેમની ટીમના માણસો વીજપુરવઠો ઝડપથી પૂર્વવત કરવા પાણીમાં જઈને રિપેરીંગ કામ કરી રહ્યા છે. જેની લોકો સરાહના કરી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠો પૂર્વવત કરવા યુ.જી.વી. સી. એલ.ના અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા રાત દિવસ કામ કરવામાં આવી રહ્યું છે. યુ.જી.વી.સી.એલ. પાલનપુર ઓફીસના સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જીનિયર એલ.એ.ગઢવીએ તંત્ર ધ્વારા કરવામાં આવેલ કામગીરીની માહિતી આપતાં જણાવ્યું કે પૂર અસરગ્રસ્ત ૬૯૯ ગામોમાંથી ૪૫૩ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. તમામ ગામોમાં ઝડપથી વીજ પુરવઠો પૂર્વવત કરવા મહેસાણા સર્કલ, સાબરમતી સર્કલ અને હિંમતનગર સર્કલની ૧૦-૧૦ ની કુલ ૩૦ ટીમો અને ૧૧૦૦ જેટલો ટેકનીકલ સ્ટાફ રાત દિવસ કામ કરી રહ્યા છે. ગઢવીએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં ઝડપથી વીજ પુરવઠો પૂર્વવત કરવા એમ.જી.વી. સી.એલ., ડી.જી.વી.સી.એલ અને પી.જી.વી.સી.એલ.ની કુલ- ૩૦ ટીમો આપવામાં આવશે. સમગ્ર જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ વીજ વિભાગના કર્મચારીઓ વીજ પુરવઠો પુર્વવત કરવા દિવસ રાત કામ કરી રહ્યા છે. તેમની આ કામગીરીને જિલ્લાની પ્રજાએ આવકારી છે.

# ભારે વરસાદના કારણે ખોરડાની કોલેજને ભારે નુકશાન


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના ખોરડા ગામમાં ડીસા હાઈવે પર એપીત્રિવેદી આર્ટસ અને કોમર્સ કોલેજ આવેલી છે.આ કોલેજને ઘસીને રેલનદીનો એક ભારે વ્હોળો પસાર થાય છે.જેના કારણે ૨૦૧૫માં પણ ભારે નુકશાન થવા પામ્યું હતુ.જ્યારે ચાર દિવસ પહેલાં અગાઉના કરતાં પણ વધારે પ્રમાણમાં આવેલા પાણીના કારણે કોલેજની કંપાઉન્ડ વોલ ધ્વસ્ત થવા પામી હતી.કોલેજ મંડળના વહીવટકર્તા નટુભાઈ દવેએ જણાવ્યું હતુંકે આ પાણીના કારણે તેમની કોલેજને આશરે પંદરેક લાખનું નુકશાન થવા પામ્યું હતું.૨૦૧૫ના પુરમાં ભારે ધોવાણ થતાં લાખો રૂપીયાના ખર્ચથી કરવામાં આવેલ પુરાણ પણ બે વર્ષ બાદ ફરીથી ધોવાઈ જવા પામ્યું હતું.

# વરસાદી હોનારતમાં દીઓદર જી.આઈ.ડી.સી.માં પાણી ભરાયા


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં બનાસકાંઠા જીલ્લામાં થયેલા ભારે વરસાદમાં દીઓદર ખાતે આવેલ જી.આઈ. ડી.સી.માં પણ પાણી ભરાઈ જતાં ઉદ્યોગકારોને વ્યાપક નુકશાન થવા પામેલ છે.દીઓદર જી.આઈ. ડી.સી.માં ૨૦૦૭માં પ્લોટની ફાળવણી કરાયા બાદ અનેક ઉદ્યોગકારોએ ઉદ્યોગ ધંધા શરૂ કરેલ છે.ત્યારે દીઓદર જી.આઈ.ડી.સી. બન્યા ત્યારથી ઉભો થયેલ પ્રશ્નને હજુ સુધી જી.આઈ.ડી. સી.ના સતાવાળાઓએ હલ ન કરતાં ઉદ્યોગકારોમાં તીવ્ર રોષની લાગણી વ્યાપેલ છે.

દીઓદર જી.આઈ.ડી.સી.માં સાત ગામોનું વરસાદી પાણી આવે છે.જેના કારણે સમગ્ર જી.આઈ. ડી.સી.પાણીમાં ગરકાવ થઈ જાય છે જેના કારણે ઉદ્યોગકારો દીઓદર જી.આઈ.ડી.સી.થી દુર ભાગે છે.પ્લોટ હોવા છતાં બાંધકામ કરવાનું જોખમ ટાળી રહ્યા છે.એક તરફ જી.આઈ.ડી.સી. દ્વારા પ્લોટ ધારકોને ઉદ્યોગ શરૂ કરો અથવા પ્લોટ જપ્ત કરવાની નોટીસો ફટકારાય છે.ત્યારે ઉદ્યોગકારોના પાયાના પ્રશ્ન સમો કાયમી વરસાદમાં ભરાતા વરસાદી પાણીના નિકાલનું કોઈજ કાર્ય હાથ ધરાતું નથી જેના કારણે ઉદ્યોગકારોને દિવાલો તથા બાંધકામ પડી જવાનો ભય સતાવી રહ્યો છે. તાજેતરમાં દીઓદર પંથકમાં આવેલ ભારે વરસાદમાં પણ દીઓદર જી.આઈ.ડી.સી.પાણીમાં ગરકાવ થઈ ગયેલ.અનેક પ્લોટમાં પાણી ભરાયેલ તો જી.આઈ. ડી.સી.ના મોટાભાગના રોડ ઉપર કેડ સમા પાણી ભરાયેલ.ત્યારે જી.આઈ. ડી.સી.ના સત્તાવાળાઓ દ્વારા દીઓદર જી.આઈ.ડી.સી.નો પાયાનો પ્રશ્ન વરસાદી પાણીનું હલ તાકીદે કરાય તેવી માંગણી છે.

# કાંકરેજ તાલુકાના થરામાં ઈન્ડિયન આર્મીના લેફ્ટેનન્ટ જનરલે આર્મી મેડીકલ કેમ્પની મુલાકાત લીધી

પાલનપુર

ભારે વરસાદથી અસરગ્રસ્ત બનેલા બનાસકાંઠા જિલ્લામાં લોકોને બચાવવા જિલ્લા વહીવટીતંત્ર, આર્મી, બી.એસ. એફ., એન.ડી.આર. એફ. સહિત વિવિધ ટીમો પૂરનાં પાણી, થાક કે ભૂખ-તરસની પરવા કર્યા વિના અથાક પ્રયાસો કરી રહી છે. કાંકરેજ તાલુકાના થરા મુકામે ઈન્ડિયન આર્મી દ્વારા મેડીકલ કેમ્પ બનાવાયો છે. જેમાં આર્મીની ૩૦ જેટલી મેડીકલ ટીમો દ્વારા પૂરથી અસરગ્રસ્ત બનેલા જરૂરતમંદ લોકોને સારવાર આપવામાં આવે છે. આર્મીના લેફ્ટેનન્ટ જનરલ પી.એમ. હારીઝે થરા મુકામે મેડીકલ કેમ્પની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ. તેમણે કહ્યું કે ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતીમાં બનાસકાંઠા જીલ્લામાં ઈન્ડિયન આર્મીની ૯૦ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં જોડાઈને લોકોને મદદરૂપ બની રહી છે. તેમણે કહ્યું કે પૂરગ્રસ્ત લોકોને મેડીકલ સારવાર આપવા આર્મી દ્વારા કાંકરેજ તાલુકાના થરા મુકામે મેડીકલ કેમ્પ બનાવાયો છે જેમાં આર્મીની મેડીકલની ૩૦ ટીમો દ્વારા લોકોને સારવાર આપવામાં આવે છે.

અનુસંધાન પાના નં.૬

# લાખણીનું કુડા ગામ સંપૂર્ણપણે નષ્ટ



પ્રતિનિધિ કુડા

લાખણી તાલુકાનું કુડા ગામ પુરનો શીકાર બન્યુ છે. સતત વરસાદના કારણે રાજસ્થાન અને બનાસકાંઠાના ઉપરવાસ પહાડી વિસ્તારમાંથી આવેલા પુરે કુડા ગામનું નામો - નિશાન મીટાવી નાખ્યું હોય તેવું નજરે પડે છે. ગામમાં લોકોના ઘર દુકાનો, પાણીની પરબો અને સરકારી મકાનો સંપૂર્ણ રીતે પડી ભાગ્યા છે. ગામમાં રહેતા લોકોને મોટુ નુકશાન થયું છે અને ગામ સંપર્ક વિહોણા બનેલું છે. ગામમાં મોટા ખાડા તો માટીના ધોરા જોવા મળે છે. નિરાધાર બની ગયેલા લોકો સરકાર અને તંત્ર કઈક મદદ કરે તેવી આશા રાખી બેઠા છે.

# વિઠોદર (તાલેગઢ)માં ભારે વરસાદથી ખેત જમીનનું ધોવાણ : પાક નિષ્ફળ

ડીસા

ડીસા તાલુકાના વિઠોદર (તાલેગઢ) ગામમાં તાજેતરમાં અતિ ભારે વરસાદ થવાથી તેમજ રાજસ્થાન તરફની નદીના વહેણ આવી જતાં ગામના કિનારાના ખેતરોમાં જમીનનું મોટાપાયે ધોવાણ થઈ જતાં કપાસ, બાજરી અને મગફળીના પાકને ભારે નુક્શાન થતાં પાક નિષ્ફળ થઈ જતાં ભોગ બનેલા ગરીબ ખેડૂતોને ગામના સરપંચ દ્વારા સર્વે કરી નુક્શાનીનું વળતર આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વાવના નાળોદર ગામમાં હેલિકોપ્ટર દ્વારા પેકેટનું વિતરણ

**આપદાની ઘડીએ ધારાસભ્ય અને રાજયના મંત્રી પ્રજાની પડખે**



તા.પ્રતિ. વાવ

વાવ પંથકમાં અતિભારે વરસાદ અને રાજસ્થાનની નદીઓના વહેણના લીધે તાલુકાના નાળોદર ગામે પાણીનો પ્રવાહ ભરાઈ જતાં સમગ્ર ગામની ચારેબાજુ પાણી ભરાઈ ગયું હતું. જેની જાણ વાવના ધારાસભ્ય અને ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીને થતાં તાત્કાલિક તેઓ તેમના મત વિસ્તારના ગામોની હેલીકોપ્ટર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કરી પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો આ બાબતે નાળોદર ગામના સરપંચ શંકરસિંહ દરબારે જણાવ્યું હતું કે નાળોદર ગામે અતિભારે પાણીના પ્રવાહ આવવાની જાણ મંત્રી શંકરભાઈ ચૌધરીને થતાં તાત્કાલિક તેમણે અસરગ્રસત ગામોની હેલીકોપ્ટર દ્વારા મુલાકાત લઈ ફુડ પેકેટોનું વિતરણ કરી પુરપીડીતોના ખબર અંતર પૂછી જણાવ્યું હતું કે ગમે તેવી આપતિઓનો સામનો કરવા હું તમારે સાથે ખડેપગે તૈયાર છું મંત્રીએ આપેલા આશ્વાસનથી સરહદી વાવ પંથકની જનતાએ મંત્રી શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે આવી વિકટ પરિસ્થિતિમાં મંત્રી હેલીકોપ્ટર મારફત સરહદી પંથકની જનતાના ખબર અંતર પુછી ફુડપેકેટોનું વિતરણ કરાવી સાચા અર્થમાં લોકસેવક પુરવાર થયા છે.

# વડગામના સૈંભર તિર્થ તરફનો મુખ્ય માર્ગ બિસ્માર

**વિજ લાઈનનો નમેલો થાંભલો પણ જોખમી**


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકામાં સિઝનનો ૪૬ ઈંચ વરસાદ થતાં પાણીની આવક વધતા માર્ગો બિસ્માર બન્યા છે. દરમ્યન યાત્રાધામ શ્રી સેંભર ગોગ મહારાજ તિર્થસ્થાન તરફ જતા મુખ્ય માર્ગ તૂટી જતાં અગિયાર કે.વી. વિજલાઈનનો જીવતો થાંભલો નમી ગયેલ છે. જે રાહદારીઓ, યાત્રિકો માટે જોખમી છે. નવિ સેંધણી, હમીરપુરા, વાસણાના ગ્રામજનોએ માર્ગને સત્વરે રીપેર કરવા રજુઆત કરી છે. યુવા સામાજીક કાર્યકર રમેશભાઈ ચૌધરી (ઉપ સરપંચ) અને લાલજીભાઈ ચૌધરી (સહકારી અગ્રણી) એ જી.ઈ.બી અને માર્ગ મકાન વિભાગમાં લેખિત જાણ કરી છે.

# કુવામાં ઓરડી સાથે હોજ હવાડો પણ ધસી પડ્યા


પુષ્કર ગોસ્વામી

પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામ- પાલનપુર નેશનલ હાઈવે રોડ તરફ જતાં ડાબી સાઈડે આવેલ ગંગાબેન ડાહ્યાભાઈ પંચાલના ખેતરનો કુવો વરસાદી પાણીથી ધસી જતાં કુવા કાંઠે બનાવેલ ઓરડી, લાઈટ કનેક્શન, હોજ, હવાડો કુવામાં ગરકાવ થઈ ગયો હતો અને મોટું નુકશાન થવા પામ્યું છે. તા.૨૫/૭/૧૭ ના રાત્રિએ બનેલ ઘટનામાં ખેતર માલિક અને શ્રમિકોનો ચમત્કારિક બચાવ થયો હતો. આ અંગે મામલતદાર કચેરી વડગામ, તા.પં. વડગામ, ગ્રા.પં. વડગામમાં લેખિત જાણ કરવામાં આવી હોવાનું ગંગાબેન પંચાલે જણાવ્યું હતું.

# સરકારે જાહેર કરેલ રૂા.૨ કીલોના ભાવે ઘાસ ફાળવવા માંગ

તા.પ્રતિનિધિ દીઓદર

છ માસ પૂર્વ સરકાર દ્વારા રાજયની પાંજરાપોળ અને ગૌશાળાને રાજ્ય સરકાર દ્વારા રૂા.રા.બે ના કીલોના ભાવે ઘાસ પુરૂ પાડવામાં આવશે તેવી જાહેરાત થયેલ પરંતુ જાહેરાત બાદ દીઓદર તાલુકામાં માત્ર ત્રણ ટ્રક જ ઘાસ આવેલ છે.ત્યારે રાજ્ય સરકાર દ્વારા તાકીદે ગૌશાળા - પાંજરાપોળને રૂા.બે ના ભાવે સુકું ઘાસ ફાળવવામાં આવે તેવી માંગણી ગૌશાળા ફેડરેશનના રાજયના ઉપપ્રમુખ જયંતિભાઈ બી.દોશીએ કરેલ છે.



તેમાંય બનાસકાંઠા જીલ્લામાં અત્યારે વરસાદી કહેર હોઈ અતિવૃષ્ટિ છે.અનેક પશુઓ મોતને ભેટેલ છે.પાંજરાપોળ - ગૌશાળાના ઘાસો તણાઈ ગયા છે અથવા પલળી ગયા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અગાઉ જાહેર કરાયેલ રૂા.૨ના કીલોના ભાવનું અગર અછતના ધોરણે તાત્કાલીક બનાસકાંઠા જીલ્લામાં ઘાસની ફાળવણી કરવામાં આવે તો અબોલ પશુઓને જીવાદોરી મળી શકે તેમ છે.તેમજ ગૌશાળા-પાજરાપોળને પણ આર્થીક રીતે ફાયદો થઈ શકે.આ બાબતે રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય લે તેવી સૌની અપેક્ષા સહ માંગણી છે.

# ભાદરા-નાંદલામાં ખેતરો ધોવાતા જગતનો તાત બેહાલ


દેવાભાઈ સુથાર

પ્રતિનિધિ નાંદલા

ડીસા તાલુકાના ટેટોડા વ્હોળાના પુરના ધસમસતા પ્રવાહથી લાખણી તાલુકાના ગામો તારાજ થયા છે.જેમાં ભાદરા-નાંદલા ગામના ખેતરો ધોવાતા ખેડૂતોની હાલત દયનીય બની જવા પામી છે.

રાજસ્થાન તરફથી આવતા પુરનું પાણી ટેટોડાના વ્હોળામાંથી લાખણી તાલુકાના રમુણ, રામસણ, ગામમાંથી થઈ ભાદરા-નાંદલા ગામમાંથી પસાર થઈ સૂઈગામના રણમાં જાય છે.૨૦૧૫ ના વર્ષમાં પણ આવેલા પૂરે આ ગામોમાં તબાહી સર્જી હતી.જ્યારે આ વખતે પણ પૂરે તારાજી સર્જી છે.જેમાં ભાદરા-નાંદલા ગામે પુરના ધરમસતા પ્રવાહમાં ખેતરો ફરી એકવાર ધોવાઈ ગયા હતા.ખેતરોમાં ઉભેલો પાક તણાઈ જવા સાથે ખેતરોમાં ઉંડા-ઉંડા ખાડા અને ખીણો પડી ગઈ છે.૨૦૧૫ ના પુરથી ખેતરોમાં પડેલા ખાડા માંડ પુરાયા હતા ત્યાં આ પુર પ્રકોપે ખેતરોનું નામો નિશાન મીટાવી દીધું છે.જેથી દેવામાં ડૂબેલા ખેડૂતોને ન ભરપાઈ શકે તેવું નુકશાન ગયું છે.જેથી જગતનો તાત ગણાતો ખેડૂત કુદરત સામે નિ:સહાય અને નિરાધાર બની ગયો છે.ત્યારે વહીવટી તંત્ર સત્વરે ગામોનું સર્વે કરી નુકશાનનું વળતર ચૂકવે તેમ ખેડૂતો ઝંખે છે.

# થરાદ ધાનેરા રોડને રીપેર કરવા મથામણ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ધાનેરા અને થરાદમાં પડેલા ભારે વરસાદના કારણે આવેલા રેલનદીના વ્હોળાએ થરાદ ડીસા અને ધાનેરાને જોડતા નેશનલ હાઈવેની પથારી ફેરવી નાખી હતી.વરસાદ બંધ થયાને બે દીવસ થવા છતાં પણ ધાનેરા રોડ પરથી પાણી વહી રહ્યાં છે.જોકે તાલુકાનાં ધાનેરાપટ્ટાનાં ગામો સુધી પહોંચવાનો મુખ્ય માર્ગ હોઈ તેને જેસીબીની મદદથી રીપેર કરવાનો તંત્ર દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

### સંકટના સમયે બનાસવાસીઓની મદદે

# બનાસ ડેરી દ્વારા પૂર પીડિતોને ફૂડ પેકેટ, દૂધ પાઉચ, બિસ્કિટ અને પાણીના પાઉચનું વિતરણ કરાયું

ડીસા

છેલ્લા કેટલાક દિવસોથી બનાસકાંઠા જિલ્લામાં સાંબેલાધાર વરસાદ પડી રહ્યો હતો જેના લીધે ભયાનક જળ સંકટની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. એક અઠવાડિયાથી બનાસની પ્રજા ભારે વરસાદ સામે ટક્કર ઝીલી રહી છે. આ કુદરતી પ્રકોપથી અનેક લોકો બેઘર થઈ ગયા છે તો અમુક લોકોના જીવ ગયા છે. બનાસકાંઠાના લોકો માટે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ બનાસ ડેરી વ્હારે રહીને મદદ કરે છે. મેઘતાંડવના લીધે જિલ્લામાં થયેલ કુદરતી અતિવૃષ્ટિથી લોકો માટે ડેરીના મેનેજમેન્ટે ૧૬ હજાર કરતાં પણ વધારે ફૂડ પેકેટ તથા ૯૬ હજારથી વધુ દૂધના પાઉચનું પૂરગ્રસ્ત વિસ્તારમાં જઈને વિતરણ કરેલ છે.

માનનીય ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની માર્ગદર્શનથી બનાસ ડેરીએ પૂર પીડિત લોકોને બૃહદ બનાસકાંઠા જિલ્લાના વિવિધ સ્થળો પર જઈને તાબડતોડ મદદ કરી રહ્યા છીએ.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરની સાગ્રોસણા ગ્રામ પંચાયતનું રેકર્ડ પાણીમાં


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠામાં લીલા દુકાળને પગલે વ્યાપક નુકસાન થયું છે. ત્યારે ભારે વરસાદને પગલે પાલનપુર તાલુકાના સાગ્રોસણા ગામમાં પણ વરસાદી પાણી ફરી વળતા ખેતરોમાં પાણી ભરાતા જમીનનું ભારે ધોવાણ થતા ખેડૂતોને વ્યાપક નુકસાન થયું હતું. જયારે સાગ્રોસણા ગ્રામ પંચાયત કચેરીમાં પણ વરસાદી પાણી ફરી વળતા ગ્રામ પંચાયતનું રેકર્ડ પાણીમાં પલડી ગયું હતું. જોકે, આ અંગેની જાણ થતા દોડી આવેલા તલાટી છાયાબેનએ પલડેલા રેકર્ડને સૂકવીને બચાવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

# આસેડા ગામે ભારે વરસાદથી જૈન દેરાસર ક્ષતિગ્રસ્ત બન્યુ


ચેતન શ્રીમાળી

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાના આસેડા ગામે દરજી વાસમાં આવેલ શ્રી આદિનાથ ભગવાનનું દેરાસર ક્ષતિગ્રસ્ત બન્યું છે.મંદિરને મોટી મોટી તીરાડો પડી ગઈ છે.જયાં ભયજનક જણાતા લાકડાના ટેકા ગોઠવવાની ફરજ પડી છે.મંદિર ક્ષતિગ્રસ્ત થતાં આસપાસના રહીશોમાં ભયની લાગણી વ્યાપી જવા પામી છે.

# થરાદ તાલુકાના આઠ ગામોમાં ટ્રેક્ટર લઇને પણ જઇ શકાયુ નથી

**શિક્ષકોની મદદથી કેશડોલ્સ, ઘરવખરીની સર્વેની કામગીરી હાથ ધરાઈ**

પ્રતિનિધિ થરાદ

થરાદ પંથકમાં સાર્વત્રિક વરસાદ અને રેલનદીના પુરના કારણે મોટાભાગનાં ગામોમાં પાણી ભરાવા ઉપરાંત માર્ગો પણ તુટી જવા પામ્યા છે.વરસાદે વિરામ લીધાના બે દિવસ બાદ પણ ટ્રેક્ટર લઈને પણ તાલુકાનાં આઠ ગામોમાં હજુ જઈ શકાયુ ન હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.જ્યારે બાકીના ગામો માટે શુક્રવારથી કેશડોલ્સ તથા ઘરવખરીની સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. થરાદ તાલુકાના મોટાભાગના ગામોમાં વરસાદી અને રેલનદીના પાણીએ ભરડો લીધો હતો. તાલુકાના તમામ ગામોમાં ભારે વરસાદના કારણે

અનુસંધાન પાના નં.૬

**KVK (કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર) માટે મકાન મેળવવા બાબત**

ભીલડી મુકામે કેવીકે ચલાવવા હેતુસર પૂરતી સુવિધાનું મકાન જરૂરિયાત હોઈ તો રસ ધરાવતી પાર્ટીઓ, ટ્રસ્ટ કે દાતાએ આઈ.ટી.આઈ. ડીસા મુ.પો.ભોયણ ખાતે દિન - ૦૭ માં સીલબંધ કવરમાં સાધનિક કાગળો સાથે રૂબરૂ મોકલી આપવાના રહેશે.

આચાર્ય
ઔદ્યગિક તાલીમ સંસ્થા
ડીસા

ક્રમાંક/નામાનિ/પાલન/૨૩૮/૨૦૧૭-૨૦૧૮

## તંત્રી સ્થાનેથી ...

**ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ શરીરના પાલન માટે છે.**

# દેશમાં જુદા જુદા સમુદાયો વચ્ચે થતી હિંસાની ઘટનાઓને પડકારવી જરૂરી

રાષ્ટ્રીય ક્રાઈમ રેકોર્ડ બ્યુરોમાં એક રિપોર્ટ અનુસાર ૨૦૧૪ માં ધર્મ અને વંશીય તેમજ જાતિને આધારિત જુદા જુદા સમુદાયો વચ્ચે હિંસાની ૩૩૬ ઘટનાઓ બની હતી. જ્યારે ૨૦૧૬ માં આવી ઘટનાઓ ૪૧ ટકા વધીને ૪૭૫ થઈ હતી. રાજ્ય કક્ષાના ગૃહમંત્રી હંસરાજ આહિરે લોકસભામાં ઉપરોક્ત હિંસા બાબતની માહિતી તાજેતરમાં આપી હતી. જે રાષ્ટ્રીય ક્રાઈમ બ્યુરોએ આપી હતી. આહિરે ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવતી હિંસા અને તેને રોકવા સરકાર દ્વારા જે પગલા લેવામાં આવ્યા છે. તે બાબતથી ગૃહને વાકેફ કરેલ. એક હકીકત છે કે ટોળા દ્વારા થતી હત્યા સંદર્ભે નવો કોઈ કાયદો સરકાર લાવવા વિચારતી નથી. કેમ કે ટોળાંમાં કોણ હિંસા આચરતું હશે તે નક્કી હોતું નથી. કોઈ નિર્દોષને ગુનેગાર માની શકાય નહિં.

વર્તમાન સંજોગોમાં ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક, વંશીય તેમજ જાતિથી હિંસાની ઘટનામાં ઝડપથી વધારો થયો છે. યુપીમાં ત્રણ વર્ષમાં આવી ઘટનાઓ ૩૪૬ વધી હતી. ૨૦૧૪ માં યુપીમાં આવી ૨૬ ઘટનાઓ બની હતી. જે ૨૦૧૬ માં વધીને ૧૧૬ થઈ હતી.

ઉત્તરાખંડમાં આવી ઘટનાઓ ૪ થી વધીને ૨૨ ની થઈ છે. આમ ત્યાં હિંસક ઘટનાઓમાં ૪૫૦ ટકાનો વધારો થયો હતો. પં.બંગાળમાં ૨૦૧૪ માં હિંસાની ઘટનાઓ ૨૦ બની હતી. જે ૨૦૧૬ માં ૧૬૫ ટકા વધીને ૫૩ ની થઈ હતી. મધ્ય પ્રદેશમાં ૨૦૧૪ માં પાંચથી વધીને ૨૦૧૬ માં ૨૬ બની હતી. જ્યારે હરિયાણામાં ૭ થી વધીને ૧૬ થઈ હતી. બિહારમાં ૨૦૧૪ માં હિંસાની કોઈ ઘટના બની ન હતી. જ્યારે ૨૦૧૬ ના વર્ષમાં ૮ ઘટના બની હતી. વર્તમાન સંજોગોમાં આહિરના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર પાસે ગૌરક્ષકો દ્વારા કરાયેલી હિંસાના કોઈ આંકડા મોજુદ નથી. જો કે સાંપ્રદાયિક-જાતિય અને વંશિય ઘટનાઓમાં રાજ્યોમાં ૪૯ ટકાનો વધારો થયો છે. ૨૦૧૪ માં રાજ્યોમાં આવી ૧૩૮ ઘટનાઓ બની હતી. જ્યારે ૨૦૧૬ માં વધીને ૪૭૪ થઈ હતી. દિલ્હી સહિત તમામ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૨૦૧૪ માં આવી ૧૮ ઘટનાઓ બની હતી. જ્યારે ૨૦૧૬ માં માત્ર એક જ ઘટના બની હતી.

ગૃહ મંત્રાલયના એક રિપોર્ટ અનુસાર સાંપ્રદાયિક હિંસામાં ઉત્તર પ્રદેશ ટોચ પર છે, જો કે છેલ્લા કેટલાય વર્ષોથી ઉત્તર પ્રદેશમાં હિંસાના જે બનાવો વધ્યા છે. તેમાં અપહરણ, લૂંટ, ધાડ- અને દુષ્કર્મના બનાવો બે રોકટોક વધ્યા હોવાનું મનાય છે.

બિહાર- મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાં ટ્રેનોમાં લૂંટ ધાડના જે બનાવો બન્યા હતા. તેની ખાસ નોંધ લેવામાં આવી નથી. જ્યારથી કેન્દ્રમાં મોદી સરકાર આવી છે ત્યારથી ટ્રેનોમાં લૂંટ ધાડના બનાવો સામાન્ય બન્યા છે.

ખાસ કરીને દેશમાં કાયદો- વ્યવસ્થાને વધુ મજબુત બનાવવાના ઉપાયો સરકારે વિચારવા જોઈએ. રાજધાની દિલ્હી તેમજ મુઝફ્ફર નગરમાં કાયદો હાથમાં લેતા બુટલેગરો સામે સખ્ત પગલા લેવાની જરૂર છે. ધોળે દિવસે થતી હત્યાઓને રોકવા માટે સરકાર દ્વારા વ્યુહાત્મક નીતિ ઘડવામાં આવી છે. દિલ્હી જેવા મોટા નગરમાં જ્યાં દર ત્રણ મિનિટે એક દુષ્કર્મ અને સામુહિક દુષ્કર્મના બનાવો બને છે તે બાબતે કડક કાર્યવાહી કરવામાં આવે તો આવા બનાવોને કાયમી માટે પડકારી શકાય. રાષ્ટ્રિય ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા જે રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. તેની અવગણના થઈ શકે તેમ નથી. પરંતુ મોદી સરકાર અગાઉ દેશના રાજ્યોમાં કાયદો વ્યવસ્થા પડી ભાંગી હતી. તે અંગે જવાબદારો સામે કોઈપણ કાર્યવાહી થઈ નથી. તે ગંભીર બાબત માની શકાય.

# ઈબે.ઈન્ડિયા પર નવી ઝુંબેશ

ઈબે દ્વારા ભારતભતમાં તેમના મીડિયા પ્લેટફોર્મ્સ પર વીડિયો રિલિઝ કરીને એક નવી ઝુંબેશ ઈંફ્રૈહંત્ર્લેક્ષ્ક્ષ્ીઈીહ્ર્લટીક્ષ્ર્ શરૂ કરવામાં આવી છે.આ ઝુંબેશનો મૂળ હેતુ ઈબેના પ્લેટફોર્મ પરથી ગ્રાહકોએ ખરીદેલા રીફર્બિશ્ડ (રિપેરિંગ કરીને ફરી તૈયાર કરાયેલા) ઉત્પાદનો અંગે માહિતગાર કરવાનો અને આ ઉત્પાદનો નવા જેવી જ ગુણવત્તા ધરાવે છે તેવું બતાવવાનો છે.

આ ઝુંબેશના ભાગરૂપે,ગ્રાહકો .ીહ્રહ્રઐ.હ પરથી ઈલેક્ટ્રોનિક ચીજો ૭૦% સુધીની છુટ પર ખરીદી શકે છે.

રીફર્બિશ્ડ સેલ હાલમાં શરૂ થઈ ગયો છે જેમાં ગ્રાહકો ૪ ઓગસ્ટ ૨૦૧૭ સુધી એપલ,સેમસંગ,સોની,વનપ્લસ જેવી લગભગ તમામ અગ્રણી બ્રાન્ડ્સના ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઈબે ઈન્ડિયા વર્ષ ૨૦૧૫માં રીફર્બિશ્ડ ઉત્પાદનો લાવનારી પ્રથમ કંપની હતી જેમાં ૧૫થી વધુ સુનિયોજત વિક્રેતાઓ સાથે ભાગીદારી કરવામાં આવી હતી.તેનના લોન્ચિંગથી જ અમને રિફર્બિશ્ડ ઉત્પાદનોની માંગમાં વિપુલ વધારો જોવા મળ્યો છે.

ગ્રાહકો હવે ૧૦૦% મૂળ ગુણવત્તાની પરીક્ષણ થયેલા,સંપૂર્ણપણે કામ કરતા અને શહેજ પણ ખામી વગરના ઉત્પાદનો માન્ય વોરંટી સાથે અકલ્પ્ય કિંમતે ખરીદી શકે છે.

તેઓ હવે એવા ઉત્પાદનો પણ ખરીદી શકે છે જે ખરીદવાનું તેમનું સપનું હતું પરંતુ ખિસ્સા પર ખૂબ ભારણ પડતું હોવાથી ખરીદી શકતા નહોતા.

### આત્મચિંતન

# ઉત્કૃષ્ટ ભાવનાઓનું મહત્વ

ધનવાન લોકોનું વ્યક્તિગત, પારિવારિક તથા સામાજિક જીવન કલેશ અને દ્વેષથી ભરેલું રહે છે.પૈસાની સાથે સાથે દુર્ગુણો વધતાં તે દોલત ઉલટી વિપત્તિનું કારણ બનતી જાય છે.આથી ઉન્નતિની સાથે સાથે વિવેકશીલતા અને સદપ્રવૃતિઓની અભિવૃધ્ધિ પણ અવશ્ય થતી રહેવી જોઈએ.

આત્મ કલ્યાણની લક્ષ્યપૂર્તિ તો સર્વથા સદપ્રવૃત્તિઓ પર જ આધારીત છે.ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો અને સ્વર્ગ તથા મુક્તિ મેળવી શકવી કેવળ તેમને માટે જ શક્ય છે કે જેમના વિચાર અને કાર્ય ઉચ્ચ કોટીના, આદર્શવાદી તથા પરમાર્થની ભાવનાઓથી ઓત પ્રોત હોય, કુકર્મી અને પાપપ્રવૃત્તિઓમા ડૂબેલા લોકો ગમે તેટલું ભજનપૂજન કરે છતાં તેમને ઈશ્વરના દરબારમાં પ્રવેશ મળશે નહી.

ભગવાન ઘર ઘરનો વાસી છે.તે ભાવનાઓને પરખે છે અને આપણી પ્રવૃત્તિઓને સારી રીતે જાણે છે તેમને કોઈ બાહ્ય ઉપચારથી બહેકાવી શકાય નહી.તેઓ કોઈના પર ત્યારે કૃપા કરે છે કે જ્યારે તેની ભાવનાની ઉત્કૃષ્ટતા પારખી લે છે.તેમને ભજન કરતાં ભાવ વધારે વહાલો છે.ભાવનાશીલ વ્યક્તિ ભજન વિના પણ ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે.પરંતુ ભાવનાહીન વ્યક્તિ કેવળ ભજનના બળે લક્ષ્ય પ્રાપ્તિ કરી શકતી નથી.લૌકિક અને પરલૌકિક, ભૌતિક અને આધ્યાત્મિક કલ્યાણને માટે ઉત્કૃષ્ટ ભાવનાઓની અભિવૃધ્ધ ખૂબ આવશ્યક છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ઝી ક્લાસીક પર અગ્નિ સાક્ષીમાં જૂઓ નાના પાટેકરની રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરેલ પર્ફોર્મન્સ

હિન્દી સિનેમાના સફળતાનો શ્રેય કેટલાકએવા કલાકારોને જાય છે, જેઓએ પોતાનીફિલ્મોમાં ખૂબ જ સુંદર અભિનય કર્યો છે.તેમાંના એક છે ફેમસ કલાકાર નાના પાટેકર,જેઓએ પોતાના ચાર દાયકાના લાંબા કેરિયરમાં ઘણા યાદગાર પર્ફોર્ન્સ આપ્યા છે જેઆજે પણ આપણને યાદ છે. હવે વો જમાનાકરે દિવાનાની પોતાની બ્રાંડ વિચારધારા સાથેઝી ક્લાસીક રવિવાર ૩૦ જુલાઈ સાંજે ૭વાગ્યે દર્શકો તેમજ ક્રિટિક્સ દ્વારા વખણાયેલઅગ્નિ સાક્ષી ફિલ્મ રજૂ કરવા જઈ રહ્યું છે.પાર્થો ઘોષના નિર્દેશનમાં બનેલ ફિલ્મ અગ્નિ સાક્ષીમાં જેકી શ્રોફ, મનીષા કોઈરાલા, અને નાનાપાટેકર મહત્વની ભૂમિકામાં છે. ઝી ક્લાસીક પર નિહાળો અગ્નિ સાક્ષી ફિલ્મ ૩૦ જુલાઈ સાંજે ૭ વાગ્યે

# સૂર્યાએ ૬૦ ટકા સુધી વીજળી બચત કરનારા સુપર એનર્જી એફિસિએન્ટ BLDC સીલિંગ ફેન લોન્ચ કર્યા




સૂર્યા એ સમગ્ર દેશમાં રિવૉલ્યુશનરી સુપર એનર્જી એફિસિએન્ટ BLDC SS-32 સીલિંગ ફેન લોન્ચકર્યા છે. આ ફેન અન્ય ફેનની સરખામણીમાં માત્ર ૩૨ વૉટ વીજળીનો વપરાશ કરીને ૬૦ ટકા સુધી વીજળીની બચત કરે છે. આ પંખામાં વીજળી વપરાશ ઓછી કરતી Sinusoidal BLDC Technologyની સાથે બેસ્ટ ક્વૉલિટીની BLDC મોટર લાગેલી છે. આ પંખા ઓછા વોલ્ટેજમાં પણ વધુ હવા આપે છે. SS-32 BLDC ફેનની ખૂબીઓ આ છે કે અનેકગણી સ્પીડ ૩૬૦ RPM ની સાથે ૨૨૦ ઝસ્સ હવા આપીને માત્ર 32W વીજળીનો વપરાશ કરે છે. આ પંખામાં ૫ સ્પીડ કંટ્રોલની સાથે રિમોટ પણ છે તથા૧૦૦% કૉપર વાઈડિંગ પણ છે. આ પંખા પર વોલ્ટેજ ફ્લક્યુએશનની અશર નથી થતી તથા આ ૧૪૦ વોલ્ટથી ૨૪૦ વોલ્ટ સુધી વીજળીનું ફ્લક્ચ્યેશન સહી લે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં અમે ૨૫૦ કરોડ રૂ.નો કારોબાર કર્યો. પોતાના આ ઈનોવેટિવ અને અત્યંત આધુનિક ટેકનિકને ભારતીય બજારમાં રજૂ કરતા અમને ખૂબ જ ગર્વ મહેસૂસ થાય છે. જલ્દી જ અમે આ પંખામાં ૩૬''/૪૨"/૫૬'' સ્વીપની સાથે આ ડેકોરેટિવ વર્જન પણ રજૂ કરશે.

# હવે મોનસૂન તમારા ઘરને દુર્ગંધિત નહી કરે ! બોમન ઈરાની અને એમ્બી પ્યોર લઈને આવ્યા છે રાહત



ભારતમાં મોનસૂન ખુશીઓ માટે સૌથી યોગ્ય ઋતુ છે. આરામથઈ બેસીને અને હાથમાં ગરમાગરમચાની પયાલી સાથે જૂની યાદોમાં ખોવાઈ જવાની આ સૌથી સુંદર ઋતુ છે. એમ્બી પ્યોર ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા થર્ડ પાર્ટી સર્વેક્ષણમાં આ વાત સામે આવી છે કે ૯૬ ટકા મહિલાઓજ્યારે મોનસૂન વિશે વિચારે છે ત્યારે જૂની યાદોમાં ખોવાઈ જાય છે, જ્યારે ૮૪ ટકા મહિલાઓનું માનવું છે કેમોનસૂનમાં પોતાના ઘરને સુગંધિત બનાવી રાખવા માટે તેમને ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે. ભારતીય મહિલાઓ માટેખાસકરીને તે વિસ્તારોમાં જ્યાં વધુ વરસાદનો સામનો કરવો પડે છે, આ ઋતુ પોતાની રીતે અનેક પડકારો લઈનેઆવે છે. ભલે ઘરમાં કપડા, ભીની છત્રી, રેનકોટ સુકાવવા વગેરમાં એક અનોખી પ્રકરાની દુર્ગંધ ઘરમાં ફેલાય છે, આ વાતને સર્વેક્ષણમાં ૯૦ ટકા મહિલાઓએ સ્વીકારી છે.નીલ્સન દ્વારા આયોજિત આ સર્વેક્ષણમાં આ વાત સામે આવી છે કે ૭૮ ટકા મહિલાઓના રોજિંદા સાફ-સફાઈ બાદપણ ઘરોથી મૌનસૂન દરમ્યાન ભેજ, ગંધનો સામનો કરવો પડે છે. મૉનસૂનની મુશ્કેલી આપતી આ ગંધ પૂરાવાતાવરણમાં ફેલાઈ જાય છે, જેનાથી એવું લાગે છે કે ઘરની સફાઈ સારીરીતે નથી કરવામાં આવી. સાથે જ આ મૂડનેપણ બગાડી શકે છે, કેમકે ગંદી, ભેજવાળી હવા ઉદાસ કરી શકે છે. ચિડ પેદા કરવા ઉપરાંત, આ મૉનસૂનની ગંધમહેમાનોની સામે તમારી છાપ બગાડી શકે છે, જેનાથી સોસાયટીમાં અસહજ સ્થિતિ બની શકે છે. ૭૪ ટકા મહિલાઓ મૉનસૂનમાં ઘરમાં આવનારી અજીબ પ્રકારની ગંધના કારણે મહેમાનોને બોલાવવાથી બચે છે.

# વિ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા અતિ ભારે વરસાદના અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું



અમદાવાદ

આજે જયારે આકાશી આફત સમગ્ર ગુજરાતને ઘમરોળી રહી છે. ત્યારે સામાન્ય માણસ માટે જીવન કપરું થઈ રહ્યું છે. ખાસ કરીને ઝુંપડપટ્ટીમાં રહેતા મજુર વર્ગને ખૂબ તકલીફ થઈ રહી છે.આ પરિસ્થિતિમાં વિ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં ઝૂપડામાંરહેતા લોકો માટે 'ફૂડ પેકેટ' નું વિતરણ કરવામાં આવી રહ્યું છે.આ કાર્યક્રમમાં ૨૦ થી વધુ સક્રિય કાર્યકરો દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી ખાદ્ય સામગ્રી પહોચાડવામાં આવી હતી'આવી પડેલી કુદરતી આફતસામે લોકો લડી રહયા છે. ત્યારે રોજ કમાણી કરી રોજ ખાનારા માટે કપરો સમય સાબિત થઈ રહ્યો છે.આ સમયે વરસાદી અસરગ્રસ્તો સુધી પહોચી ખાદ્ય સામગ્રી પહોચાડવા માટે વિ હેલ્પ ફાઉન્ડેશનના ૨૦થી વધુ સક્રીય કાર્યકરો સક્રીય રીતે પોતાની નૈતિક ફરજ બજાવી હતી.આ કાર્યક્રમમાં વિ –પબ્લિશર્સ સોલ્યુશનના શ્રી વિઝન રાવલ, રાષ્ટ્રીય એકતા સમિતિના શ્રી મનોજ મોર્ય, વેનગાર્ડ હોલિડેઝના શ્રીમતી અદિતી અગ્રવાલે પણ સક્રિય ભૂમિકા અદા કરી હતી.

# ફિનટેકનું સાહસ અર્લીસેલરીનો અમદાવાદમાં પ્રવેશ



ફિનટેક સ્ટાર્ટઅપ અર્લીસેલરી.કોમ દ્વારા અમદાવાદમાં કામગીરી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પુણે, બેન્ગલોર, ચેન્નાઈ, મુબઈ, હૈદરાબાદ, દિલ્હી એનસીઆર અને જયપુરમાં લોન્ચની સફર સિરીઝ પછી તેની આ આઠમી બજાર છે.અર્લીસેલરીનું લક્ષ્ય યુવા વ્યાવસાયિકોને મહિનાને અંતે તેમની નાણાકીય જરૂરતમાંથી બહાર આવવા માટે ટેકો આપવાનું છે.કંપની ૩૦ દિવસ સુધી માટે રૂ.૮૦૦૦થી લઈને રૂ.૧,૦૦,૦૦૦ સુધીની તત્કાળ લોન આપે છે.આ એપને એન્ડ્રોઈડ અને આઈઓએસ મોબાઈલ એપ મંચોમાં ટૂંક સમયમાં જ ૫ લાખથી વધુ ડાઉનલોડ્સ પ્રાપ્ત થયા છે અને આજ સુધી ૨૫,૦૦૦ ગ્રાહકોને લોનનું વિતરણ કર્યું છે.

મે ૨૦૧૭માં અર્લીસેલરીએ આઈડીજી વેન્ચર્સ અને ડીએચએફએલ પાસેથી ૪૦ લાખ ડોલરના ફન્ડિંગની તેની સિરીઝની જાહેરાત કરી હતી.

અર્લીસેલરી સેલરી એડવાન્સ વિકલ્પ છે, જે વ્યકિતને તેના માસિક પગાર સામે તત્કાળ ધિરાણની મર્યાદા મેળવવાની સુવિધા આપે છે,જે દિવસ કે રાત કોઈ પણ સમયે તેને માટે ઉપલબ્ધ બની શકે છે.તેણે તેના બેન્ક અકાઉન્ટમાં તત્કાળ સેલરી એડવાન્સ જમા કરવા માટે તેના ફોને ફકત ટેપ કરવાનો રહે છે.ધિરાણ રેખા રાખવી તે ગ્રાહકો માટે કોઈ ખર્ચ નથી.વિતરણ પર અર્લીસેલરી.નજીવો ખર્ચ લાગુ કરે છે,જે રૂ.૧૦,૦૦૦ દીઠ વ્યાજ સામે ફકત રૂ.૯ જેટલો ઓછો છે.અમદાવાદ અને ગાંધીનગર આઈટી માટે નવું કેન્દ્ર તરીકે ઊભરી રહયા છે અને આ ઔધોગિક કેન્દ્રે યુવા પેઢીના વ્યાવસાયિકોને વ્યાપક શ્રેણીની કારકિર્દીની તકો પૂરી પાડી છે.

# શહેરમાં હજારો બાળકોને ફનીની તલાશ !




શું તમે ફની ગુમ થયો હોવાનું સાંભળ્યું છે ? આ વહાલું અને મજેદાર પાત્રના પ્રેમમાં બાળકો પડી ગયા છે. હવે આખા દેશના બાળકો ફનીની તલાશમાં છે. તમને તે સોની વાયએવાય પર રોજ બપોરે ૧ થી ૩ વચ્ચે ટેલીવિઝન પર જ જોવા મળશે.

બાળકો માટે નોન મસ્તી, મનોરંજન અને પ્લે પ્રસ્તુત કરતી સોની વાયએવાય દ્વારા ફાઈન્ડીંગ ફની લોંચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જે મોજીલી પ્રવૃત્તિ બાળકોને તેમની ખોજ કરવાની લગનીને પ્રોત્સાહન આપે છે. તો વહાલા ફનીને શોધી કાઢવા માટે યુવા શોધકોએ શું કરવાનું છે ?તેમણે બસ ચેનલ શરૂ કરવાની છે અને તેમનો મનગમતો શો ગુરૂ ઔર ભોલે અને સબ ગોલમાલ હૈ જોતાં જોતાં તેમના ટેલી. સ્ક્રીન પર આ પાત્ર શોધી કાઢવાનું છે. વળી મોજમસ્તી અહીં પુરી થતી નથી. આ પ્રવૃત્તિ બાળકોને અમુક સૌથી કુલ ગેજેટસ અને ગુડીઝ જીતવાનો પણ મોકો આપે છે. આ રોમાંચને તેમનાં ઘરથી સ્કૂલ સુધી વિસ્તારતા ચેનલ વ્યાપક સ્કૂલ સંપર્ક કાર્યક્રમ પણ લાવી રહી છે. અનેક ગેમ્સ, કવીઝ, સ્પર્ધા, ઈનામો અને ઘણું બધું સાથે આ એકટીવીટી દેખીતી રીતે જ તેમના સ્કૂલના જીવનની મોજમાં ઉમેરો કરશે. નાના બાળકો માટે ઘણી બધી રોમાંચિત પ્રવૃત્તિઓ સાથે સોની વાયએવાય ! નિશ્ચિત જ બાળકો માટે આખરી ખુશીનું સ્થળ એવા તેના સૂત્રને વળગી રહી છે.

# ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલન્ટન્ટસના પ્રમુખપદે વરણી



પાલનપુર બાનાસકાંઠા જિલ્લાના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બકુલભાઈ આઈ.શાહની ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલન્ટન્ટસ ના ૨૦૧૭ - ૧૮ ના વર્ષ માટે સર્વાનુમતે પ્રમુખ તરીકે નિમણુંક થયેલ છે. આ ફેડરેશનનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજય છે. ફેડરેશનમાં આશરે ૧૧૦૦ વ્યક્તિગત સભ્યો અને ૩૦ જેટલા સંસ્થાકીય સભ્યો છે. ઉત્તર ગુજરાતમાંથી આવું બહુમાન મેળવનાર તેઓ પ્રથમ વ્યક્તિ છે. આ ફેડરેશનમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ, ટેક્ષ પ્રેકટીશનર્સ (ડાયરેકટ - ઈન્ડાયરેકટ ટેક્ષની પ્રેકટીસ કરનાર દરેક વ્યક્તિ) સભ્ય થઈ શકે છે.

# વર્ષાવાસની સફળતા માટે શું ?

વિવિધ ફુલોની સુગંધ અને સૌદર્યથી શોભતા બાગ જેવો વિવિધ ધર્મો અને વિવિધ ધર્મના સાધુ, સંતો, મૌલવીઓ, બાવાઓ, પાદરીઓથી શોભતો ભારત દેશ છે અનેક ધર્મના ઈષ્ટદેવોની જન્મભૂમી, કર્મભૂમી, નિર્વાણ ભૂમી છે.આ રીતે વિચારતાં ભારત દેશ દરેક માટે તીર્થ ભૂમિ છે.જેથી ભારતમાં સરકાર કે મ્યુ.દ્વારા કતલખાનાં ચાલે તે ભારત માટે શોભાસ્પદ નથી ! પશું માનવ ઉપયોગી પ્રાણી છે.તે જન્મથી જીવે ત્યાં સુધી જ ઉપયોગી છે તેવું નથી પણ મૃત્યુ પછી ઉપયોગી છે.પર્યાવરણની સુરક્ષા માટે દેશને આર્થિક રીતે મજબુત કરવા માટે પશુ સુરક્ષા જરૂરી છે.માનવ કરતાં પશુ પક્ષી, વનસ્પતિની સંખ્યા વધુ હોવી જોઈએ.

વર્ષાવાસ એટલે ચાતુર્માસ, ધર્મની મોસમ, હિન્દુઓના અને જૈનોના મોટા ભાગના મહત્વના તહેવારો ચોમાસાના ચાર માસ માટે હિન્દુ, જૈન સાધુસંતો મહંતો, જીવહિંસાથી બચવા, સ્વ અને પરના કલ્યાણ માટે, સ્વાધ્યાય માટે, ધર્મારાધના, જાપ, પ્રભુભક્તિ, ધ્યાન યોગ, કરવા કરાવવા માટે કોઈ એક ચોક્કસ ગામ ચોક્કસ સ્થળે સ્થિરવાસ કરે, કોઈની ધાર્મિક લાગણી દુભાય નહી અંદરો અંદર ખોટા ઘર્ષણ થાય નહી માટે વર્ષાવાસ ચોમાસાના ચાર માસ સદંતર કતલખાના હિંસા તેમજ માંસ મચ્છી-ઈંડાના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તેવું જીવદયા પ્રેમી-ધર્મપ્રેમી લોકો ઈચ્છે છે.

વર્ષાવાસમાં કતલ કરેલ જીવોનું કોઈ અંગ લોહી ક્યાંય પડ્યા હોય તો તેનાથી પુષ્કળ મચ્છર, ગંદકી થાય છે.દુર્ગંધ મારે છે.રોગચાળો ફાટી નીકળવાનો, ઝાડા ઉલટી થવાનો ભય રહે છે.પ્રદુષણ ફેલાય છે.પર્યાવરણને નુકશાન થાય છે.જેથી માનવ આરોગ્યની સુરક્ષા માટે ચોમાસામાં હિંસા ઉપર સખત પ્રતિબંધ મુકાય અને તેનો કડક અમલ થાય તેવું જનતા ઈચ્છે છે.

માંસાહાર જીવન જરૂરી આહાર નથી.શાકાહાર જીવન જરૂરી આહાર છે.દરેકનો આહાર છે.માંસાહારી શાકાહારી છે જ્યારે શાકાહારી માંસાહારી નથી.માટે સર્વના હીત માટે કાયમી પશુહત્યા ઉપર પ્રતિબંધ મુકવા જેવો છે.આ માટે દરેક ધર્મના ધર્મગુરૂઓએ પ્રયત્નો કરવા જોઈએ પણ કેટલાક પોતે જ માંસાહારી હોવાથી તેમના ધર્મને વફાદાર ન હોવાથી જાહેરમાં સાચી વાત કરવા પ્રયાસ કરવા તૈયાર નથી તેવી લોક ચર્ચા સાંભળી દુઃખ થાય છે.સાચુ શું છે તે તેઓ ખુલાસો કરે તો જ દરેકને ખ્યાલ આવે પોતાનો ધર્મ-સમાજ, રાષ્ટ્રનું હીત જેના હૈયે હોય તેમણે જેમનું જીવન ઉંચુ છે તેમણે જાહેર પ્રવચનો રાખવા જોઈએ.માંસાહાર, વ્યસન, ફેશન, વ્યભિચારથી દૂર રહી લોક જાગૃત્તિ, લોક સંગઠન, અભિયાન શરૂ કરવું જોઈએ.જૈન દર્શનમાં, જ્ઞાનદર્શન, ચારિત્ર અને તપને ખૂબજ મહત્વ આપવામાં આવ્યુ છે.નવકાર મહામંત્રમાં પ્રથમ બે પદ દેવનાં(ત્રણ-ચાર-પાંચ)પદ ગુરૂનાં અને છેલ્લાચાર પદ નવકાર મહામંત્રનાં મહત્વ સમજાવતાં છે.આમ પાંચ અને નવનો માંગલીક આંકમાં નવકાર મહામંત્ર છે જેની આરાધના વર્ષાવાસમાં કરવામાં આવે છે.જૈનધર્મમાં ધાર્મિક દ્રષ્ટિએ ઉપવાસનું અને ઉકાળેલ પાણીનું મહત્વ છે તેમ આરોગ્યની દ્રષ્ટિએ વિજ્ઞાનિક દ્રષ્ટીએ મહત્વ છે.

ચાતુર્માસમાં હિન્દુ ધર્મના અનેક પ્રકારના જુદા જુદા તહેવારો આવે છે.દરેકનો પૂર્વ ઈતિહાસ અલગ અલગ છે. આ તહેવારોની શ્રધ્ધાળુઓ ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી દયાદાન સેવા પ્રવૃત્તિ કરે છે.અને અનેક અનુષ્ઠાનો કરાવે છે.જેથી તેમના ઉત્સાહમાં વૃધ્ધિ માટે, કોમી એકતાની વૃધ્ધિ માટે ચારમાસ હિંસા બંધ માટે દરેક ધર્મના ધર્મગુરૂઓ પોતાના ભક્ત વર્ગને સમજાવે તો આ કાર્ય અશક્ય નથી.માનવ હૃદય પરિવર્તન ધર્મગુરૂઓ દ્વારા જ શક્ય છે. બોલવાના જુદા અને ચાવવાના જુદા જેવું ધર્મગુરૂઓનું વર્તન માનવ ઉપર પ્રભાવ પાડતું નથી.

પ્રચાર માધ્યમો, પ્રિન્ટ, મીડીયા, દ્વારા દરેક ધર્મનાં પર્વોનું મહત્વ સમજાવતા વધુમાં વધુ લેખો પ્રગટ થાય.ઈલેક્ટ્રીક મીડીયા દ્વારા ભક્તિગીતો, સ્તવનો, સજઝાયો, વાર્તાલાપનું પ્રસરતા તેમજ આરાધનાનું દયાદાન સેવાનું જીવીત પ્રસરણ થાય તેવું લોકો ઈચ્છે છે.

**- મહેતા પારસ પ્રવીણચંદ્ર**
**મુ.સુરત (પત્રકાર)**

# વરૂણ સાડથે ભૂમિકા કરીને જેક્લીન ભારે ખુશ

યુવા પેઢીમાં લોકપ્રિયતા ધરાવનાર વરૂણ ધવન સાથે કામ કરીને જેક્લીન ભારે ખુશ છે. તેને લાંબા સમય બાદ વધુ એક મોટી અને હિટ ફિલ્મ હાથ લાગી ગઈ છે. જે તેની કેરિયરનાં નવો વળાંક લાવી શકે છે. વરૂણ સલમાનખાન અભિનિત સુપરહિટ ફિલ્મ જુડવાની સિક્વલમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મ તેના પિતા ડેવિડ ધવન જ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં જેક્લીનને ડલેવામાં આવી છે. વરૂણ પિતાની ફિલ્મમાં કામ કરવાને લઈને ભારે ઉત્સુક છે. હાલમાં જ થ્રીલર ફિલ્મમાં કામ કરીને તમામ ચાહકોને ચોંકાવી દીધા હતા. સાથે સાથે સાબિતી પણ આપી હતી કે તે એક્શન અને થ્રીલર ફિલ્મોમાં પણ સફળરીતે કામ કરી શકે છે. નેગેટિવ રોલ પણ તે સારી રીતે કરી શકે છે તે બાબત સાબિત કરવામાં તે સફળ રહ્યો છે. શ્રીરામ રાઘવનની ફિલ્મમાં વરૂણે બદલો લેવાની ભાવના ધરાવનાર યુવાનની ભૂમિકા અદા કરી હતી. તાજેતરમાં જ એક મુલાકાતમાં વરૂણે કહ્યુ હતુ કે તે હમેંશા એક થ્રીલર ફિલ્મ કરવા માંગતો હતો અને આખરે શ્રીરામ રાઘવનની ફિલ્મ મારફતે તેની ઈચ્છા પૂર્ણ થઈ હતી. હજુ સુધી વરૂણની પ્રતિષ્ઠા રોમેન્ટિક હિરો તરીકેની રહી છે. પરંતુ હવે તે ક્રાઈમ થ્રીલર ફિલ્મમાં પણ સફળ રીતે રોલ અદા કરી ગયો છે.

લોકપ્રિય વરૂણે કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે બોલિવુડમાં સફળરીતે એન્ટ્રી કરી હતી. પ્રથમ ફિલ્મથી જ તે લોકોમાં લોકપ્રિય બન્યો હતો. મે તેરા હિરો ફિલ્મમાં પણ તે સફળ રહ્યો હતો. જુડવાની સિક્વલ ફિલ્મમાં તેની સાથે બે અભિનેત્રી કામ કરી રહી છે. જે પૈકી એક જેક્લીન અને બીજી તાપ્સી પન્નુનો સમાવેશ થાય છે. બન્ને અભિનેત્રીઓ હાલમાં જુદા જુદા રોલ કરીને પોતાની કુશળતા સાબિત કરી ચુકી છે. તાપ્સી પિન્ક બાદ ભારે લોકપ્રિય થઈ રહી છે.

# જીવનશૈલી

પ્રજામાં ઉપભોકતાવાદ અને પાશ્ચાત્ય જીવનશૈલી ચરમસીમાએ પહોંચી છે. ચોકલોટ - બિસ્કટ - બ્રેડ - પીઝા - પાઉં - કેક - કેટબરી - આઈસ્ક્રીમ - પેપ્સી - કોક અને હોટલની ખાણીપીણી વગર આજની પેઢી બેચેન બની જાય છે. આ બધી ચીજોના ચટકા વગરનું જીવન નિરસ લાગે છે. ખાવાપીવાની આ લકઝરી આઈટમો એમને જીવાદોરી સમી લાગવા માંડી છે. સુધારાને નામે વિકાસને નામે નવી પેઢીને આ લતના વ્યસની બનાવી દેવાયા છે.

લોભામણી જાહેરખબરોની મોહકજાળમાં ભૌતિકવાદ એ હદે ફૂલ્યો ફાલ્યો છે કે યુવા આલમની જીવનશૈલી અનિયંત્રિત અને કાબુ બહાર જઈ રહી છે. એક સમય એવો હતો કે જયારે આપણી પરંપરાગત પ્રણાલિકાને અને વડીલોની સલાહને આપણે શિરોમાન્ય ગણી આવક પ્રમાણે ખર્ચ કરતા હતા. જયારે આજે તો દેવુ કરીને મોજશોખ કરાય છે. આશ્ચર્ય એ વાતનું છે કે આ વ્યવસ્થા આજે પ્રતિષ્ઠિત બની રહી છે.

અરે ભાઈ લોન લો - દેવું કરો પણ ટી.વી. - કોમ્પ્યુટર - મોબાઈલ - મોટર તો વસાવો જ. યુવાનો અને યુવતીઓ આ ખ્વાબની દુનિયામાં રાચી રહ્યાં છે. ત્યારે એટલું કહેવાનું કે યુવા પેઢી અને આથમતી પેઢી બિનજરૂરી ખોટા ખર્ચા ઓછા કરી સાદગી અપનાવી ભારતીય રહેણી - કરણી (જીવનશૈલી) તરફ પાછી ફરે. નહિં તો વર્તમાનની આ વૈભવી અને ખર્ચાળ રીતરસમ દેશને દેવાળિયો બનાવશે. તંદુરસ્તી જોખમાશે અને બીજા પણ અનિષ્ટો સર્જાશે.

સવાલ એ છે કે આવી બાબતો આંખ ઉઘાડનારી ક્યારે બનશે. !

**સેવંતી મ. સંઘવી**
**(થરાદ)**

# અંતર્દષ્ટિ-સાચો ધર્મ

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે સાચો ધર્મ એ છે જે વિજ્ઞાનની કસોટી પર સાચો સાબિત થાય. અરવિંદ ઘોષે પણ કહ્યું છે કે ભવિષ્યમાં જે પણ વિશ્વ ધર્મ હશે તેનું નામ હશે સાયન્ટિફિક રિલીજન. ધર્મના ચાર ચરણ છે- સત્ય, તપ, દાન અને નિષ્કામ કર્મ. સત્યનું શિક્ષણ રાજા હરિશ્ચંદ્રની કહાનીથી, તપનું શ્રીરામના જીવન ચરિત્રથી, દાનનું શિક્ષણ મહાભારતના રાજા કર્ણથી અને નિષ્કામ કર્મનું શિક્ષણ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આપીને ઋષિઓએ ભારતીય સંસ્કૃતિને સર્વશ્રેષ્ઠ ધરોહર બનાવી. શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું કે યોગનું શિક્ષણ મેં સર્વપ્રથમ સૂર્યને આપ્યું. યોગનો અર્થ છે પ્રાકૃતિક નિયમ. આ નિયમોને જીવનમાં ધારણ કરવા અર્થાત ઈશ્વરમાં સદા-સદા માટે ભળી જવું મોક્ષ કહેવાય છે. સંપૂર્ણ પ્રકૃતિ સૂર્યનું અનુસરણ કરે છે. ધર્મના આ ચાર મુખ્ય એવા પ્રાકૃતિક સિદ્ધાંત છે જે સાર્વભૌમિક છે. ધર્મના કેટલાક બીજા પણ સિદ્ધાંત છે જે માત્ર વ્યક્તિનું કર્તવ્ય છે જેમ કે અહિંસા, ક્ષમા વગેરે. તે સાર્વભૌમિક છે. તે વ્યક્તિગત છે.

અજ્ઞાનતાવશ તેને પણ ધર્મની યાદીમાં મૂકી દેવાયું છે. તેનાથી નિશ્ચિત રૂપે ભ્રમ ફેલાયેલો છે. માનવતા એક છે, પ્રકૃતિ એક છે અને પરમાત્મા એક છે તેથી ધર્મએ પણ એક જ થવું પડશે. ધર્મ બે કે તેનાથી વધુ ન હોઈ શકે. સંસ્કૃતિઓને ધર્મનો દરજ્જો આપવાથી દેશ-દુનિયામાં વૈમનસ્ય વધ્યું છે. સંસ્કૃતિનો અર્થ છે મન પર છાપ પાડવી, વિશેષ પ્રકારનો સ્વભાવ અથવા આદતનું નિર્માણ કરવું. આ સંસ્કાર કોઈ કાર્યને વારંવાર કરવાથી બને છે. ભારતીય સંસ્કૃતિ માનવને શ્રેષ્ઠ સંસ્કાર પ્રદાન કરીને તેને સાર્વભૌમિક ધર્મને સમજવા અને તેના પર ચાલવાની પ્રેરણા પ્રદાન કરે છે. અજ્ઞાનતાવશ ધર્મ અને સંસ્કૃતિની ભેળસેળ થઈ ગઈ છે, તેથી આ ભાવ ઊંડાણમાં ઘર કરી ગયો છે કે પૂજા કરવી, કથા સાંભળવી ધર્મ છે. આ માનસકિતા ખોટી છે. પૂજા કરવી, શ્રીરામ કથા, શ્રીમદ્ ભાગવત કથા સાંભળવી એ તો સંસ્કૃતિનો હિસ્સો છે.

# કિલ્લોલ કુંજ

બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...

અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

## હાસ્યના હીલોળા

સંતાની ચાની દુકાનમાં એક દિવસ એક શેઠ આવીને બેસી ગયા. શેઠે ચા મંગાવતા કહ્યું કે- તમારી દુકાનમાં માખીઓ ઘણી છે.

સંતા બોલ્યો - શુ કરીએ સાહેબ, જ્યાં ગંદકી હોય છે ત્યો બેસી જ જાય છે.

૦૦૦૦

સંતા - ભાઈ, સરકારે એવો કાયદો કેમ બનાવ્યો કે એક પત્નીના હોવાથી બીજુ લગન ન કરી શકાય.

બંતા - એ માટે કે કયાંક ઘરમાં જ યુદ્ધ ન થઈ જાય.

૦૦૦૦૦

સંતા - મારી પ્રેમિકાની માંગ એટલી મોટી હતી કે મારે તેની સાથેનો સંબંધ કાપી નાખવો પડયો.

બંતા - શુ વાત કરે છે ! તારી પ્રેમિકાની માંગ શુ હતી ?

સંતા - લગ્નની.

૦૦૦૦૦૦૦

બંતા - જ્યોતિષને પોતાનો હાથ બતાવવા ગયો. જ્યોતિષીએ કહ્યુ - કે આજે તમારી પત્નીને જરૂર ધનનો લાભ થશે.

બંતાએ મોઢં બગાડતા કહ્યું - તમે સાચુ કહી રહ્યા છો. આજે હ મારુ પાકીટ ઘરે ભૂલી આવ્યો છ.

સંતા - ડોકટરે કહ્યુ કે તમને કોઈ બીમારી નથી

બંતા - તો પછી, તુ આટલો ઉદાસ કેમ છે ?

સંતા - હું વિચાર કરી રહ્યો છું કે ફી ના ૧૫૦ રૂપિયા બેકાર ગયા.

૦૦૦૦૦૦

## મધુવન

**"પ્રેમમાં ખેંચાણ છે આવી ગઈ શ્રધ્ધા મને,**
**એ હવે કહેવાને આવે છે કે ભૂલી જા મને "**

શિર્ષક શે'રમાં ગુજરાતી ગઝલના ગાલિબ ગણાતા સ્વ.'મરીઝે'પ્રેમની ખેંચાણની અને ભૂલી જવાની વાત ખૂબ સરળ શબ્દોમાં સુંદર રીતે કરી છે.સૌ પ્રથમ બે યુવાન હૈયાઓની આંખો મળે છે.અને હૈયું ઓગળે છે.બંને એકબીજામાં ભળે છે.એકબીજાને જોયા વગર રહી શકતા નથી.અકબીજાની હાજરી સતત ગમે છે.જાણે અજાણ્યે સતત એકબીજાની સમીપ આવવાનાં બહાના શોધે છે.આવું લગભગ થાય છે.જેને પ્રેમ થાય છે.પરંતુ શાયર એથી આગળની વાત કરતાં લખે છે કે આટલા દિવસ તો મને પ્રેમમાં ખેંચાણ છે એના પર આટલો વિશ્વાસ નહોતો પણ એ હવે સામે ચાલી ને આવીને કહે છે કે બસ હવે મને ભૂલી જાઓ.સાચેજ ખેંચાણ છે પ્રેમમાં

**"ભૂલી જવુ એ વાત મારા હાથ બા'ર છે,**
**ને યાદ રાખવું એ તમારો વિષય નથી"**

તમને સમય નથી અને મારો સમય નથી. કોણે કહ્યું કે આપણી, વચ્ચે પ્રણય નથી.મનહર ઉદાસના અવાજે ગવાયેલી આ ખૂબ સુંદર ગઝલનો અતિ સુંદર શે'ર છે.હાથવગી વસ્તુઓ ખોવાય તોય આપણે શોધીને ઉપયોગમાં લઈ શકીએ છીએ.પણ જે વસ્તુ આપણા હાથ બા'ર હોય એટલે કે અશક્ય હોય એની સાથે આપણે કશું કરી શકતા નથી અહિં શાયર ભૂલી જવાની વાતને હાથ બા'ર ગણાવે છે.શાયર યાદોના સહારે જીવતા હોય છે.કવિ,સર્જક જગતથી જુદો જીવતો હોય છે.સંભારણા, યાદગીરી એજ એના જીવનની મૂડી હોય છે.આથી ભૂલી જવાની વાતને ગઝલકાર પોતાના હાથ બહારની વસ્તુ સાથે સરખાવીને પછી બીજી પંક્તિમાં વેદનાને વ્યક્ત કરતાં કહે છે કે યાદ રાખવું એ આપનો વિષય જ નથી તો ભૂલી જવું એ મારાથી શક્ય નથી.યાદ રાખવું એજ મારો મુખ્ય વિષય છે.

**"મુદ્દતે ગુઝરી તેરી યાદ ભી આઈ ન હમેં,**
**ઔર હમ ભૂલ ગયે હો તુઝે ઐસા ભી નહીં"**

ફિરાક ગોરખપુરીના આ શે'રમાં પણ એજ ઉપરની ભૂલી જવા વાળી વાત વ્યક્ત થઈ છે.યાદ આપણે એવી વ્યક્તિને કરતા હોઈએ છીએ કે જેને ભૂલી ગયા હોઈએ.જે શ્વાસોશ્વાસમાં હોય દિલમાં વિશ્વાસમાં હોય એને આપણે યાદ જ કરતા નથી.એ સંબેધો હૃદય જેવા હોય છે.આપણે નીંદ્રાધીન હોઈએ તો પણ એ ધબકતા હોય છે.ક્યારેક એટલેજ આપણે એના તરફ ધ્યાન આપી શકતા નથી અને આથી એવું પણ લાગે કે હૃદયમાં રહેતો માણસ આપણને ફરીયાદ કરે કે આપ આજકાલ મને ભૂલી ગયા છો.બહુ થોડા સંબંધો હોય છે.આવા જગતમાં જે તમારા અવાજના ટોનને ઓળખીને સમજી જાય કે તમે કેવી સ્થિતિમાં છો.તમારી આંખના ઉજાગરાનું કારણ સમજી શકે.સ્પર્શની ભાષા સમજી શકે.મૌનનો મહીમા માણી શકે.આવા સંબેધને આપણે પરમકૃપાળુ પરમાત્માની મૌંઘેરી બક્ષિસ સમજીએ.જાળવીએ એનું જતન કરીએ.આમ તો સાચવવા પડે એ સંબંધો નથી હોતા પણ સાચવી લે એજ સાચો સંબંધ છે.

**"દીવા સમું જો યાદ હોતો ઝળહળી શકું**
**તમને ભૂલીને હું મને ક્યાંથી મળી શકું !"**

દીવા જેવું યાદ છે આપણામાં આ વાક્ય અવાર નવાર બોલતું આવ્યું છે.મહેન્દ્ર જોષીએ એને શે'રમાં આલેખીને સરસ મજાની વાત કરી છે.એકલા માણસનું કોઈ અસ્તિત્વ જ નથી.કોઈના સાથરૂપી પ્રકાશમાં માણસ ઝળહળે છે જીવે છે.ભૂલી જવાની વાત ચાલે છે ત્યારે હમણાં સરસ એક સંદેશ મળ્યો કે 'રોજ સોચતા હું તુમ્હે ભૂલ જાઉ..રોજ યહી બાત ભૂલ જાતા હું ' અંતે 'નઝીર'ભાતરીનો આ શે'ર

**"તારી હરીફ ક્યાંથી ભલા કોઈ થઈ શકે?**
**તુ યાદ આવનારને ભૂલી જનાર પણ!"**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## વાત છગન અને લલ્લુની

છગન નામે એક યુવક વિવેકી અને ભોળો છોકરો સુંદરવન નામના ગામમાં રહેતો હતો. છગનની સાથે તેની વિધવા મા અને નાનાં ભાઈ બહેન રહેતા હતા. એ દરરોજ સવારે નિશાળે જાય અને છુટીને આવ્યા પછી એ ખેતરના વાડાના કામે જાય. આમ મહેનત મજુરી કરીએ પોતાનાં ભાઈ બહેન અને માતાનું ગુજરાન ચલાવતો હતો. એ સમયે બાળમજુરીનો કાયદો આજના જેવો ફૂલ્યો ફાલ્યો ન હતો. એટલે ભણતાં બાળકો ખેતરમાં હોટલોમાં તેમજ એસ.ટી.સ્ટેનડ ઉપર મહેનત કરવા જઈ પોતાનું પેટીયું રળતા.

છગનને નિશાળનો ગોઠીયો લલ્લુ નામે એક ખાસ ભાઈબંધ હતો. એ ભાઈબંધ દરરોજ સવાર સાંજ લલ્લુ અને છગનની જોડી કાયમ તળાવના ઓટલે બેઠેલી જોવા મળે. છગન હોંશિયાર વિવેકી અને મહેનતુ હતો. જ્યારે લલ્લુ મહેનત કરવામાં મોળો હતો. અને હરામનું ખાવામાં એક્કો ગણાતો. કોઈ મંદિર માદેવમાં ગમે તે પ્રસાદી આપવા ભંડારો હોય ત્યાં લલ્લુ જલદી પહોંચી જતો. એ એની વિશેષતાથી પ્રસિદ્ધ થઈ ગયો હતો.

છગનના કુટુંબ ઉપર એક દિવસ આફતના ઓળા ઉતરી આવ્યા. છગનના નાના ભાઈને ટાઈફોઈડની બીમારી આવી ગઈ. છગનનો નાનો ભાઈ આ બિમારીમાંથી ઉઠીને બહાર જઈ શકે એવું નહોતો. છેવટે લલ્લુએ એક યુક્તિ અપનાવી. ગામના નગરશેઠને મળવા ગયો. શેઠ મારી એક વાત સાંભળશો. મારા ગરીબ નવાજજ.. એમ કહી એ શેઠ અબ્દુલને ઘુંટણીયે પડી રડવા લાગ્યો. શેઠને દયા આવી બોલ શું થયું છે દીકરા તું આવા રડમસ અવાજે મને બોલાવે છે.. ?

શેઠ આ ગામમાં મારો એક ભાઈબંધ છગન છે જે મારા સાથે ભણે છે જેનો નાનો ભાઈ માંદો થઈ ગયો છે. તેને ટાઈફોઈડની બિમારીની દવા કરાવવા માટે થોડી આપની રહેમત જોઈએ છે.હું આપના વાડામાં છે એ તમામ ઢોરની રખવાળી કરીશ પણ આપ મને મદદ કરો..શેઠ અબ્દુલલનો જીવ પીગળ્યો.. એ લલ્લુ આ પાંચસો રૂપિયા લઈ જા અને પેલા છોકરાનીદવા કરાવજે.. મારા આ જાનવરોની રખેવાળી તું છ મહીના કરજે. બસ મારે પૈસા પરત જોઈતા નથી.

શેઠે આપેલા રૂપિયા પાંચસોને લઈ લલ્લુ છગનના ઘેર ઉપડી ગયો. છગન સાથે તેના ભાઈને લઈને દવા કરાવવા નજીકના ગામમાં ગયો. દાકતરે એકાદ અઠવાડીયાની દવાઓ આપી રૂપિયા ત્રણસો લીધા. બાકીના પૈસામાં ફળફળાદિથી સેવા શરૂ કરી દીધી. ભગવાનની મહેરબાનીથી છગનનો નાનો ભાઈ લગભગ આઠ દસ દિવસે હરતો ફરતો થઈ ગયો. લલ્લુ તેને જોઈને રાજી થઈ ગયો. આવી મિત્રતાની સચ્ચાઈ અને દોસ્તી જોઈ ભગવાનને પણ દયા ઉપજી આવી. બસ સાચી દોસતી અને દિવાનદારી એ ઉપરવાળો પણ કબુલે છે. ખરેખરા દોસ્તો છગન અને લલ્લુ એક અજાયબ દોસ્તી..

**હંસામૃતવાલમીયા**
**અમદાવાદ**

## મહાન વિભુતી

જાપાનનો સમ્રાટ કોઈ ઊંડા વિચારોમાં બેઠો હતો. એ સમયે એમનો મંત્રી કોઈ સંતને લઈને સમ્રાટ પાસે આવ્યો. સમ્રાટે વિનયપૂર્વક તે સંતને આવકાર આપ્યો.

એ સંતનું નામ હતુ કોન્ફ્યુશિયસ. થોડીવાર પછી સમ્રાટે તે સંતને પૂછ્યું 'તમે તો અવાર નવાર પર્યટન કરો છો... દેશ પરદેશ ફરો છો. ઘણા વખતથી મારા મનમાં તમને મળવાની ઈચ્છા જાગૃત થઈ હતી. જે આજે પૂરી થઈ '

સંતે સ્નેહભરી દૃષ્ટિથી સમ્રાટની સામે જોયું.

રાજાએ વિનયપૂર્વક સંતને કહ્યું 'તમારા પરિભ્રમણ દરમ્યાન તમે અનેક માણસોના સંસર્ગમાં પણ આવ્યા હશો. જગતમાં જે મહાનમાં મહાન હોય તેને મળવાની ઈચ્છા છે.'

સંતે કહ્યું 'સમ્રાટ અત્યારે તો મારી દૃષ્ટિએ તમેજ મહાન મહાન છો.'

'હું ?' સમ્રાટને આશ્ચર્ય થયું 'તમે મને કઈ રીતે મહાન ગણો છો ? કદાચ હું આજે સમ્રાટ છું . એટલે બધા કરતા મહાન ગણો છો ?'

'ના, મહારાજ !' સંતે કહ્યું, ' આ દુનિયાના સિંહાસન ઉપર અનેક સમ્રાટો આવ્યા અને ચાલ્યા ગયા. કેટલાક સમ્રાટો દ્વારા સામ્રાજયનો ઉદય થયો અને કેટલાકના નામો નિશાન પણ નથી રહ્યા.

કેટલાકના સામ્રાજયનું પતન પણ થયું છે. પરંતુ એક માનવી તરીકે આજે હું તમને મહાન ગણું છું '

'પણ મને તે યોગ્ય નથી લાગતું'

'રાજન' સંતે કહ્યું 'જે માણસના મનમાં સત્યને જાણવાની પામવાની જિજ્ઞાસા જાગે છે એ જ મહાનતાની પ્રથમ નિશાની છે....!

સંતનો જવાબ સાંભળીને સમ્રાટ ઊંડા વિચારમાં પડી ગયો.

'તો પછી મારાથી મહાન કોણ છે તે મને કહો. એટલે તેને મળીને હું કૃતાર્થ થાઉ...!'

' રાજન, તો પછી હું તારાથી પણ મહાન છું '

' તમે ? કંઈ રીતે ? '

'હું સત્યનો ઉપાસક છુ. સત્યની ઉપાસના કરે એ ખરેખર મહાન ગણાય છે.'

' તો પછી તમારાથી પણ કોઈ મહાન હશે. ને ? મને એ માનવીના દર્શન કરાવો' સમ્રાટે કહ્યું.

'વાત તો બરાબર છે.' સંતે કહ્યું, 'મારા ધ્યાનમાં એક એવી વિભૂતિ છે.'

'તો પછી મને તેની પાસે લઈ જાવ. હું મારો રથ તૈયાર કરાવું છું. હું મારા રસાલા સાથે તમારી સંગાથે આવીશ.'

' રાજન, એ મહાન માનવીને જોવા આપણે દૂર જવાની જરૂર નથી.એ બહુ જ નજદીક છે. આપણા જ રાજયમાં છે.'

રાજાને આશ્ચર્ય થયું.

'મારા રાજયમાં આવી મહાન વિભૂતિ રહે છે. અને મને એની ખબર પણ નથી. સંત તમે જલદી કરો. મને તેના દર્શનની તાલાવેલી લાગી છે.'

'ચાલો' કહી સંત ઊભા થયા. 'રાજન તમારે રસાલો લેવાની જરૂર નથી. તેમજ રથમાં પણ જવાનું નથી. આપણે તે વિભૂતિને મળવાને માટે પગપાળા જ જવાનું છે.'

રાજા પોતાના સિંહાસન ઉપરથી ઉતર્યો. બંને જણા રાજમહેલની બહાર નીકળ્યા. નગરને પાદરે પહોચતા તેમને એક પર્ણ કૂટી દેખાઈ. તેની બાજુમાં થોડીક ખુલ્લી જમીન હતી. એ જમીન ઉપર એક વૃદ્ધ માનવી કોઈ વૃક્ષ રોપી રહ્યો હતો. ક્યારાની આજુબાજુની માટીને સાફ કરી રહ્યો હતો.

સંતે એ વૃદ્ધ વ્યક્તિની તરફ આંગળી ચીધતા કહ્યું 'રાજન ! આ વૃદ્ધ વ્યક્તિ જ તારા રાજયની મહાનમાં મહાન વિભૂતિ છે.'

રાજાએ કહ્યું ' આને તમે મહાન વિભૂતિ કહો છો ?'

'હા'

'પણ એ તો નાના નાના વૃક્ષો રોપી રહ્યો છે'

'રાજન ! આ વૃદ્ધ જે વૃક્ષો વાવી રહ્યો છે એ કાંઈ પોતાના માટે નથી વાવતો. એ એના ફળ પણ ચાખવાનો નથી.છતાંય કેટલી એકાગ્રતાથી પોતાના કાર્યમાં મસ્ત છે. આંગણે રાજન આવીને ઉભો છે તેનો પણ એને ખ્યાલ નથી.

' પણ તે વૃદ્ધ વ્યક્તિ મહાનમાં મહાન વિભૂતિ કેવી રીતે કહેવાય ?' રાજને પૂછ્યું.

' રાજન, તમે અને હું તો માત્ર વાતો જ કરી જાણીએ છીએ. વાતોના ગપાટા અને સમયની બરબાદી કરવા કરતા લોકોના ભલા માટે આ વૃદ્ધ વ્યક્તિ જે કામ તે અત્યારે કરી રહ્યો છે તે કાર્ય અતિ ઉત્તમ છે. સર્વોત્તમ છે અને એટલે જ હું અત્યારે તેને મહાન વિભૂતિ કહું છું.

સંતની હૃદયસ્પર્શી વાત સમ્રાટના હૈયાને સ્પર્શી ગઈ અને સમ્રાટ તરત જ પેલી વૃદ્ધ વ્યક્તિના પગમાં પડી ગયો.

**-કમલેશ કંસારા**

### વૃક્ષ થવા આવ્યો

બીજમાંથી વૃક્ષ થવા આવ્યો છું
પાંદડાની જેમ કોળવા આવ્યો છું
પર્યાવરણ બચાવવા આવ્યો છું
વૃક્ષોના વનો બનાવવા આવ્યો છું
પ્રકૃતી સાથે પ્રેમ કરવા આવ્યો છું
વનવાસી જેમ રહેવા આવ્યો છું
વૃક્ષોને અડીખમ ઉભા રાખવા આવ્યો છું
વનની વાત ગામે ગામ પહોચાડવા આવ્યો છું
નદી જેમ ખળખળ વહેવા આવ્યો છું
પર્વતની જેમ અડીખમ ઉભો રહેવા આવ્યો છું
પતંગીયા જેમ ફરવા આવ્યો છું
સૌને ઈશ્વરનો વારસો સમજાવવા આવ્યો છું

**રાજેશ બારૈયા વનવાસી (ભાવનગર)**

### દુધ

ઉત્તમ અને પૌષ્ટીક ખોરાક સફેદ રૂડું મીઠું દુધ
સૌનું પ્યારૂં મીઠું દુધ, દહીં બનેને છાશ
બને માખણને ઘી, ભૈ આ તો બધાય દુધના ગુણ
ઉત્તમને ગાયનું દુધ, પછી બકરીનું પણ ઉત્તમ
બને અનેક મીઠી વાનગી રૂડો દુધપાકને પેંડા
સવારની ચા સૌને ગમે મીઠું દુધ
ઉત્તમ રૂડું છે દુધ સૌ ખાજો ચોખ્ખું દુધ

**સંકલન :બાબુભાઈ પી.ઠાકોર(વાવ)**

## શ્રદ્ધાનું ફળ

**ગતાંકથી ચાલુ**

જુઓ શ્યામલાલ મારી એ વીંટીની કિંમત બસ્સો સોનામહોર હતી તેમાં જડેલો હીરો ખુબ જ કીંમતી હતો. માટે જેમ બને તેમ જલદી શોધી કાઢજો.. મુસાફરે કહ્યું. બસ્સો સોનામહોરની વીંટી..? ભારે આશ્ચર્ય સાથે શ્યામલાલે કહ્યું, અરે ભાઈ, આટલી બધી કિંમતી વીંટી મને આપવાની શી જરૂર હતી ? હવે એ વીંટી નહીં મળે તો મારી શું હાલત થશે ?'

એમ ન ચાલે. તમારે મારી વીંટી મને પાછી આપવી જ પડે અને એ ન આપી શકો તો પછી તેના બદલામાં બસ્સો સોનામહોરો આપવી પડે.

બસ્સો સોનામહોરોની કયાં વાત કરો છો ? મેં પાંચ સોનામહોર જિંદગીમાં કયારેય એક સાથે જોઈ નથી.' શ્યામલાલે કહ્યું

આ ચર્ચા ચાલતી હતી ત્યાં તો ત્યાંથી એક સિપાહી નીકળ્યો. તે આ વાત સાંભળી ગ્યો. તેથી તેમની પાસે ઉભો રહી મુસાફરને પુછ્યું, 'શું છે, કોની ચર્ચા ચાલી રહી છે ?'

એટલે મુસાફર બોલ્યો, 'જુઓ આ શ્યામલાલને ત્યાં હું રાત રોકાયો હતો. તેણેમને ખાવા આપેલું તેના બદલામાં મારે જે નાણું ચુકવવાનું હોય તે ન હોવાથી મેં તેને એક વીંટી કે જે બસ્સો સોનામહોરની કિંમતની હતી તે સાચવવા આપેલી અને કહેલું કે, જ્યારે મારી પાસે નાણું હશે ત્યારે તે ચુકવી અને મારી વીંટી પાછી લઈ જઈશ. હવે આજ હું નાણું ચુકવવા આવ્યો છું તો હવે એ કહે છે કે વીંટી કયાંક રહી ગઈ છે ?

સિપાહી કહે, એમ ન ચાલે. આ તો કાયદાની વાત થઈ. તમે બંનેય મારી સાથે ચાલો. એમ કહીને બંનેને લઈ અને સિપાહી સીધો ન્યાયાધીશ પાસે ગયો. તેને આખી વાત કહી સંભળાવી.

ન્યાયાધીશે શ્યામલાલને પુછ્યું, શું તે આ મુસાફર પાસેથી કિંમતી વીંટી લીધી હતી ?

ત્યારે તરત શ્યામલાલે જવાબ આપ્યો, હા મેં મુસાફર પાસેથી વીંટી લીધી હતી પરંતુ હવે એ મારાથી કયાંક મુકાઈ ગઈ છે અને તે મને મળતી નથી. છતાં હું તેને શોધવા પ્રયત્ન કરીશ. નહીંતર પછી જેવી ઈશ્વરની મરજી..

તને વીંટી શોધવા માટેનો સમય દશ દિવસ આપવામાં આવે છે. જો દસ દિવસમાં તેં વીંટી તું પાછી નહીં આપે તો નિયમ મુજબ તને સજા કરવામાં આવશે. ન્યાયાધીશે શ્યામલાલને કહ્યું.

પછી ત્યાંથી સૌ છુટા પડયા. શ્યામલાલે ઘરે પાછા આવી અને આખું ઝુંપડું સારી રીતે જોઈ લીધું. પરંતુ કયાંય તે વીંટી મળી નહીં.

આખરે શ્યામલાલે નક્કી કરી લીધું કે જે થાય તે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી અને જે બને તે જોયા કરવું. આમ વિચાર કરી શ્યામલાલ તોપોતાના ધંધામાં લાગી ગયા. એક પછી એક દિવસ વીતવા લાગ્યા. આમને આમ નવમો દિવસ આવી ગયો.એક દિવસ રાજા અનંતસિંહ પોતાના ઘોડા ઉપર ફરવા નીકળ્યો.. તેણે પહેરણમાં કીંમતીવીંટી સાથે જ રાખેલી.તેને પાણી પીવાની તરસ લાગી. તેથી રાજા નદીકીનારે પહોંચ્યા ત્યાં ઘોડાને પણ પાણી પીવા માટે છુટો મુકયો.. અને પોતે પણ પાણી પીવા નદીમાં નમ્યા. તે દરમિયાન છુપાવેલી જે વીંટી હતી તે અચાનક સરી અને નદીના પાણીમાં પડી ગઈ. રાજા અનંતસિંહનું તે તરફ બિલકુલ ધ્યાન જ ન ગયું. પછી તો તે પોતાના ઘોડા પર ચડી અને ચાલ્યા ગયા.ત્યારબાદ શ્યામલાલ પણ ત્યાંથી જ પીવાનું પાણી ભરતો. તે નદીએ પાણી ભરવા આવ્યો. તેણે પાણી ભરવા માટે ઘડો જેવોનદીમાં નાખ્યો જ હતો ત્યાં તેની નજર નદીમાં પડેલી વીંટી પર પડી. તેથી તરત જ તેણે એ વીંટી ઉઠાવી લીધી અને ભગવાનનો ખુબ જ આભાર માન્યો.બીજા દિવસે ન્યાયાધીશ પાસે હાજર થવાનો સમય થયો. એટલે શ્યામલાલ ત્યાં હાજર થયો. ત્યાં મુસાફર અને સિપાહી પણ હાજર હતા. શ્યામલાલે વીંટી ન્યાયાધીશ સમક્ષ મુકી અને કહ્યું, ભગવાનની દયાથી આપની સામે મુકી છે. મુસાફરના વેશમાં રાજા મુંઝાયો. તેણે પોતાનું પહેરણ તપાસ્યું તો તેમાંવીંટી ન હતી. પછી રાજાએ પોતાની સાચી ઓળખ આપી અને વીંટી શ્યામલાલને કયાંથી મળી ? તે પુછયું ત્યારે શ્યામલાલે જે બન્યું હતું તે કહી સંભળાવ્યું.

ત્યારે રાજા અનંતસિંહે કહ્યું, હું તારી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાની પરીક્ષા કરવા માંગતો હતો. તેમાં તું સફળ થયો છે. તેમ કહી અને શ્યામલાલને મોટું ઈનામ પણ આપ્યું. આમ શ્યામલાલને તેની સાચી શ્રદ્ધાનું ફળ મોટા ઈનામ રૂપે મળ્યું.

**બોધ: શ્રદ્ધા રાખવાથી કશું ગુમાવવું પડતું નથી.**

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ**
**(અંજાર)**

## નાનો વર્ધમાન

વર્ધમાન દાદા-દાદીને મળવા ગામડે આવ્યો હતો. તેને શહેર કરતાં ગામડું બહુ ગમતું.કેમ કે ગામમાં ખુલ્લું વાતાવરણ અને સ્વચ્છ પર્યાવરણ મળતું હતું. તે સવાર સવારમાં ઠંડી હવામાં ખેતરની પગદંડીઓ પર ફરતો. પંખીઓનો કલરવ અને પતંગીયાની ઉડાઉડ તેને ખુબ જ ગમતી. દાદાજી તેને ગામડાની ખાસીયતો ગણાવતા ત્યારે એ ગણી ગણીને થાકી જતો. જયારે શહેરથી પપ્પાનો ફોન આવે તો તે તરત કહી દે તો હજુ બે ત્રણ દિવસ પછી આવીશ.

એક દિવસ દાદાજીએ સવાર સવારમાં વર્ધમાનને કહ્યું, વર્ધુ બેટા આજે ગામને પાદરે મેળો ભરાવાનો છે. આપણે તેમાં જઈશું..દાદાજી વર્ધમાનને લાડમાં વર્ધુ કહેતા.

દાદાજી અહીં ગામડામાં મેળો ભરાય એમાં શું હોય ?વર્ધમાને પુછ્યું.

આજુબાજુના ગામડાના લોકો મેળામાં આવે, બહુ ભીડ હોય મંદીરમાં ભંડારો થાય.. દાદાજીએ કહ્યું.

ભંડારો એટલે શું ?

બધા લોકો અને સાધુ સંતો ભેગા મળી જમે.. દાદાજીએ સમજાવ્યું..

દાદાએ પણ હામાં હા મિલાવતાં કહ્યું, વહુ બેટા તારા દાદાજીની વાત સાચી છે. ખરેખર ગામના ટેકરીવાળા મંદીરનો મેળો જોવા જેવો હોય છે હોં..

તો તો આપણે જરૂર જઈશું.. દાદીમા તમે પણ આવજો.. મેં તો આ પહેલાં આવો ધાર્મિક મેળો જોયો જ નથી.. વર્ધુમાને ખુબ હોંશથી કહ્યું..

થોડીવાર બાદ દાદા દાદી અને વધુ તૈયાર થઈને ટેકરીવાળા મંદીર તરફ ચાલી નીકળ્યા.. રસ્તામાં નવાં નવાં રંગબેરંગી કપડાં પહેરેલ લોકો તેમને મળતાં હતાં. બધાં દાદાજીને રામ રામ કહેતા હોઈ વળી દાદાજી પાય લાગું કહી પગે લાગતાં તો કોઈ દાદીમાને પ્રણામ કરતાં. ગામના બાળકોથી લઈને વૃદ્ધો સુધી વર્ધુના દાદા દાદીને પ્રણામ કરી આગળ વધતા હતા. કેમ કે વર્ધુના દાદા ગામના પ્રતિષ્ઠીત આગેવાન હતા. જિલ્લા શિક્ષણાધિકારીના હોદ્દેથી નિવૃત્ત થયેલા હતા. શિક્ષણવિદ્ હોવાને નાતે પણ લોકો તેમનો ખુબ આદર કરતા. ઘણી વખત ગામમાં કોઈ પ્રશ્ન બાબતે તેમનો અભિપ્રાય લેવામાં આવતો અને તેમણે આપેલ ફેંસલો સૌને માન્ય રહેતો.

ટેકરીવાળા મંદિરે પહોંચતાં વર્ધુએ જોયું કે ત્યાં ઢોલ નગારાં વાગી રહ્યા હતા. ગામના ખેડૂત રંગબેરંગી પોષાકમાં નૃત્ય કરી રહ્યા હતા. અનેક જાતના હિંચકા લાગેલા હતા. રમકડાં અને મીઠાઈની ઘણી બધી દુકાનો હતી, ફુગ્ગાવાળા, વાંસળીવાળા અને રંગબેરંગી ફરકડીઓવાળા છોકરાંઓને બુમો પાડી બોલાવતા હતા. ખરેખર મેળો મહાલવા જેવો હતો. મંદિરના ખુલ્લા પ્રાંગણમાં એક મોટી દેવની મૂર્તિ હતી.તેને સિંદુર લગાવવામાં આવ્યું હતું બંને તરફ મોટી મોટી મશાલો સળગતી હતી. વર્ધુએ આવું દ્રશ્ય આ પહેલાં કયારેય જોયું ન હતું. દાદાજી આંગળી પકડી તેને ચારે બાજુ બતાવતા હતા. તે જીજ્ઞાસાવશ કોઈ પ્રશ્ન પુછે તો દાદા અને દાદી બંને વિગતવાર તેને સમજાવતાં હતાં.

અચાનક વર્ધુની નજર એક તાજા માજા બકરા ઉપર પડી. તેને એક ખિલ્લે બાંધીને નવડાવવામાં આવી રહ્યો હતો. તેના માથે પાણી પડતાં તે ફફડતો હતો અને કયારેક કયારેક બેં.બેં.. બોલતો હતો. વર્ધુએ તરત પુછ્યું દાદા આ લોકો આવડા મોટા બકરાને અહીં બાંધીને શું કામ નવડાવે છે ?

દાદાએ કહ્યું બેટા વર્ધુ હમણાં તેને નવડાવે છે.. પછી ફુલનો હાર પહેરાવશે અને માથે સિંદુર લગાવશે તે પછી....

**(ક્રમશ:)**

**-નટવર હેડાઉ**

### વરસાદની વેદના

જળે કર્યું જોરદાર હું કોને કહું, આવ્યો મેઘમલ્હાર હું કોને કહું ?
ન આવ્યા તો નઠારો કીધા, આવ્યા તો આવકારો દીધો
લોક કરે ફરી ફરીયાદ હું કોને કહું.. જળે કર્યું...
રાધનપુર રોવરાવતો આવ્યો ભાભર ભડકાવતો આવ્યો
થરાને થથરાવતો આવ્યો, ધાનેરા ધ્રુજાવતો આવ્યો
ભીલડીને ભરમાવતો આવ્યો, ડીસાને ડોલાવતો આવ્યો
ઉપરવાળાની રહેમથી આવ્યો, પાલનપુરમાં પ્રેમથી આવ્યો
બનાસકેરા દેશે આવ્યો કેવા કેવા વેશે આવ્યો
આવ્યો છે અપાર હું કોને કહું, લોક કરે ફરીયાદ હું કોને કહું ?
કાણોદર કરમાવતો આવ્યો, છાપીને છલકાવતો આવ્યો
પાટણને પડકારતો આવ્યો સમીને શરમાવતો આવ્યો
હારીજમાં પણ હેલીએ આવ્યો,ડેરા ડેરા ડેલીએ આવ્યો
વટેશ્વરના વટે આવ્યો, સરસ્વતીના તટે આવ્યો
કેવા તે તહેવારશ આવ્યો શ્રાવણના સોમવારે આવ્યો
સિદ્ધપુર કેરી સાને આવ્યો, મહેસાણાએ માને આવ્યો
આબુ ધારેધાર હું કોને કહું લોક કરે ફરીયાદ હું કોને કહું
ઈડરને ડરાવતો આવ્યો હિંમતનગરને હલાવતો આવ્યો
તલોદને તતડાવતો આવ્યો પ્રાંતીજને પલાળતો આવ્યો
કડીમાં કોડીલો આવ્યો કલોલમાં મોજીલો આવ્યો
ગાંધીનગરમાં ગાંડો આવ્યો જાણે રખડતો વાંઢો આવ્યો
ભરપેટ ભરમાર હું કોને કહું, સાબર રહી ન શાંત હું કોને કહું
લોક કરે ફરીયાદ હું કોને કહું.. જળે કરૂં જોરદાર..
અમદાવાદમાં અઢળક આવ્યો મોરબીમાં પણ મબલખ આવ્યો
માળીયા મીયાણે આવ્યો, ડોળીયા ડેડાણે આવ્યો
જામનગરમાં જામી આવ્યો રાજકોટમાં રમી આવ્યો
દામોદરકુંડમાં ડુબી આવ્યો ગીરનારને ચુમી આવ્યો
જુનાગઢે ઝોરે આવ્યો કેવા કેવા ડોળે આવ્યો
લોક કરે ફરીયાદ હું કોને કહું.. જળે કર્યું જોરદાર...
ધરોઈને ઘમરોળતો આવ્યો મુકતેશ્વર મરોડતો આવ્યો
મચ્છુને મલકાવતો આવ્યો, આજી ડેમ છલકાવતો આવ્યો
અરબી કેશ દરીયે આવ્યો એના પવનના જરીએ આવ્યો
બંગાળા ખાડીથી આવ્યો, જંગલને ઝાડીથી આવ્યો
ગાડીઓ ગગડાવતો આવ્યો રસ્તાઓ ઉથલાવતો આવ્યો
દવાખાના ડુબાડતો આવ્યો શાળા બંધ કરાવતો આવ્યો
લોક કરે ફરીયાદ હું કોને કહું, જળે કર્યું જોરદાર...
ઝુંપડામાં જગાડતો આવ્યો બંગલાઓ બગાડતો આવ્યો
ઢોરોને બહેકાવતો આવ્યો, ફુડપેકેટ ફેંકાવતો આવ્યો
સરકાર બની લાચાર હું કોને કહું, વિપ્સ કરે વિચાર હું કોને કહું...
જળે કર્યું જોરદાર...

**વિપ્સ**
**(માલગઢ)**

### ગુલાબ ના ચૂંટો

ભમરાનું છે ગુંજન કોઈ ગુલાબ ના ચૂંટો
કોયલનું છે કુંજન કોઈ ગુલાબ ના ચૂંટો
કટકા કલમો લાવી કોઈ ગુલાબ ના ચૂંટો
ભાવી જ એનું વાવી કોઈ ગુલાબ ના ચૂંટો
વેણી મહીં ગુંથવા કોઈ ગુલાબ ના ચૂંટો
પગની તળે ચુંથવા કોઈ ગુલાબ ના ચૂંટો
ખોળે સુગંધ ભરવા કોઈ ગુલાબ ના ચૂંટો
છોડને દુઃખી કરવા કોઈ ગુલાબ ના ચૂંટો
બાગોનું છે બાળક કોઈ ગુલાબ ના ચૂંટો
એમાં કરીએ ન શક કોઈ ગુલાબ ના ચૂંટો
આંગણ સુંદર લાગે કોઈ ગુલાબ ના ચૂંટો
મુકવા દેવ આગે કોઈ ગુલાબ ના ચૂંટો
કોમળ છે ને પાવક કોઈ ગુલાબ ના ચૂંટો
એની કરવા આવક કોઈ ગુલાબ ના ચૂંટો
પ્રભુને બહુ જ પ્યારૂં કોઈ ગુલાબ ના ચૂંટો
જીવન એનું ન્યારૂં કોઈ ગુલાબ ના ચૂંટો

**મંગળ રાવળ સ્નેહાતુર**

## અમિત શાહ...

પાના નં .૧ ચાલુ

કોંગ્રેસ હવે રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે થયેલા ક્રોસ વોટીંગની જેમ ક્રોસ વોટીંગના ભૂતથી તો પહેલેથી જ ડરતું હતું પરંતુ હવે તેમના જ ધારાસભ્યો પક્ષ સાથેનો છેડો ફાડી ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રેસની ચિંતા ઔર વધી ગઈ છે અને ખાસ કરીને સ્થાનિક નેતાઓથી લઈ દિલ્હી મોવડીમંડળના નેતાઓની ઉંઘ હરામ થઈ છે કારણ કે, રાજયસભાની બેઠકની ચૂંટણી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન છે તો, એહમદ પટેલ માટે પણ આ ચૂંટણી ઈજ્જતના સવાલ સમાન છે ત્યારે તા.૮મી ઓગસ્ટે યોજાનારી ચૂંટણી પહેલાં બચેલા દિવસોમાં હવે કોંગ્રેસ તેના મતો અને ધારાસભ્યો તૂટે નહી તેની મથામણમાં પડી છે તો, બીજીબાજુ, ભાજપ કોંગ્રેસના કેટલા ધારાસભ્યોને તોડવા અને પક્ષમાં ખેંચી લેવા તેની વ્યૂહરચનામાં વ્યસ્ત બન્યું છે. ગુજરાતના રાજકારણમાં સત્તાની ખેંચતાણમાં જબરદસ્ત રાજકીય પરિસ્થિતિઓ અને ઘટનાક્રમ એક પછી એક સામે આવી રહ્યા

## પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી...

પાના નં .૮ ચાલુ

વહેણમાંથી રેસ્ક્યુ કરી બહાર લાવ્યા હતા. કાંકરેજ તાલુકાનું ખારીયા ગામ ઉંચાણવાળો વિસ્તાર હોવા છતાં ૮ થી ૧૦ ફુટ પાણી ભરાઈ ગયા હતા. રાત્રે નદીથી ૫ કિ.મી. દુર પાણી પહોંચ્યું. લોકો ઉંચે ને ઉંચે ચડતા ગયા પરંતુ પશુધન બચાવવામાં ખુબ ઓછી સફળતા મળી જયારે માનવો બચાવી શકાયા. ત્યાંથી પાણી નર્મદા કેનાલમાં ગયું. જેના કારણે થરા શહેર બચી શક્યું. આ પાણી જેતલપુરા, ભાડીયા, સિનાડ અને ગોખાંતર તરફ ગયું તે પહેલાં તે ગામોને પણ જાગૃત કરવામાં આવ્યા હતા. તેઓએ વધુમાં જણાવેલ કે આ પ્રજાજનોને જગાડવા છતાં પણ કેટલાક લોકો હઠાગ્રહપૂર્વક ઘર- ખેતર છોડવા નહોતા માંગતાં. આ પરિસ્થિતિ સામે ૨૦,૦૦૦ કરતાં વધુ લોકોનું સ્થળાંતર કરાયું આ તમામ કામમાં સરકારી તંત્ર, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવેલ છે. તે સૌને અભિનંદન છે.

પૂરના પાણી ફરી વળ્યા અનેક પ્રકારની તારાજી સર્જાઈ, રેસ્ક્યુંથી સેંકડો લોકોને બચાવવા સૌ કામે લાગ્યા, એનડીઆરએફ ટીમ, એસ.આર.પી., આર્મી, પોલીસ, હેલીકોપ્ટરો અને બોટ દ્વારા ૨૦૦૦ કરતાં વધુ લોકોને પુરના પાણી વચ્ચેથી બચાવી લેવાયા.

તેજ ઘડીએ ડીસા અને ધાનેરા વચ્ચેનો પુલ તુટતાં ધાનેરા સંપર્ક વિહોણું બન્યું. ઈલેક્ટ્રીકના પોલ, ટ્રાન્સફર્મોર, સબસ્ટેશનો અને મોબાઈલના ટાવરો પણ ગયાં. ધાનેરા માર્કેટયાર્ડ તથા સમગ્ર શહેરમાં કરોડો રૂપિયાનું નુકશાન થયું. સિપુ ડેમમાં તિરાડ પડ્યાના સમાચાર જાણવા મળ્યા. તાબડતોબ ડી.આઈ.જી.ની આગેવાનીમાં પોલીસ ટીમ, આર્મી ટુકડી, અધિકારીઓ અને કાર્યકરોએ મળી કેમીકલ તથા સિમેન્ટ દ્વારા આ તિરાડમાંથી અનેક ગણો ગમખ્વાર બનાવ બનતો અટકાવી શકાયા અને આ ગાબડું સાધવામાં કુદરતે સફળતા આપી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવીને તમામ પરિસ્થિતિનું નિરીક્ષણ કરતા ગયાં. પ્રધાનમંત્રી મોદીએ આપણી પરિસ્થિતિના સાર સંભાળ મેળવ્યા અને તરત જ રૂબરૂ આવવાનો નિર્ણય કર્યો. તેમની સાથે ફરીથી વિજયભાઈ રૂપાણી, નિતીનભાઈ પટેલ હવાઈ નિરીક્ષણ કરવા આવ્યા અને તાત્કાલિક મોદી સાહેબે ૫૦૦ કરોડ રૂપિયાનો પેકેજ જાહેર કર્યું. હવે ચાલતાં સર્વક્ષણ આધારે જરૂર જેટલી મદદ આપવાની તેઓએ ખાતરી આપી. સમગ્ર જિલ્લામાંથી અને રાજયમાંથી મોટી સંખ્યામાં ફુડપેકેટ અને ઘરવખરીનો સામાન આવવા લાગ્યો છે. તેઓના જણાવ્યાનુસાર પ્રદેશ કક્ષાએ પાટ-ર્ટીએ પણ કન્ટ્રોલરૂમ શરૂ કર્યો છે. જિલ્લા કક્ષાએ ડીસા ખાતે કન્ટ્રોલ રૂમ તેમજ ફુડપેકેટ અને સાધન સામગ્રી માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. બનાસડેરી, બનાસબેંક, ભાજપ તેમજ આર.એસ.એસ. દ્વારા જિલ્લાભરમાંથી રાહતકાર્યો શરૂ થઈ ગયા છે. સૌ કાર્યકરોને શંકરભાઈ ચૌધરીએ શિસ્ત અને સંયમ જાળવી કોઈપણ પ્રકારના રાજકીય પૂર્વાગ્રહો વિના તમામ પૂરગ્રસ્તોની સેવા કરવા, વ્યવસ્થા જાળવવા સરકારી તંત્રને ઉપયોગી થવા અપીલ કરેલ છે.

## ઉત્તર ગુજરાતના...

પાના નં .૮ ચાલુ

આપવામાં આવી છે. જિલ્લા કલેક્ટર મહેન્દ્ર પટેલના જણાવ્યા પ્રમાણે સુરતના લોકોની સાથે સેવાભાવી સંસ્થાઓ ઉત્તર ગુ-જરાતમાં સંસ્થાના આગેવાનો પુરના કારણે અસરગ્રસ્ત થયેલા લોકોની મદદ કરવા માટે મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે. ગઈકાલે સેવાભાવી સંસ્થાના આગેવાનો તથા શહેરના મોભીઓ સાથેની મળેલ બેઠકમાં અસરગ્રસ્ત લોકોને તમામ પ્રકારની રાહત સામગ્રી પુરી પાડવા માટેની તંત્રને બાંહેધરી આપી હતી. સુરત શહેર તથા જિલ્લામાં કુલ ૧૮ મોટા રસોડાઓ સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યા છે. જ્યાં બે હજારથી પણ વધુ લોકો સેવા આપી રહ્યા છે. આ રસોડામાં લાખ્ખોની સંખ્યામાં ફુડપેકેટ બનાવામાં આવી રહ્યા છે. જે હવે તબક્કા બાર બનાસકાંઠા ખાતે શરૂ થયેલા રાહત કેમ્પમાં મોકલવામાં આવશે.

## વાવના માડકા...

પાના નં .૮ ચાલુ

મુલાકાત લઈ પરિસ્થિતિનો ચિતાર મેળવતા માડકા ગામની ચારેબાજુ સાત દિવસથી ત્રણ ફુટ પાણીનો પ્રવાહ ચાલુ છે. શાળાઓમાં રજાઓ જાહેર કરાઈ છે. નાના ભૂલકાઓને સાત દિવસથી ઘરમાં બેસી રહેવું પડે છે. ગામમાંથી બહાર નીકળવા ૩ થી ૪ ફુટના પાણીના પ્રવાહને પસાર કરવો પડે છે. આવી વિકટ પરિસ્થિતિમાં ગામના અંદાજે ૨૫૦ દલિત પરિવારોને ઉંચાણવાળી જગ્યાએ સ્થળાંતર કરવું પડ્યું છે. જો કે વહીવટી તંત્ર દ્વારા પૂરગ્રસ્તોને ફુડપેકેટોનું વિતરણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં નવીન બનાવેલ વાવ- માડકા રોડને તોડીને પાણીનો નિકાલ કરવા છતાં હજુ સુધી પાણીનો સતત પ્રવાહ ચાલુ છે. સ્મશાન ભૂમિ તરફ પાણીનો પ્રવાહ છ થી સાત ફુટ સુધી ચાલુ છે. ત્યાં આગળ સતત છેલ્લા સાત દિવસથી કૂતરાઓનું ઝુંડ ફસાઈ ગયું છે. બચાવ માટે રાત્રે- દિવસે બુમ બરાળા કરે છે. ત્યારે કોઈ સેવાભાવી સંસ્થા કે એન.ડી.આર.એફ.ની ટીમ મારફત આ કૂતરાઓને બચાવા માટેની કામગીરી હાથ ધરાઈ તે જરૂરી છે. વધુમાં સતત ૭ દિવસના પાણીના પ્રવાહને લીધે માડકા ગામના અબોલ જીવો ભૂખ્યા તરફડી રહ્યા છે. ત્યારે જીવદયાપ્રેમીઓ પણ આ અબોલ પશુઓ માટે ઘાસચારો પહોંચાડે તે જરૂરી છે.

## પાલનપુર માર્કેટયાર્ડમાં ...

પાના નં .૮ ચાલુ

હડતાળમાં જોતરાઈ કરોડોનું નુકસાન વ્હોરનાર પાલનપુર માર્કેટયાર્ડમાં હવે આકાશી આફતએ કોહરામ મચાવ્યો છે. બનાસકાંઠામાં અતિ વૃષ્ટિના પગલે જાન-માલને વ્યાપક નુકસાન થયું છે. જેમાં પાલનપુર માર્કેટયાર્ડ પણ બાકાત રહી શક્યું નથી. ભારે વરસાદને પગલે પાલનપુર માર્કેટયાર્ડ ફરતે બનાવેલ પ્રોટે-ક્શન વોલમાં ત્રણ જગ્યાએ તિરાડ પડતા અંદાજે રૂા. ૨૦ લાખ નું નુકસાન થયું છે.

જયારે પાલનપુર માર્કેટયાર્ડમાં પડેલા વેપારીઓ અને ખેડૂતોના માલ તથા જણસને પણ વ્યાપક નુકસાન થયું છે. આ નુકસાની આંકડો રૂા. ૩,૭૧,૮૧,૬૨૪ ને આંબી ગયો છે. પાલનપુર માર્કેટ યાર્ડમાં ઘઉં, બાજરી, ગવાર, જુવાર, રાયડો, રાજગરો, એરંડા, વરિયાળી સહિતનો માલ બગડી જતા કુલ રૂા. ૩.૭૧ કરોડનું નુકસાન થયું હોવાનું પાલનપુર માર્કેટયાર્ડના ચેરમેન ફતાભાઈ ધરીયા અને સેક્રેટરી જાલમભાઈ પટેલએ જણાવ્યું હતું. આ અંગે પાલનપુર માર્કેટયાર્ડ દ્વારા નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરને પત્ર લખી નુકસાનીની જાણ પણ કરવામાં આવી હોવાનું સેક્રેટરી જાલમ ભાઈ પટેલએ જણાવ્યુ હતું.

આમ, નોટબંધી અને જી.એસ.ટી જેવા સરકારી કહેર બાદ વરસાદી કહેર આવતા પાલનપુર પંથકના ખેડૂતો અને વેપારીઓની આર્થિક કમર તૂટી જવા પામી છે.

## પૂરગ્રસ્તોને મદદ...

પાના નં .૮ ચાલુ

ટુકડીઓ સક્રિય પ્રયાસો કરી રહી છે. એન.ડી.આર.એફ. અને વિવિધ ટીમો દ્વારા ૬૨૪૦ લોકોને બચાવી લેવાયા છે. તેમજ ૨૯,૭૬૪ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધી ૧૫ લાખથી વધુ ફુડપેકટો અને પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું છે.

સત્તાવાર સૂત્રો તરફથી મળેલ માહિતી પ્રમાણે ભારે વરસાદના કારણે બનાસકાંઠા જીલ્લામાં કુલ ૪૭ વ્યકિતઓ અને ૨૧૦૪ પશુઓ મૃત્યુ પામ્યા છે. આરોગ્ય વિભાગની ૭૮૧ ટીમો લોકોને સારવાર માટે તથા સંખ્યાબંધ ટીમો દવા છંટકાવમાં લાગી ગઈ છે. મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો છે. પૂરગ્રસ્તોની સહાય માટે રાજયના અન્ય જીલ્લાઓમાંથી વિશાળ પાયે અધિકારીઓ અને કર્મચારીઓને બનાસકાંઠામાં ફાળવવામાં આવ્યા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૧૫૦ અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૨૪ કર્મીઓ કામગીરીમાં જોડાયા છે. કલેકટરશ્રીએ કહ્યું કે લોકોને જરૂરી તમામ સહાય કરવા વહીવટીતંત્રે કમર કસી છે તથા સહાયની કામગીરીમાં કોઈ કચાશ રખાશે નહી. મૃતકોને સહાય અને નુકશાની માટે ચુકવણા અંગે ઝડપભેર કાર્યવાહી કરાશે.

## ઉણ હાઈસ્કૂલ..

પાના નં .૮ ચાલુ

અપડાઉનમાં તકલીફ ન પડે તે માટે દાતાઓના સહયોગથી બે સ્કુલ બસ રાખી હતી તે પૈકી એક સ્કૂલ બસ ઘોડાપુરમાં તણાઈને દુર ફેંકાઈ હતી. વર્ગખંડોમાં પુરના પાણી ઓસરતા ત્રણથી પાંચ ફુટ કાદવના રગડા હાલમાં છવાયેલા છે. આ શાળા કોલેજને અંદાજે વીસ લાખથી વધુનું નુકશાન થયાનું સંસ્થાના સંયોજક શ્રી પ્રહલાદભાઈ આઈ.ઠક્કર જણાવ્યુ હતું. કોલેજનો ચોકીયાત નટુભાઈ બારોટ પુરના પાણીમાં ફસાઈ જતાં કોલેજના ધાબા ઉપર ચડી જતાં બે દિવસ સુધી ભુખ્યો તરસ્યો રહી જીવ બચ્યાનો અહેસાસ વ્યકત કરતો હતો.

## કાંકરેજ તાલુકાના...

પાના નં .૩ ચાલુ

તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ દિવસથી આ મેડીકલ કેમ્પમાં ૫૦૦થી વધુ લોકોને સારવાર આપવામાં આવી છે. તેમણે કહ્યું કે પૂરની પરિસ્થિતીમાં હવે સુધારો થયો છે. તેમ છતાં વધારે વરસાદ થાય તો લોકોને જરૂર હશે ત્યાં સુધી આર્મીના જવાનો લોકોને મદદરૂપ બનવા કામગીરી કરશે.

આર્મીના લેફટેનન્ટ જનરલની થરા મેડીકલ કેમ્પની મુલાકાત સમયે જનરલ અનિલ પુરી, બ્રિગેડીયર એસ.એસ.બક્ષી, આર્ટીલરી કર્નલ પી.સી.જોશી, કેટન શ્રવંથી પી. સહીત આર્મીના અધિકારીઓ, જવાનો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદ તાલુકાના...

પાના નં .૩ ચાલુ

વધતી ઓછી અસરો થવા પામી છે.તાલુકાના નેશનલ હાઈવે ઉપરાંત સ્ટેટ અને પંચાયતના માર્ગો તુટવા પામ્યા હતાં.કેટલાક ગામોમાં પાણીના કારણે વાહનો જઈ ન શકે તેવી સ્થિતી સર્જાવા પામી હતી.આ અંગે સુત્રોએ જણાવ્યું હતુંકે ઉંચા સાયલેન્સરના કારણે ટ્રેકટર એક માત્ર એવું સાધન છે કે તે તેમાં પાણી ન ભરાય એટલા પાણીમાં જઈ શકે છે.પરંતુ થરાદ તાલુકાના દાંતીયા,વળાદર,કેશરગામ,દીપડા ,પેપર,જાડરા,લવાણા(કળશ) અને પાવડાસણ જેવા ગામોમાં ટ્રેકટર લઈને પણ જઈ શકાયુ નથી.

જયારે શુક્રવારથી આશરે પચાસેક લાખ રૂપીયાની કેશડોલ્સ તથા ઘરવખરી સ્વરૂપની રાહત માટે પ્રાથમિક શિક્ષકોની મદદ લઈને જયાં પણ જઈ શકાય છે તેવા ગામોમાં પ્રાથમિક સર્વે સાથે સહાય પણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જયારે થરાદ તાલુકામાં પુર અને સહાયની કામગીરી કરવા માટે ગાંધીનગરથી અધિક કલેક્ટર ભાવિન પંડ્યાને મુકવામાં આવ્યા હતા.થરાદ તાલુકામાં ભારે વરસાદના પગલે તાલુકાના સવપુરા, ભડોદર, પાતીયાસરા, કીયાલ, ભલાસરા, થરા, પાવડાસણ, વાઘાસણ, વેદલા, દિપડા, સવરાખા, બેટલીયા જેવા ગામો તથા પંચાયતોને થયેલા મોટાપ્રમાણમાં નુકશાન તથા વિજળી,પાણીની પ્રાથમિક સુવિધા આપવા અને મૃત પશુઓનો નિકાલ કરી દવા છંટકાવની કામગીરી કરવાની માંગણી કરવામાં આવી હતી.

## બનાસ ડેરી દ્વારા...

પાના નં .૩ ચાલુ

બનાસકાંઠામાં ભયંકર પૂર આવવાના લીધે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા, તેના લીધે વીજળી પણ ખોરવાઈ ગઈ હતી, અનેક ઘરોમાં પાણી ભરાઈ જતા ભોજન બનાવવા માટે કોઈ વિકલ્પ રહ્યો ન હતો તેવા સમયએ બનાસ ડેરીએ તાત્કાલિક ધોરણે જિલ્લાભરમાં પાણીના ૨ લાખ કરતાં વધુ પાઉચનું અને ૧૦ હજાર પેકેટ બિસ્કેટનું વિતરણ કર્યું હતું. આવા સંકટના સમયે બનાસ ડેરીએ પોતાની ફરજ સમજીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે સાથે બિમાર પશુઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પણ દૂધ સંઘના ૧૫૬ વેટનરી ડોક્ટરો કામે લગાવેલ છે.

સૌરાષ્ટ્ર પછી બનાસકાંઠામાં વરસાદે ધામા નાંખ્યા હતા. ખૂબ ભારે વરસાદના લીધે અનેક જગ્યાએ તબાહી થઈ છે. કુદરતી આપત્તિ સામે માનવ બિલકુલ લાચાર બની જાય છે. આ પૂર પીડિતોને બનાસ ડેરીના મેનેજમેન્ટ ખડે પગે ઉભા રહીને લોકોને મદદ કરી છે. બનાસકાંઠામાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં બનાસ ડેરી તરફથી સેવા અવિરતપણે ચાલુ છે.

## ધાનેરામાં ગદકીના..

પાના નં .૮ ચાલુ

પરંતુ આખા શહેરમાં નર્કાગારની સ્થિતિ છે. તેથી વધુ મશીનરી અને સફાઈ કામદારોની જરૂરીયાત વર્તાય છે. તેથી જગદીશભાઈએ જણાવી ઉમેર્યુ હતુ કે પીવાના પાણી માટે ૯ બોર માંથી ૪ કાર્યરત છે. જેમાંથી વોર્ડ નં. ૪, ૬ અને ૭ માં પાણી અપાય છે. જ્યારે વોર્ડ નં.૧, ૨, ૩ અને ૫ માં ટેન્કર દ્વારા પાણી અપાય છે.

નગરમાં હાલમાં સફાઈ માટે આરોગ્ય વિભાગ, ફાયર, સુરત નગરપાલિકા અને અંબાજીની ટીમો કાર્યરત છે. જેથી સફાઈ માટે ૧૬ ટીમો સર્વે માટે ૫૫ ટીમો, મરેલા ઢોરના નિકાલ માટે ૧૫ ટીમો, જી.ઈ. બોર્ડની ટીમો પણ કામે લાગી છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૭૦૦-૩૯૯૦૦** |
| રૂપુ કાચું | ૩૮૭૦૦-૩૯૯૦૦ |
| સોનુ તોલો | ૨૮૫૦૦-૨૯૦૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૦૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૦ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮ ૦ ૦ ૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૧૫૦-૨૪૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૫૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૬૦૦-૨૦૦૦ |
| ભીંડા | ૫૦૦-૮૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦ |
| **ગવાર** | **૯૦૦-૧૦૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

# લોકનિકેતન વિનયમંદિર, લવાણામાં નાટ્ય - સ્પર્ધા યોજાઈ

પ્રતિ. લવાણા

લોકનિકેતન વિનયમંદિર લવાણામાં તા.૧૯/૭/૨૦૧૭ ને બુધવારના રોજ નાટ્ય - સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકનિકેતન વિનયમંદિર ખાતે વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસના હેતુસર દર રવિવારે છેલ્લા બે તાસ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે.જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની અભિવ્યક્તિ કરતા હોય છે તેવી જ રીતે આ નાટ્ય - સ્પર્ધામાં વિદ્યાર્થીઓ અભિનય કલા અને સંવાદકલાનો સુમેળ સાધી નાટકો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ નાટકનો વિષય શિક્ષણ બચાવો થીમ પર શાળાના વિદ્યાર્થી મકવાણા શંભુભાઈ એસ. તથા મકવાણા માલાભાઈએ પોતાની અભિવ્યક્તિ થી મનોરંજન સાથે ઉપદેશાત્મક અભિનય કર્યો હતો. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા 'હા અમે ગુ-જરાતી' વિષય પર ત્રિવેદી ડિમ્પલબેન, સોની વિધિબેન પ્રદેશવાદથી ઉપર રાષ્ટ્રવાદને મહત્વ આપતું નાટક રજુ કરી વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રેમનો બોધ પાઠવ્યો હતો. જયારે ત્રીજાક્રમનું નાટક 'ડાંકટર સેવિકાબેન સેવાવાળી' વિષય પર હતું.જેમાં શાળાની વિદ્યાર્થીની મકવાણા કલાવતીબેન, વાઘેલા અમિતાબેન મુખ્ય ભૂમિકા ભજવી સાંપ્રત સમયમાં બોગસ ડિગ્રીધારક ડાંકટરોથી સાવચેત રહેવા સંદેશો પાઠવતું નાટક રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ - ૧૦ ની વિદ્યાર્થીની વાઘેલા પાયલબેન દુદાભાઈએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કર્યું હતું શાળાના આચાર્ય ઓ.ટી. પ્રજાપતિ ભાગ લીધેલ બધા જ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવાદ પાઠવ્યા હતા.

# વડગામના નવિસેંધણી પાસેની કેનાલ અંડર ગ્રાઉન્ડ કરવા માંગ



પુષ્કર ગોસ્વામી

વડગામના નવિસેંધણી ગામના સર્વે નંબરોમાંથી મુકતેશ્વર ડેમની ડાબાકાંઠાની ચિમનાબાઈ સરોવર તરફની કેનાલ પસાર થાય છે. જેની અન્ડર ગ્રાઉન્ડ કરવાની ખેડૂતોએ માંગ કરી છે. ડાબાકાંઠાની ખુલ્લી કેનાલથી કોદરમ - કાલેડારોડનું ધોવાણ થાય છે અને નવિસેંધણીના મોટાભાગના ખેડૂતોના ખેતરો ધસી પડે છે. જેથી ખેડૂત અગ્રણી રમેશભાઈ ચૌધરી, લાલાજીભાઈ ચૌધરી અને શબ્બીરભાઈ સિન્ધીએ સિંચાઈખાતા તરફથી અન્ડર ગ્રાઉન્ડ કેનાલ બનાવવાની માંગ કરી છે.

# ટેટોડા પુલ કામચલાઉ ધોરણે શરૂ કરાયો



અનિલ શાહ

પ્રતિ. ઝેરડા

બનાસકાંઠા અને રાજસ્થાનને જોડતા ડીસા - ધાનેરા હાઈવે ઉપર ટેટોડા નજીકનો પુલ ૨૦૧૫ ના ભારે વરસાદમાં ધોવાઈ ગયો હતો.જેથી ગતિશિલ સરકારે તૂટેલા પુલ પાસેના વ્હોળામાં માત્ર મટેલ પાથરી કામચલાઉ ધોરણે ડાયવરઝન આપી દીધું હતું પરંતુ એ પછી ગતિશિલ ગુજરાત સરકારે બે વર્ષ સુધી પુલ બનાવવાની તસ્દી લીધી ન હતી. તેથી ડાયવરઝન બાબતે રોડ પણ પ્રથમ વરસાદી વહેણમાં ધોવાઈ ગયો હતો. જેથી વાહન વ્યવહાર ઠપ્પ થઈ જતા અનેક લોકો અટવાઈ પડ્યા હતા. જયારે ખાનગી વાહન ચાલકો ઉઘાડી લૂંટ ચલાવી જીવના જોખમે મુસાફરી કરતા હતા. જે બાબતે મીડીયાએ કાગારોળ મચાવી હતી. રોડ ન હોવાથી ધાનેરામાં રાહત કામગીરી પણ પ્રભાવિત થઈ હતી. જેથી સફાળા જગેલા તંત્રે ફરી મોટી કપચી અને નાળાં લગાવી કામચલાઉ ધોરણે રોડ શરૂ કરી દીધો છે. જેના કારણે મુસાફર જનતાએ હાશકરો અનુભવ્યો છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

## જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................

માતા : .......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..........................................................

સરનામુ : .......................................................

મોકલનારની સહી : ..............................................

# રાધનપુર તાલુકામાં આર.એસ.એસ.ની સેવા




રાધનપુર તાલુકામાં પુરગ્રસ્તોની વહારે રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ(આર.એસ.એસ.) પણ આવ્યું. સંઘના કાર્યકરો દ્વારા ફુડપેકેટ બનાવીને અસરગ્રસ્ત ગામોમાં પહોંચાય ત્યાં સુધી પહોંચીને મદદ પહોંચાડી હતી. હજુ સેવા ચાલુ છે.

# રાધનપુર તાલુકામાં ઠાકોર સેનાની અવિરત સેવા




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા યુવા અગ્રણી ડૉ.ગોવિંદભાઈ ઠાકોરની રાહબરી હેઠળ અસરગ્રસ્ત ગામોમાં ટ્રેક્ટર દ્વારા ફરીને ફુડપેકેટ અને દુધની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મહેસાણામાં ૩.૫ ઈંચ વરસાદમાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ

મહેસાણા

મહેસાણામાં ૩.૫ ઈંચ વરસાદમાં નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાતા પાલિકાની પોલ ખુલ્લી પડી છે. ૩ મકાનોની દીવાલ ધરાશાઈ થઈ ગઈ હતી,જ્યારે ગોપીનાળા-ભમ્મરીયા નાળામાં પાણી ભરાતા અઢી કલાક સુધી શહેર બે ભાગમા વહેચાઈ ગયું હતું. શહેરના સિધ્ધપુરી બજારમા આવેલ નાની વ્હોરવાડના ગુલાબનબી વ્હોરા,ખત્રીવાસના અયુબભાઈ અને વૃદાવન સોસાયટીમા આવેલા બે મકાનોની દીવાલ ધરાશાયી થઈ હતી.જ્યારે ગોપીનાળુ અને ભમ્મરીયા નાળામા પાણી ભરાતા ચાલકો અટવાયા હતા અને એક સમયે તો મહેસાણા બે ભાગમા વહેચાઈ ગયું હતું. શહેરના અર્બન રોડ, નાગલપુર કોલેજની સામે,સાર્વજનીક સ્કુલ, મામલતદાર કચેરીનો માર્ગ, નગરપાલિકાનું ગ્રાઉન્ડ, હિંગળાજ ચોક, ધરમસિનેમા રોડ પાણીમા જોવા મળ્યા હતા.

# વિરતામાં ૬ મકાનો ધરાશાયી સૂઈ રહેલા પરિવારોનો બચાવ

મહેસાણા: વિરતામાં ઓરડાવાસમાં મંગળવારે વરસાદ ચાલુ હતો અને પરિવાર આગળના રૂમમાં સૂંઈ રહ્યો હતો ત્યારે એકાએક બે માળના મકાનનો પાછળનો ૫૦ ફુટ લાંબો ભાગ ધરાસાઈ થતા પરિવારનો બચાવ થયો હતો. આ સમયે ગામમા વધુ ૫ પાકા મકાનો પડીજતા ગામજનોએ તંત્રને જાણ કરાઈ હતી. જોકે, જાનહાની ટળી હતી. વિરતા ગામે ઓરડાવાસમા રહેતા બેચરભાઈ શંભુદાસ પટેલ મંગળવારે રાત્રે પોતાના ૧૦૦ ફુટ લાંબા બે માળીયા મકાનના આગળના ચોકમા પરિવાર સાથે સૂંઈ ગયા હતા.રાત્રે ૩.૩૦ કલાકે વરસતા વરસાદમાં એકાએક મકાનનો પાછળનો ૫૦ ફુટ લાંબો ભાગ ધરાસાઈ જતા બેચરભાઈ અને તેમનો પરિવાર બહાર દોડી ગયા હતા.આ સમયે તેમની બાજુમા આવેલ વિક્રમભાઈ અંબાલાલ પટેલનું મકાન પણ ધરાસાઈ થયું હતું. આ સમયે ઠાકોર વાસમા આવેલ દલસંગજી વજેસંગ ઠાકોર,દાડમબેન વજેસગ ઠાકોર,મોહબ્બતસિંહ પરબતસિંહ અને નવીનજી ગંભીરજી ઠાકોરનું પાકુ મકાન વરસાદને કારણે પડી ગયું હતું.રાત્રી સમયે બનેલા બનાવની જાણ તંત્રને થતા

આભાર - નિહારીકા રવિયા બુધવારે સવારે મહેસાણા તાલુકા વિકાસઅધિકારી અને તેમની ટીમે ઘટના સ્થળે પહોચી પંચનામાની કાર્યવાહી હાથધરી હતી.

# અમરનાથની યાત્રા સાનુકુળ માહોલમાં ઉમંગ વચ્ચે જારી

જમ્મુ

અમરનાથ ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે આજે વહેલી પરોઢે સઘન સુરક્ષા વચ્ચે શ્રદ્ધાળુઓનો નવો કાફલો રવાનો થયો હતો. આ તમામ શ્રદ્ધાળુઓ જુદા જુદા વાહનોમાં રવાના થયા હતા. વહેલી પરોઢે ૩.૨૫ વાગે તમામ શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા હતા. શ્રદ્ધાળુઓને સુરક્ષા આપવા માટે સેના, સીઆરપીએફ, સશસ્ત્ર સીમા બળ, ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ અને રાજ્ય પોલીસના ૩૫૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.આ વર્ષે હજુ સુધી બે લાખથી વધારે શ્રદ્ધાળુઓ અમરનાથમાં દર્શન કરી ચુક્યા છે. અત્રે નોંધનીય છે કે, હાલમાં જ ગુજરાતના અમરનાથ શ્રદ્ધાળુઓની બસ પર ત્રાસવાદી હુમલો કરાયો હતો જેમાં છ મહિલા સહિત સાત ગુ-જરાતી શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૩૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. અમરનાથ ગુફાના દર્શન કરીને શ્રદ્ધાળુ પરત ફરી રહ્યા હતા ત્યારે આ હુમલો કરાયો હતો.ગુજરાત રજિસ્ટ્રેશન નંબરની બસ બાલતાલથી જમ્મુ તરફ આવી રહી હતી ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો.

# પાટણ સિનિયર સિટીજન કાઉન્સીલ દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરનારનું સન્માન કરાયું

પાટણ

પાટણ ખાતે ચાલતી સિનિયર સીટીજન કાઉન્સિલ દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સભ્યોનું સંસ્થા દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું તાજેતરમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડીલોને શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જનાર્દન તીર્થ આશ્રયજીતોડાના પ.પૂ.સંત હરીઓમ પરમહંસે ખાસ ઉપસ્થિત રહી વડીલોનું સન્માન તથા આશિર્વચન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ૭૫ વર્ષની લાંબી સફર પ્રભુની કૃપાથી આપ સર્વેએ પાર પાડી છે. આ ઉંમરે પરમાત્મા સાથેનું જોડાણ જરૂરી છે, પ્રભુનું ભજન કરો અને જીવનને પ્રભુમય બનાવો અને હંમેશા ભક્તિમાં આનંદમય જીવન પસાર કરો.

આ પ્રસંગે જે સભ્યોના જન્મદિવસ હતા તથા જે નવા સભ્યો બન્યા હતા. તેઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજના સન્માનિત વડીલોના શાલના દાતા ગં.સ્વરૂપ પ્રફુલ્લાબેન મહેન્દ્રભાઈ આચાર્ય તથા થેલીના દાતા મફતલાલ નાગજીભાઈ પટેલ રહ્યા હતા. તથા નાસ્તાના દાતા ગંગા સ્વરૂપ નર્મદાબેન ડાહ્યાભાઈ પટેલ રહ્યા હતા. તેઓનું પણ સંસ્થા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાને આર્થિક ભેટ આપનાર પટેલ પોપટભાઈ ઘીવાળા(સંતોકબા હોલવાળા) તરફથી રૂા. ૧૧ હજાર સંસ્થાને ભેટ આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શંકરભાઈ દ્વારા સર્વેનું સન્માન કરવામાં આવેલ. આગામી મીટીંગ તા. ૧૩/૮/૧૭ ના રોજ સિનિયર સિટીજન હોલ ખાતે યોજાશે.

કાર્યક્રમનું સંચાલન મંત્રી રમણલાલ પટેલે તથા આભારવિધિ ઉર્મીબેન બુચે કરી હતી.

# ભારે વરસાદથી અસરગ્રસ્ત દહેગામની મહિલાની આરોગ્ય ટીમે સલામત પ્રસુતિ કરાવી

પાટણ

તા.૨૬/૦૭/૧૭ ના રોજ રાધનપુર તાલુકાના અંતરિયાળ દહેગામના રહીશ લીલાબેન મહેશભાઈ આયરને પ્રથમ પ્રસુતિ સબબ દુખાવો ઉપડતા ગામમાંથી દવાખાના સુધી પહોંચવાના રસ્તામાં વધુ પાણી ભરાયેલ હોવાથી આશા અને કુટુંબીજનો દ્વારા ટ્રેક્ટર મારફતે નજીકમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોતરકા ખાતે પહોંચાડી ડૉ.કેતન ઠક્કર, મેડીકલ ઓફિસરશ્રી દ્વારા સલામત પ્રસુતિ કરાવવામાં આવેલ. રાધનપુર ખાતે જવામાં પણ ભરાયેલ પાણીના કારણે ખુબજ મુશ્કેલી હતી. આ સમયે



દર્દીને પી.પી.એચ. જેવી પરિસ્થિતીની પણ મેડીકલ ઓફિસરશ્રી દ્વારા ગોતરકા મુકામે સારવાર કરવામાં આવેલ. તે જ રીતે તા.૨૬/૦૭/૧૭ ના રોજ સમી તાલુકાના અંતરિયાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-રાફુ ખાતે જયોત્સનાબેન રાજુભાઈ ઠાકોરને પ્રથમ પ્રસુતિ સબબ લાવવામાં આવેલ અને તેમની પ્રસુતિ ફિમેલ હેલ્થ વર્કર શ્રીમતી નિકિતાબેન પટેલ દ્વારા કરાવવામાં આવેલ.

# પાટણ જિલ્લામાં વરસાદી પાણીમાં ફસાયેલા ૨૧૫૬ નાગરિકોને બચાવાયા

પાટણ

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ૪૦ જેટલા નાગરિકોને કુદરતી પ્રકોપથી એન.ડી.આર. એફ.ની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન દ્વારા બચાવી લેવામાં આવેલ પાટણ જિલ્લામાં કુલ ૨૧૫૬ લોકોને બચાવાયા હતા.

સાંતલપુર તાલુકાના ગોમાંતર અને ગરાપડી ગામે બચાવ ટીમ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.જ્યારે પાટણ જિલ્લાના છ ગામડાઓમાં ૧૫૦૦ જેટલા ફુટ પેકટોનું વિતરણ હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવ્યું હતુ.ત્યારે મંત્રી દિલપજી ઠાકોરે વરસાદના કારણે ઉભા કરવામાં આવેલા મેડીકલ કેમ્પની મુલાકાત લીધી હતી.ગુરૂવારે કુલ ૨૧૫૬ લોકોને રેસ્ક્યુ ઓપરેશનથી બચાવવામાં આવ્યા હતા.સાંતલપુરમાં ૧૯૪૨ પરિવારને સલામત સ્થળે ખસેડાયા હતા.જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ફુટ પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.સમીના દાદર ગામે પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા લશ્કરની ટુકડીની મદદ લેવામાં આવી છે.

# જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા જનજીવન થાળે પાડવા યુધ્ધના ધોરણે કામગીરી

પાટણ

પાટણ જિલ્લામાં ભારે વરસાદ પડવાથી તેમજ ઉપરવાસમાં અતિ ભારે વરસાદ થવાના કારણે ૬ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે.પાટણ તાલુકામાં ૮, સરસ્વતી તાલુકામાં ૩૨, સમી તાલુકામાં ૨, હારીજ તાલુકામાં ૩, રાધનપુર તાલુકામાં ૩, સાંતલપુર તાલુકામાં ૬૩, શંખેશ્વર તાલુકામાં ૧અને સિધ્ધપુર તાલુકામાં ૧૫ પશુઓ એમ કૂલ પાટણ જિલ્લામાં અત્યાર સુધી ૧૨૫પશુઓના મૃત્યુ થયા છે. જેમાં ૧૭ પશુ મૃત્યુની રૂ. ૪.૭૬ લાખની જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સહાય ચુકવવામાં આવી છે. પશુદેહ નિકાલ માટેની ૭ ટીમો દ્વારા તમામ૧૨૫ પશુદેહનો નિકાલ કરવામાં આવેલ છે.

પાટણ જિલ્લામાં થયેલ ઘરવખરી,મકાન-ઝુંપડાની નુકશાનીનો તાગ મેળવવાદરેક તાલુકામાં ૨ ટીમો કાર્યરત કરવામાં આવી છે.પાટણ જિલ્લામાં ભારે વરસાદના કારણે ૮૧ ગામોમાં વીજ પુરવઠો બંધથયેલ. જેમાં ૪૫ ગામોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે. બાકી ૩૬ગામોમાં વીજ પુરવઠો ચાલુ કરવા યુધ્ધના ધોરણે ૮ ટીમો કામગીરી કરી રહી છે.પાટણ જિલ્લામાં ભારે વરસાદના કારણે રોગચાળો ફાટી ન નીકળે તે માટેઆરોગ્ય વિભાગ દ્વારા ૩૨૦ ટુકડીઓ કામગીરી કરી રહી છે.પાટણ જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં સ્થાનિક સંસ્થાઓના સહયોગથી ૬૯,૬૯૦ ફુડ પેકેટ અને ૪૫,૦૦૦ પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું છે.પાટણ જિલ્લાના ૪૪ ગામોમાં સંદેશાવ્યવહાર બંધ થતાં ૧૮ ગામોમાં સંદેશાવ્યવહાર ચાલુ કરી દેવામાં આવેલ છે. બાકીના ગામોમાં કામગીરી ચાલુ છે.પાટણ જિલ્લામાં ૨,૨૫૭ એસ.ટી. રૂટમાંથી ૧,૪૩૩ એસ.ટી. રૂટ ચાલુ કરવામાંઆવ્યા છે. ૭૭ ગામો વાહન વ્યવહારથી વંચિત છે. રસ્તાઓ રીપેર થતાં તમામ રૂટચાલુ કરવામાં આવશે.

# પાટણ પાલીકાને ૫ દિવસમાં ૨૮૯ સમસ્યાની ફરીયાદો મળી

પાટણ

પાટણ શહેરના નીચાણવાળા વીસ્તરોમા ભરાયેલા વરસાદી પાણી પાલીકા તંત્ર દ્રારા પંપ મુકી ઉલેચવામા આવ્યા હતા. ત્યા ગુરુવારે વહેલી સવારે મેધરાજા મનમુકી ને વરસતા ૪ ઈચ વરસાદ ખાબકયો હતો. જેના કારણે પુન્હ નિચાણવાળા વિસ્તારોમા વરસાદી પાણી ભરાયા હતા.

શહેરના ટેલીફોન એક્ષચેન્જ વિસ્તારની મીનળપાર્ક, ભવાનીપાર્ક, પદ્મપાર્ક, ત્રીભોવનપાર્ક, તેમન કર્મભુમી સોસાયટી માર્ગ પર પાણી ભરાતા વીસ્તારના રહીશો સહીત રાહદારીઓ અને વાહનચાલકો મુશકેલીમા મુકાયા હતા. જ્યારે શહેરના રેલ્વે ગરનાળા, બીએમ હાઈસ્કુલ, કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ, બુકડી , મીરદરવાજા, પીતાબર તળાવ, પારેવા સર્કલ, ગાયત્રી મંદિર પાછળની ચીત્રકુટ સોસાયટી સહીત સિધ્ધપુર ચોકડી હાઈવે રોડ પર ના કોમ્પલેક્ષ અને રોડ પર પાણી ભરાઈ ગયા હતા.

વરસાદી માહોલાને અનુલક્ષીને પાલીકા ખાતે કાર્યરત બનાવેલ ડીઝાસ્ટર વિભાગને શહેરના વિવિધ વીસ્તારમા ભુવા, સ્ટીટલાઈટ, ભુગર્ભ ગટર,તેમજ ઝાડ મકાન પડવાની ફરીયાદો મળતા તત્ર દ્રારા તાબડતોબ વિવિધ વીભાગના કર્મચારીઓને મોકલી સમસ્યાનો નીરાકરણ કરાયુ હતુ.

પાંચ દિવસમા કુલ ૨૮૯ જેટલી નાનીમોટી સમસ્યાની ફરીયાદો ટીઝાસ્ટર વીભાગને મળી હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ.

# કડીમાં ૨ કલાકમાં ૭ ઈંચ વરસાદ, કમર સુધી પાણી, રેડ એલર્ટ જાહેર, ૧૫ ગામ પાણીમાં



મહેસાણા

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની તોફાની ઈનિંગથી જળબંબોળની સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. સવારે બે કલાક દરમિયાન મહેસાણાના કડીમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તાર બેટમાં ફેરવાયા ગયા હતાં. વરસાદથી કડી તાલુકાના ૧૫થી વધુ ગામમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. કડીના વિવિધ વિસ્તારોમાં મકાનોમાં પાણી ઘૂસી ગયા હતા તો કલ્યાણપુરા, ખાવડ, ડરણ, કોલાદ ગામ જળબંબાકાર બન્યું છે. જ્યારે અગોલ, કરણનગર સહિત અનેક ગામો પાણીમાં ગરકાવ થયા છે. બચાવ કામગીરી માટે રેસ્ક્યૂ ટીમ કડી વિસ્તારમાં રવાના કરી દેવામાં આવી છે. હાલ કડી વિસ્તારને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તાલુકાના કેટલાક ગામોનો સંપ્રર્ક તૂટી ગયો છે.બીજી બાજુ, પાટણના રાધનપુર અને સાંતલપુરમાં મેઘરાજાએ કહેર વરસાવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાધનપુરમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. જ્યારે રાધનપુરનું વડપાસર તળાવ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા હતા જેના કારણે તમામ વિસ્તારોને ખાલી કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તંત્ર તરફથી બંને તાલુકામાં હાલ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બનાસ નદીમાં પાણીની આવકમાં સતત વધારો થવાના કારણે પૂર જેવી સ્થિતિ થવાની સંભાવનાને પગલે લોકોને સલામત સ્થળ પર રહેવા અપીલ કરવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારમાં રહેલા લોકોને ખાસ સૂચન આપવામાં આવ્યું છે કે, પોતાના ઘર છોડી અન્ય સલામત સ્થળ પર જતું રહેવું. તંત્ર દ્વારા દ્ગડ્ઢઇહ્લની ટીમો સ્ટેન્ડ બાય પર રાખવામાં આવી છે.

# રાધનપુર તાલુકાના ગોતરકામાં સ્વામીજી મહારાજની સેવા




રાધનપુર તાલુકાના ગોતરકામાં ઐતિહાસિક સ્વામીજીની જગ્યાના ગાદીપતિ સ્વામીજી મહારાજે પુરગ્રસ્તોની સાચા દિલથી સેવા કરી પુરી અને શાક બનાવીને પેકેટ બનાવી જાતે જ કેડસમા પાણીમાં જઈને પહોંચાડ્યા. જરૂર પડી તો જાતે જ પુરીઓ વણવા પણ બેસી ગયા.

# પાટણમાં આનંદ સરોવર ફરી છલકાયું : નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા

પાટણ

પાટણ જિલ્લામાં ગુરૂવારે બે થી પાંચ ઈંચ વરસાદ ખાબકતાં શહેરમાં નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા હતા.રેલ્વેના પ્રથમ નાળા નજીક આવેલ બી.એમ.હાઈસ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને શિક્ષકોને બોટ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.હારીજ-સમી અને સાંતલપુર તાલુકામાં ઠેર ઠેર પાણી ભરાયા હતા.પાટણના નીચાણવાળા વિસ્તારો સોનીવાડા, ત્રણ દરવાજા, હિંગળાચાચર, જુનાગંજ, તથા બુકડી વિસ્તારમાં વરસાદી પાણીના વહેણ ઘુસી ગયા હતા.આનંદ સરોવર ફરી છલકાયું હતું.તેની આસપાસની સોસાયટીઓમાં પાણી ભરાતા રહીશો ઘરની બહાર નીકળી શક્યા ન હતા.તમામ સોસાયટીઓમાં ઘુંટણ સુધી પાણી હોવાથી વાહન વ્યવહાર તદ્દન બંધ કરવામાં આવ્યો હતો.

ગુરૂવારે બપોરે ૪:૩૦ વાગ્યા પછી પુનઃ વરસાદ પડતાં જનજીવન પર ગંભીર અસર પડી હતી.જિલ્લામાં એસટીની ૧૫૦ ટ્રીપો રદ કરવામાં આવી હતી.જેમાં હારીજ, રાધનપુર, પાટણ, સાંતલપુર સહીત વિસ્તારોમાં બસ વ્યવહાર બંધ છે.હારીજમાં કેટલીક સોસાયટીના રહીશોનું સ્થાળાંતર કરવામાં આવ્યું હતું.

# વડનગરમાં એક જ રાતમાં ૩ ઈંચ વરસાદ, પાણી ઘૂસી જતાં ૨૦૦નું સ્થળાંતર

વડનગર

વડનગર તાલુકમાં એક જ રાતમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતો.જેમાં શાહપુર ગામમાં બુધવારે પાણી ઘૂસી વહીવટી તંત્ર તાબડતોબ ગામમાં પહોંચી ગયું હતું.જ્યાં ૨૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ધરોઈ ડેમમાંથી પાણી છોડાતાં ગ્રામ્ય વિસ્તારના તળાવો ઊભરાઈ ગયા છે. તાલુકાના ૧૩ તળાવો ઓવરફ્લો થવાની શક્યતા છે.

તાલુકામાં ૩ ઈંચ વરસાદ પડતાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ઉપરવાસમાંથી પાણી છોડાતાં ઊંઢાઈ નું તળાવ ભરાઈ જતાં શાહપુર ગામમાં વરસાદી પાણી ઘૂસી જતાં વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છે. પરિસ્થિતિનો તાગ મેળવવા સ્થાનિક ધારાસભ્ય ભરતસિંહ ડાભી, પ્રાંત અધિકારી, મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી સહિત,નાયબ ટીડીઓ સહિત અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

વડનગરના ૧૦, ઉણાદ,ડાબુ,શાહપુર સહિતના ૧૩ જેટલા તળાવમાં પાણીનો આવરો વધતાં ઓવરફ્લો થવાની શક્યતા સેવાઈ રહી છે.ડાબુ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦ જેટલા પશુના મોત થયા હતા.

# વિજાપુર પાસે કેનાલ તૂટી : ૧૨ પરિવારોને બચાવાયા

વિજાપુર

વિજાપુરના મહેશ્વર રોડથી ગોવિંદપુરા તરફ જતી ખેતી સિંચાઈની કેનાલમાં સતત વરસાદના કારણે ગાબડુ પડ્યું હતું. જેને લઈ કેનાલનુ હજારો લીટર પાણી ઈન્દીરાનગરમાં ફરી વળ્યુ હતુ. જેને લઈ ઈન્દીરાનગરમાં ફરસાયેલા ૧૨થી વધુ પરિવારોનું તંત્ર દ્વારા રેસક્યુ કરાયુ હતું. બીજી બાજુ કેનાલનું પાણી ખેતરોમાં ફરી વળતાં પાકને પણ નુકશાન પહોંચ્યુ હતું.

તાલુકાના ગોવિંદપુરા નજીક પસાર થતી કેનાલમાં ગાબડુ પડતાં હજારો લીટર પાણી નજીકના ઈન્દીરાનગરમાં પહોંચી ગયુ હતુ. જેમાં ૧૨ થી વધુ પરિવારો ફસાયા હતા. ઘટનાની જાણ તંત્રને થતાં વિજાપુર મામલતદાર, પાલિકાના ચીફ ઓફિસર અને તાલુકા વિકાસ અધિકારી દોડી આવી ફસાયેલા પરિવારોનું રેસક્યુ કરી તેમને હેમખેમ સલામાત સ્થળે ખસેડાયા હતા.

આ અંગે અહીના રહીશ દિલીપસિંહ ઠાકોરે જણાવ્યુ હતુ કે ત્રણ દિવસ થી સતત વરસાદના કારણે ગોવિંદપુરા તરફ જતી કેનાલ તુટી બધુ પાણી ઈન્દીરાનગરમાં અને ખેતરમાં ફરી વળ્યુ હતુ. જેના કારણે આખી રાત જાગીને પસાર કરી હતી પાણી ભરાતા વીજળી પણ બંધ રહેતા આખી રાત અંધાર પટમાં લોકોએ પસાર કરી હતી. બીજી બાજુ ખેતરો પાણી ઘૂસી જતા લાખોના પાકને નુકશાન થયુ હતુ

બનાસકાંઠામાં પૂરનાં પાણી હવે ઓસરી રહ્યાં છે

# પૂરગ્રસ્તોને મદદ કરવા વહીવટીતંત્ર અને વિવિધ ટીમો દ્વારા હાથ ધરાયેલ વિરાટ પ્રયાસો

આર્મી, એન.ડી.આર.એફ. અને વિવિધ ટીમોની મદદથી હજારો લોકોને બચાવાયા







પાલનપુર

ભારે વરસાદ પછી હવે બનાસકાંઠા જીલ્લામાં પૂરનાં પાણી ઓસરી રહ્યાં છે. વરસાદે ખમૈયા કરતાં જીલ્લા વહીવટીતંત્ર અને બનાસવાસીઓને રાહત થઈ છે. પૂરથી અસરગ્રસ્ત બનેલા બનાસકાંઠા જિલ્લામાં લોકોને બચાવવા જિલ્લા વહીવટીતંત્ર, આર્મી, બી.એસ.એફ., એન.ડી.આર.એફ. સહિત વિવિધ ટીમો થાક કે ભૂખ-તરસની પરવા કર્યા વિના રાત દિવસ કરીને કામ કરી રહી છે. કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર વહીવટીતંત્ર ધ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. લોકોને સહાય માટે વિવિધ વિભાગોની સંખ્યાબંધ

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠામાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં

## ધાનેરા અને કાંકરેજમાં વરસાદના વિરામથી હાશકારો



### ભાભરમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ નોંધાયો

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં વરસાદના વિરામ વચ્ચે છુટાછવાયા વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે. તેથી ભાભરમાં સૌથી વધુ બે ઈંચ જયારે દાંતા, દાંતીવાડા, દિયોદર, પાલનપુર અને સુઈગામમાં એક- એક ઈંચ વરસાદ થયો છે.

જેના કારણે માંડ ઓસરેલા વરસાદી પાણી ફરી ભરાઈ જતા રહીશોની હાલત કફોડી બનવા પામી છે જો કે ધાનેરા અને કાંકરેજમાં સતત સાતમા દિવસે મેઘરાજાએ વિરામ લેતા આમ પ્રજા સાથે જિલ્લા વાસીઓએ હાશકારો અનુભવ્યો છે. જેના કારણે પુરગ્રસ્ત બંને તાલુકામાં રાહત- બચાવ કામગીરીને વેગ મળતા જનજીવન રાબેતા મુજબ ધમધમતુ થવા લાગ્યું છે.

સરકારી કહેર બાદ વરસાદી કહેર

## પાલનપુર માર્કેટયાર્ડમાં રૂા.૩.૭૧ કરોડનું નુકશાન


(સંજય જોષી)

### માર્કેટયાર્ડની પ્રોટેક્શન દિવાલ તુટતા રૂા.૨૦ લાખનું નુકસાન

પાલનપુર

કેન્દ્રની મોદી સરકારે જી.એસ.ટી. લાદતા સરકારી કહેર વચ્ચે ૧૦ દિવસ બંધ રહી કરોડોનું નુકસાન સહન કરનાર પાલનપુર માર્કેટયાર્ડ પર હવે વરસાદી કહેરને પગલે માર્કેટયાર્ડમાં રહેલા માલ-સમાન બગડતા પાલનપુર માર્કેટયાર્ડમાં રૂા.૩.૭૧ કરોડનું નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

અગાઈ જી.એસ.ટી.ના વિરોધમાં અચોક્કસ મુદતની

અનુસંધાન પાના નં.૬

# પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૨૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયુ : શંકરભાઈ ચૌધરી

પૂરગ્રસ્ત વિસ્તારમાં કામમાં જોતરાયેલ એનડીઆરએફ, લશ્કર અને ભાજપ કાર્યકરોને આરોગ્યમંત્રીએ બિરદાવ્યા




ડીસા

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિ વરસાદના કારણે પૂર કાર્ય માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોનું તંત્ર સાબદું કરવા આરોગ્યમંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને એક અગત્યની બેઠક મળી હતી.

આ બેઠકમાં શંકરભાઈ ચૌધરીએ આપેલ માહિતી પ્રમાણે ધાનેરામાં રેલ, બનાસ અને સીપુ નદી દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારે પૂર આવનાર છે. તેવી માહિતી પ્રાપ્ત થતાંની સાથે તમામ સાધનો જેવા કે, સાયરન, માઈક, પોલીસ અને સરકારી તંત્ર દ્વારા પ્રજાને ચેતવણી આપી પ્રથમ તબક્કે ૧૦,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરાવેલ. ધાનેરા શહેરને જગાડ્યું અને મોરબી જેવી મોટી માનવ હોનારતને અટકાવી શકાઈ છે.

ત્યારબાદ થરાદ અને વાવ રેલ નદી અને લૂણી નદીના પાણી આવે તે પહેલા લોકોને જગાડવામાં આવ્યા હતા. બનાસનદીના કિનારે આવેલ તમામ ગામોને જાગૃત કરી ઉંચાણવાળા સ્થળોએ ખસેડ્યા. એટલામાં સિપુ ડેમ ઓવરફ્લો થઈ ગયો અને રાજસ્થાનમાં માઉન્ટ આબુ વિસ્તારમાં અતિભારે વરસાદ થતાં બનાસ ડેમ પણ ભરાઈ ગયો હતો. નદીમાં પાણી છોડાય તે પહેલાં કાંકરેજ, રાધનપુર, સાંતલપુર વિસ્તારમાંથી ૭૦૦૦ લોકો ખસેડવામાં આવ્યા હતા. નદીમાં પાણી છોડાતા ભડથ પાસે ટાપુ ઉપરથી ૧૫૦ લોકોને સીપુના

અનુસંધાન પાના નં.૬

શાળા કોલેજનું રેકર્ડ નાશ પામ્યુ તો વર્ગખંડોમાં પંદર ફુટથી વધુ પાણી ઘુસ્યા

# ઉણ હાઈસ્કૂલ કોલેજમાં બનાસ નદીના ઘોડાપુરે ભારે તારાજી સર્જી

પુરના પાણી ઓસરતાં કાદવના રગડા બે થી પાંચ ફુટ : સ્કૂલ બસ પાણીના વહેણમાં તણાઈ

યશપાલસિંહ ટી. વાઘેલા



**વરસાદના આંકડા(મી.મી.)**

| તાલુકાનું નામ | ગઈકાલનો વરસાદ | મોસમનો વરસાદ |
|---|---|---|
| અમીરગઢ | ૦૮ | ૧૨૨૬ |
| ભાભર | ૫૪ | ૭૮૮ |
| દાંતા | ૪૩ | ૧૦૧૬ |
| દાંતીવાડા | ૪૧ | ૧૪૪૨ |
| ધાનેરા | ૦ | ૯૭૭ |
| દીયોદર | ૩૦ | ૧૦૮૬ |
| ડીસા | ૦૮ | ૧૦૩૦ |
| કાંકરેજ | ૧૪ | ૬૪૦ |
| પાલનપુર | ૨૩ | ૧૨૬૦ |
| થરાદ | ૧૨ | ૬૮૭ |
| વાવ | ૧૦ | ૪૯૫ |
| વડગામ | ૧૯ | ૧૧૬૦ |
| લાખણી | ૧૧ | ૯૫૧ |
| સુઈગામ | ૩૨ | ૫૪૨ |

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં બનાસ નદી નર્મદાની નહેરના મિશ્ર ભયાનક ઘોડાપુરે ભારે તારાજી સર્જી છે. જેમાં માનવ પશુ જાનહાની મોટી થઈ છે. જેનો તાગ મેળવવો મુશ્કેલ છે. છતાં પુરના પાણી ઓસરતાં જ ભયાનકતા બહાર આવી રહી છે.

કાંકરેજ તાલુકાના ઉણ ગામે સમગ્ર પશ્ચિમ વિસ્તારમાં શિક્ષણની જયોત જલાવવામાં અથાગ પ્રયત્ન કરતી ઉણ આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજ ધો.૧ થી ૧૨ ની હાઈસ્કુલમાં ઘોડાપુરના પાણી ૧૫ ફુટથી વધુ ઘુસતાં શાળા કોલેજના રેકર્ડ કોમ્પ્યુટરો સહીતનાં સાયન્સ લેબોરેટરીના સાધનો, ફર્નીચરને ભારે નુકશાન થવા પામ્યું છે.આ શાળા કોલેજના વિદ્યાર્થીઓને

અનુસંધાન પાના નં.૬

છેલ્લા સાત દિવસથી

## વાવના માડકા ગામે ત્રણ ફૂટ સુધી પાણીનો પ્રવાહ જારી


વિષ્ણુ પરમાર

### ગામના ૨૫૦ (દલિત) પરિવારોનું સ્થળાંતર

તાલુકા પ્રતિનિધિ વાવ

જુલાઈ ૨૦૧૫ માં વિનાશક પૂર આવ્યા બાદ ફરી તા.૨૨/૭/૧૭ ને શનિવારના રોજ અતિવૃષ્ટિના લીધે રાજસ્થાનમાં વધુ વરસાદ અને નદીઓના રેલના ભાગરૂપે પાણીનો પ્રવાહ રાજસ્થાનથી નાગલા, મોરીખા થઈને માડકા સુધી પહોંચતા છેલ્લા સાત દિવસથી માડકા ગામને પાણીના પ્રવાહે ધમરોળી નાંખ્યું છે. વાવ પ્રતિનિધિએ માડકા ગામની રૂબરૂ

અનુસંધાન પાના નં.૬

(વિકેશ શાહ)



સીપુડેમમાં પાણીની આવક ઘટતાં દરવાજા બંધ કરાયા. ડેમની સપાટી ૬૦૬ ફુટ. પાણીની આવક ૩૯૦૦ ક્યુસેક. દાંતીવાડા ડેમ ૩ દરવાજા ૧ ફુટ ખોલી ૧૪૦૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે સામે પાણીની આવક ૧૪૦૦૦ ક્યુસેક ચાલુ છે. ઉપરવાસમાં વરસાદે વિરામ લેતાં રાહત.

## ઉત્તર ગુજરાતના પૂરપીડિતોને મદદ કરવા સુરત તત્પર

**૧૩ ટ્રકો ભરીને રાહત સામગ્રી રવાના કરાઈ : સેવાભાવી સંસ્થાઓ દ્વારા ૧૮ રસોડા શરૂ કરી દેવામાં આવ્યા : ફુડ પેકેટ્સ ઉપરાંત કાચી સામગ્રી પણ અસરગ્રસ્તોને પહોંચાડાશે**



સુરત

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પુરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોની મદદે ફરી સુરતીઓ આવ્યા છે. આજે સુરતમાંથી રાહત સામગ્રી ભરેલી ૧૩ ટ્રકો રવાના થઈ હતી. શહેર તથા જિલ્લામાં અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે ૧૮ મોટા રસોડા કાર્યરત થયા છે. જેમાં બે હજારથી વધુ લોકો સેવા આપી રહ્યા છે. હજુ પણ મદદ મોકલવાની બાંહેધરી સુરતના સેવાભાવી લોકો દ્વારા

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં ગદકીના ઢગ : વધુ મશીનરી અને મજુરોની જરૂરીયાત

વિવિધ ટીમો દ્વારા સફાઈ અભિયાન પુરજોશમાં : બોર અને ટેન્કરો મારફત પીવાના પાણીનું વિતરણ





એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં વરસાદે બે દિવસ વિરામ લેતા સ્વચ્છતા અભિયાન વેગવંતુ બની ગયું છે પરંતુ ઘર - દુકાનો અને જાહેર માર્ગો ઉપર ગંદકીના કારણે આખુ નગર નર્કાગર બની ગયું છે જેથી વધુ મજુર અને મશીનરીની જરૂરીયાત વર્તાય છે.

ભારે વરસાદ અને રાજસ્થાનના પુરના કારણે નગરમાં તબાહી મચી છે ત્યારે રાહત બચાવ અને સેવાકીય કેમ્પોની સક્રીયતાથી જનજીવન ધીમેધીમે થાળે પડવા લાગ્યું છે પરંતુ આખું નગર બેટમાં ફેરવાતા ઘરો - દુકાનો અને જાહેર માર્ગો ઉપર ગંદકીના થર જામી ગયા છે જેના કારણે રોગચાળાની નવી આફતનો ખતરો મંડાયો છે પરંતુ તંત્ર ખડેપગે થયું છે. પીવાના પાણી અને ગંદકી હટાવવા માટે ૨૦ ટેન્કર સાથે ૧૩ જે.સી.બી., ૧૩ ટ્રેક્ટર, ૪ લોડર, ૩ આઈ.બી., ૨ હેવી ડીવોટર અને ૨૫૦ સફાઈ કામદારો કામે લાગ્યા છે. જેમના દ્વારા સફાઈ સાથે દવા છંટકાવ અને મરેલા પશુઓના મોતનો પણ નિકાલ કરાઈ રહ્યો છે પરંતુ આખા શહેરમાં નર્કાગારની

### વધુ બે મૃતદેહ મળ્યાં

અમારા ધાનેરા પ્રતિનિધિના જણાવ્યા ગત તા.૨૬/૭/૨૦૧૭ ના રોજ વરસતા વરસાદમાં હડકાયા આખલાએ પટેલ મફાભાઈ જીવાભાઈને અડફેટે લેતા ગંભીર હદે ઘાયલ થયા હતા. જેમનું ગઈકાલે મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. જેમની લાશનું ધાનેરામાં પી.એમ. કરાયું હતું. જ્યારે નગરના બેલીમ વાસમાંથી વરસાદી પાણીમાંથી એક બિનવારસી લાશ મળી હતી. જેથી મૃત્યુઆંક ૨૧ થયો છે.

### કેશ ડોલ્સનું ચુકવણું

ધાનેરા તાલુકાના ગામડાઓમાં મોટાપાયે ખેતરોનું ધોવાણ થયું છે તેથી ૧૫૦ ગ્રામ સેવકોની ટીમ, તલાટીઓ, શિક્ષકો અને સરપંચો જરૂરી પુરાવાના આધારે કેશ ડોલ્સનું વિતરણ કરાઈ રહ્યું છે.

### સરકારી રેકર્ડ ધોવાયું

ધાનેરામાં બેંકો, પોસ્ટ ઓફિસ, ટ્રેઝરી ઓફિસ, મામલતદાર પ્રાંત ઓફીસ અને પોલીસ મથકમાં વરસાદી પાણી ભરાતા મોટા ભાગનું રેકર્ડ ધોવાઈ ગયું છે.

### ઘર ક્ષતિગ્રસ્ત : પરિવારની હાલત કફોડી

ધાનેરાની સૂર્યનગરીમાં રહેતી ભગાજી ગલાજી કાપડીની બે પ્રસુતા દિકરીઓને ઘરે લવાઈ છે. પરંતુ ઘરમાં વરસાદી પાણી ભરાઈ જતા નુકશાન ગ્રસ્ત થઈ ગયું છે. તેથી પરિવારની હાલત દયનીય બની ગઈ છે.